# સંઘર્ષ સમાનતાનો




અ વા જ

અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ



# સંઘર્ષ સમાનતાનો

ડૉ. કલ્પના શાહ

પ્રકાશક

અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ

**Sangharsh Samantano**
By : Dr. Kalpana Shah

પ્રકાશક :
અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ

સંપાદક :
અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ

આવૃત્તિ : મે - ૨૦૧૬

નકલ : ૫૦
મર્યાદિત વિતરણ માટે

મુદ્રક : અજય માધવાણી

પ્રાપ્તિસ્થાન :
અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ
અવાજકુંજ ભુદરપુરા, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન નં. : ૦૭૯ ૨૬૪૪૨૪૬૬, ૨૬૪૪૧૨૧૪

# નિવેદન

૨૦૦૯ માં ઈલાબહેનને વિચાર આવ્યો કે સંસ્થાના ૨૫ વર્ષ ૧૯૮૧-૮૨ થી ૨૦૦૭-૦૮ સુધીનું વિહંગાવલોકન કરવું છે. મહત્વકાંક્ષા, અજંપો અને સતત સંસ્થાનો વિકાસ કરવાની અંદરની પ્રબળ ઈચ્છા સાથે આ કામ શરૂ કરાયું.

નલિનીબહેન ત્રિવેદી સંસ્થા સાથે લાંબાગાળાથી સંકળાયેલા. આ અંગે ઈલાબહેને મારી મુલાકાત એમની સાથે કરાવી. ઘણી રસપ્રદ અને ઝીણવટભરી માહિતી નલિનીબહેને પૂરી પાડી. પરંતુ એક સમાજશાસ્ત્રી અને સંશોધક તરીકે ફક્ત કામગીરીનો અહેવાલ લખવાનું મને યોગ્ય ન લાગ્યું. ઈલાબહેન સાથે સંવાદ કરતા ખ્યાલ આવ્યો કે કાગળ પર ન ઉતારાયું હોય એવું ઘણું શરૂઆતના સંઘર્ષના સમયનું એમના મગજમાં પડ્યું છે જે સતત વલોવાયા કરે છે.

અ.... ને શરૂ થયો એમની સાથે વાતચીત - સંવાદનો સીલસીલો. ઘણું બહાર આવ્યું. શરૂની નિષ્ફળતાઓ એ એમને લાંબાગાળાનું આયોજન, નીતિ અને કાર્યક્રમો ઘડતાં શીખવાડ્યું. નાની નાની ઘટનાઓ યાદ આવી. બધુંજ લખાણ એમણે શોધી શોધી મને આપ્યું. કેટલુંક છાપેલું, કેટલુંક હાથે લખેલું, કેટલુંક જરજરીત અવસ્થામાં બધું જ.

અમે બન્ને આ પ્રોજેક્ટમાં ઓતપ્રોત થયેલા. બે-ત્રણ પછી છેલ્લે ફાઈનલ ડ્રાફ્ટ તૈયાર કરાયો. કમનસીબે શરૂમાં એમની વ્યસ્તતાને કારણે અને પછી એમની તબીયતને કારણે પ્રેસમાં છેલ્લો આકાર આપવાનું રહી ગયું અને ક્યાંક દબાઈ ગયું.

આ દરમ્યાન દેશમાં તેમજ રાજ્યમાં ૨૦૧૬ સુધીમાં અનેક સ્વાયત્ત સ્ત્રી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. માત્ર શિક્ષણ કે આરોગ્ય નહીં પરંતુ આ સવાલોમાં સ્ત્રી દ્રષ્ટીકોણ આવરી લઈ અને તમામ વર્ગોની સ્ત્રીઓને આ બન્ને પાયાની વસ્તુ મળી રહે તે માટે પ્રયત્નો શરૂ થયા. અવાજ માટે આરોગ્ય અને શિક્ષણ પ્રવેશદ્વાર

બની રહ્યું. સ્ત્રી - વિ.- હિંસા - ખાસ કરીને ઘરેલું હિંસાને સપાટી પર લાવી સમાજ જાગૃતિનું કામ શરૂ કર્યું. કુટુંબ નહીં સ્ત્રી બચાવો તેમનો મુખ્ય નારો અને સુત્ર બની રહ્યા. ઘરેલું હિંસાનો ભોગ બનનાર સ્ત્રીને અવાજ આપ્યો. પુરૂષ પ્રધાન સમાજે ઘડેલા નિયમો અને સ્ત્રીની ગૌણ ભૂમિકાવાળા સામાજીક માળખાને જોતા અને પડકારતાં શિખવ્યું. સ્ત્રીને વિચારતી, નિર્ણય લેતી કરી. સાસરીયાંને કોર્ટમાં લઇ જવા એ સામાજિક અસ્વિકૃત અને અઘરૂં કામ છે, જે સંસ્થા કરતી આવી છે અને કરે છે.

અવાજે સ્ત્રી અત્યાચારને દૂર કરવા તેના સ્ત્રોત પર જ સીધો હુમલો શરૂ કર્યો. ભ્રુણહત્યા, દારૂબંધીની હિમાયત, સાટા લગ્નનો વિરોધ, ભરણપોષણનો હક્ક કે ત્રણ વાર તલ્લાક બોલી સ્ત્રીને છૂટી કરવાના નિયમનો વિરોધ સંસ્થાના એજન્ડા પર મુખ્ય બાબતો બની રહી.

અવાજ સંસ્થાએ આ કામને પુસ્તકનું સ્વરૂપ આપવાનું નક્કી કર્યું છે. મારા મતે ઈલાબહેનને આ સાચી શ્રધ્ધાંજલી હશે.

આ તબક્કે સંસ્થાના કેટલાક કાર્યકરોને જેમના વગર ઈલાબહેન અને એમનું કામ આટલું વિકસ્યું કે ખીલ્યું ન હોત તેમને યાદ કરી લઉ. ખાસ તો મારા સંશોધન વખતે અતિ ઉપયોગી માહિતી પૂરી પાડવા બદલ.

બાપુનગર અવાજની ભુદરપૂરાની ઓફિસ પછીની મુખ્ય ઓફિસ છે. ત્યાં તરછોડાયેલી-બચાવાયેલી સ્ત્રીઓ માટે આશ્રયસ્થાન અને કમાણી માટે ગૃહઉદ્યોગ સારા બાલદીવાલાએ શરૂ કર્યું હતું. જેને હમિદાએ ધીમે ધીમે વિકસાવ્યું. સારા અવાજના શરૂના અને લાંબાગાળાના કાર્યકર છે. હાલ અવાજનું સુકાન એમણે સફળતાપૂર્વક સંભાળી લીધું છે. માલિનીબહેન શાહને કેમ ભુલાય ! તેઓ પણ શરૂથી જ વ્હીલચેરમાં બેઠા બેઠા કોમ્પ્યુટરનું તમામ કામ સંભાળતા આવ્યા છે. ૧૨-૧૫ વર્ષથી કામ કરતા નાઝમા પઠાણ વળી અવાજના કાર્યો એટલે ઝગડાના - કોર્ટ - કાયદાની જરૂર પડે આવતી બહેનોના કાનુની

સલાહકાર અને બીજા અનેક નાના-મોટા કાર્યકરોએ મારા કામમાં - મારી સમજમાં ખૂબ મદદ કરી છે. શરૂના પડકારોને, તેને ઝીલતાં મળેલી સફળતા કે કવચિત નિરાશા છતાં અવાજની અવિરત આગેકૂચની વાતો જાણી શકાઈ છે. આ બધાની હું ખૂબ ખૂબ આભારી છું.

છેલ્લે આ કામ માટે હું સ્વ. ઈલાબહેન તેમજ અવાજ સંસ્થાની આભારી છું. અહેવાલને શોધી પુસ્તકનું સ્વરૂપ આપવા બદલ હું અવાજના મંત્રી સારા બાલદીવાલાનો તેમજ નલિનીબહેનનો ખાસ આભાર માનું છું.

**ડૉ. કલ્પના શાહ**

# હું ઋણ સ્વીકાર કરું છું.....

- સ્થાપક મંત્રી ડૉ.ઈલાબહેન પાઠકનો કે જેઓએ કેટલાક લેખન કાર્યો શરૂ કરેલા પરંતુ પૂર્ણતાનો યશ વર્તમાન મંત્રીને અર્થાત્ મને આપ્યો છે.
- અવાજના ઈતિહાસ લેખન માટે વિના વિલંબે કાર્યારંભ કરી દેનારા આ આ પુસ્તકના લેખક ડૉ. કલ્પનાબહેન શાહનો. જેઓએ કેટલાક વર્ષો સુધી ન છપાવવા માટે કે છેલ્લા મહિનામાં છાપવાની ઉતાવળ અંગે પૃચ્છા કર્યા વગર નિવેદન લખી આપ્યું.
- અવાજના સર્વ સહયોગી સાથીઓનો જેઓએ પ્રત્યેક તબક્કે વિના સવાલ સાથ-સહકાર આપ્યો છે.
- અજયભાઈનો જેઓએ ખુબ સમયસર છાપકામ કરી આપ્યું.
- સહયોગ આપનારા સૌ મિત્રો અને શુભેચ્છકોનું સ્મરણ કરૂં છું.

અસ્તુ

**સારા બાલદીવાલા**

# અનુક્રમ


| ક્રમ | | નંબર |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | ૧ |
| ૨. | સંસ્થાનો હેતુ અને માળખું | ૧૩ |
| ૩. | સ્ત્રી વિરુધ્ધ હિંસા અને જાગૃતિકરણ | ૩૨ |
| ૪. | પોલીસ તંત્ર સાથે | ૬૩ |
| ૫. | હિંસાના વ્યાપક સ્વરૂપ સામે સંઘર્ષ | ૮૭ |
| ૬. | તારણ | ૧૧૫ |

# પ્રસ્તાવના

વિશ્વની લગભગ અડધી વસતી સ્ત્રીઓની છે. પરંતુ બધા જ દેશોમાં ધનિક વિકસીત હોય કે અવિકસીત, પૂર્વના કે પશ્ચિમના, અમેરિકા, ઈંગ્લેન્ડ, ચીન, જાપાન, આફ્રિકા કે ભારત હોય તેમનો સામાજિક-આર્થિક-રાજકીય દરજ્જો નીચો છે. જો કે, તેમના નીચા દરજ્જાની માત્રા અને સ્વરુપમાં તફાવત છે. જુદા જુદા પ્રદેશોમાં તમામ સ્ત્રીઓ વચ્ચે એક સમાનતા પ્રવર્તે છે તે છે તેમના ગૌણ દરજ્જાની. સામાજિક ગૌણ દરજ્જો અને અન્યાય-અસમાનતા એક બીજા સાથે સંકળાયેલા છે.ગૌણ દરજ્જાના કારણે તેમને અસમાનતા, અન્યાય, અત્યાચાર અને શોષણનો સામનો કરવો પડે છે. અથવા એવું પણ કહી શકાય કે ગૌણ દરજ્જો શોષણ અને અસમાનતાને કારણે છે.

પરંતુ સ્ત્રીઓએ અન્યાય હંમેશા ચૂપચાપ - નસીબને દોષ દઈને સહન કર્યો નથી. હંમેશા જુદી જુદી રીતે પ્રતિકાર કર્યો છે. અલબત્ત, પ્રતિકારની રીત અને માત્રામાં ફરક રહે. પ્રતિકાર વ્યક્તિગત ધોરણે શરુ થાય. સમય જતાં, શક્યતાઓ વધતાં કોઈ ચોક્કસ અને એકલ-દોકલ મુદ્દા આધારિત શરુઆતના પ્રતિકારો સમજ, શિક્ષણ, માહિતી અને સ્પષ્ટતા વિકસતાં, આંદોલનનું રુપ ધારણ કરતા હોય છે. પ્રતિકારાત્મક આંદોલનના વિકાસ સાથે તેમાંથી નવા નવા સવાલો ઉઠાવાયા. પડકારો સતત વધતાં ચાલ્યા અને તેનો વ્યાપ વધતા તે અંગેના કારણો-નિરાકરણો, તે અંગેની સ્પષ્ટતા અને સાથે રણનીતિની જરૂરિયાત ઊભી થતી ગઈ. સવાલોની જટિલતાનો અહેસાસ થતો ગયો.

વેતન, કામના કલાક કે મતાધિકાર જેવા મુદ્દાઓથી શરુ થયેલ સંઘર્ષ એક ચોક્કસ અને સ્પષ્ટ વિચારસરણીના માળખામાં ગોઠવાતો ગયો છે. કારણ કે આ સવાલો રાજકીય અને આર્થિક માળખા સાથે સંકળાયેલા છે અને તે સૌ સ્ત્રીઓના મોટા ભાગને સ્પર્શે છે. વિશ્વભરમાં આ નારીવાદી સંઘર્ષ તરીકે ઓળખાયો.

મતાધિકારનો રાજકીય હક અને આજીવિકાની આર્થિક ક્ષેત્રની સ્વતંત્રતા સ્ત્રી સમાનતા લાવવામાં ટૂંકા પડતા લાગ્યા. અત્યાર સુધી વણસ્પર્શ્યા સામાજિક સાંસ્કૃતિક પાસાંઓની છણાવટની જરૂરિયાત વર્તાઇ. સામાજિક-સાંસ્કૃતિક બાબતો ભાવનાત્મક અને સંવેદનશીલ હોય છે. તેને પડકાર ફેંકવો અઘરો હોય છે. એમાંની ઘણી બાબતો કુદરતી, ઇશ્વરની દેન અને પવિત્ર મનાતી આવેલી છે. પ્રથમવાર સ્ત્રીઓ દ્વારા વૈજ્ઞાનિક સંશોધનો અને અનુભવજન્ય માહિતીના આધારે આર્થિક-રાજકીય બાબતો સાથે સામાજિક અને સાંસ્કૃતિક તમામ બાબતોને ઝીણવટથી તપાસવામાં આવ્યાં. તમામ બાબતોમાં સ્ત્રીઓની બાદબાકી જણાઇ.

સ્ત્રીઓને પોતાના સવાલોની જટિલતાનો અહેસાસ થયો. તેમને થતાં અન્યાય, અત્યાચાર, શોષણ તથા આર્થિક-રાજકીય ગૌણ દરજ્જાના મૂળમાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો, માન્યતાઓ, પરંપરાઓ, ધારા-ધોરણો રહેલા છે. સમાજનું માળખું પુરુષ પ્રધાન છે, જે સ્ત્રીઓની બદસ્થિતિ માટે જવાબદાર છે.

સ્ત્રીઓની જૈવિક ભૂમિકા (Biological role) અને સામાજિક ભૂમિકા (gender role) વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવામાં આવ્યો. જૈવિક (sex) તફાવત જ કુદરતી છે જ્યારે જેન્ડર સામાજિક રચના છે. જેન્ડર/સામાજિક લિંગનો તફાવત ભૂમિકા, જવાબદારી, ક્ષમતા વગેરે સામાજિકરણની પ્રક્રિયા દ્વારા ઊભો કરવામાં આવ્યો છે. સામાજિક ભેદભાવ સ્થળ, સમય, દેશ, સંસ્કૃતિ, ધર્મ વગેરે પ્રમાણે અલગ અલગ હોય છે. તેને બદલી શકાય છે. તે સતત બદલાતી પ્રક્રિયા છે.

પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થા (Patriarchy) એટલે પુરુષોના આધિપત્યવાળી વ્યવસ્થા. આ વ્યવસ્થામાં સ્ત્રીની શ્રમશક્તિ અને જાતિયતા પર કુટુંબ, સમાજ અને રાજ્યનો અંકુશ હોય. પિતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રી દમનના મૂળ રહેલા છે. આર્થિક, રાજકીય અને સામાજિક તમામ સંસ્થાઓ પિતૃસત્તાક વ્યવસ્થાના

નિયમો વડે ચાલે છે.

સમગ્ર વ્યવસ્થા અતિ જટીલ છે એનું કારણ એ છે કે વ્યવસ્થાનું સફળતાથી સંચાલન કરવાની ભૂમિકામાં પુરુષ સાથે સ્ત્રી પાત્રો પણ હોય છે. વળી, પુરુષનું વર્ચસ્વ જ હોય છે તેવું નથી. પણ પુરુષ પાસે તેની હેગીમોની (Hegemony) હોય છે. જેથી વ્યવસ્થાના મૂલ્યો વ્યાપક સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં પ્રસરેલા હોય છે. સ્ત્રીઓ ગળથૂથીમાંથી એનો સાક્ષાત્કાર કરે છે. આ ઉપરાંત પુરુષપ્રધાન મૂલ્યો અને સત્તાની પકડ તમામ સ્ત્રીઓને સમાન રીતે લાગુ પડતી નથી. તેની માત્રા, પ્રકાર, સ્વરુપ, લક્ષણ, ગુણ વગેરે દરેક સ્ત્રી સાથે અલગ અલગ હોય છે. ભારત જેવા દેશમાં જ્ઞાતિ વર્ગ, ધર્મ, પ્રદેશ, સંસ્કૃતિ જેવા પરિબળો દ્વારા તે સક્રિય રીતે કાર્યરત હોય છે, આ પરિસ્થિતિમાં એવું કહી શકાય કે સાંપ્રત નારીવાદી આદોલનમાં સંકળાયેલા જૂથો ભલે ગમે તે મુદ્દે લડતા હોય તો પણ પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થાને એક યા બીજી રીતે પડકારતા આવ્યા છે.

આધુનિક સંદર્ભમાં વિશિષ્ટ રીતે સ્ત્રીઓના શિક્ષણ અને કૌટુંબિક અસમાન દરજ્જાની બાબતમાં આપણે ત્યાં - ખાસ કરીને ઉપલા અગ્રવર્ગમાં (elite) સ્ત્રી તરફી નિસ્બત ૧૯મી સદીના અંત ભાગથી જોવા મળે છે. ૨૦મી સદીની શરુઆતમાં સ્ત્રી મંડળો અને સ્ત્રી ક્લબો સ્થપાયા જેનો હેતુ સ્ત્રી ઉધ્ધાર અને સ્ત્રી કલ્યાણ રહ્યો. ધીરે ધીરે કલ્યાણકારી કામોથી થયેલ શરુઆતે સ્ત્રી સુધારાની દિશા પકડી. સ્ત્રી સુધારા અને તે સંદર્ભિત કાર્યક્રમોને રાષ્ટ્રીય ટેકો સાંપડ્યો. સ્ત્રી શિક્ષણ સ્ત્રી સુધારણાના કેન્દ્રમાં રહ્યું. સ્ત્રી શિક્ષણની વૃધ્ધિ અર્થે અનેક પ્રયત્નો હાથ ધરાયા અને વિવિધ પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવ્યા. જો કે, સ્ત્રી શિક્ષણ ઠીકઠીક ચર્ચાની એરણે રહ્યું. સરકારી અને બિનસરકારી દરેક સમિતિઓની કાર્યવાહી અને ઠરાવોમાં સ્ત્રી શિક્ષણ કેવું અને કેટલું તેની દ્વિધા જોવા મળે છે. તે સમયની સમિતિઓની દરેક સભાની ચર્ચા કુશળ ગૃહિણી અને ગુણીયલ માતાના શિક્ષણની ફરતે રહી. છોકરા-છોકરીના સમાન શિક્ષણની વાત ઠીક ઠીક મોડી

આવી. તેમાં સ્ત્રીની સ્વતંત્ર કારકિર્દી અને વ્યક્તિ વિકાસની વાત આવી નહી. આ સમય હતો ૨૦મી સદીનો પ્રથમ અર્ધ ભાગ.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું. વિશ્વવ્યાપી અને સ્થાનિક પોતાની લડત અને રજૂઆતને પરિણામે સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓ પુખ્ત મતાધિકાર ધરાવતી થઇ. પરંતુ રાષ્ટ્રીય ચળવળ દ્વારા રાજકીય સપાટી પર આવેલી ઉપલા સ્તરની સ્ત્રીઓ પોતાનું કામ પૂર્ણ થયેલું માની ક્યાં તો સામાજિક કાર્યોમાં પ્રવૃત રહી અથવા તો પાછી પોતાના કુટુંબમાં વ્યસ્ત થઇ ગઇ. પરિણામે ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાઓ સ્ત્રીઓની એકલ-દોકલ વયક્તિને બાદ કરતાં જાહેર/રાજકીય સક્રિય ભાગીદારી વગરના રહ્યા. ન તો તેઓ સરકારમાં જોડાઇ કે ન તો તેઓને અપવાદ સિવાય જોડાવાનું કહેવામાં આવ્યું. સ્ત્રીઓનું સરકારમાં અને રાજકારણમાં ન જોડાવું સ્વાભાવિક ગણાયું.

સ્વતંત્ર ભારતની લોકશાહી સરકાર દ્વારા સ્ત્રી તરફી વિવિધ કાયદાઓ દાખલ કરવામાં આવ્યા. પરંતુ આ કાયદાઓમાં સ્ત્રી એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે જોવાઇ નહી. માતા, પત્ની કે દીકરી તરીકે જ કાયદાએ સ્ત્રીને મુલવી. શરુથી જ શિક્ષણ અને કાયદા જેવા મહત્વના ક્ષેત્રોમાં સ્ત્રી કુટુંબના પરિપ્રેક્ષ્યમાં જ લેવાઇ. આમ કાયદા અને શિક્ષણે સ્ત્રીઓના ચીલાચાલુ રૂઢિગત ભૂમિકા અને દરજ્જાને ચાલુ રાખવામાં મદદ કરી. ૨૦મી સદીની શરૂઆતમાં અસ્તિત્વમાં આવેલ સ્ત્રી સંસ્થાઓ અને મંડળોની કામગીરી પ્રવર્તમાન સામાજિક કૌટુંબિક માળખાને પડકાર વગરની રહી. કદાચ પ્રવર્તમાન માળખાને ખલેલ નહીં પહોંચાડવાની રહી એમ કહેવું વધુ યોગ્ય ગણાશે. આ સ્થાપિત સ્ત્રી સંસ્થાઓ શિક્ષિત મધ્યમ વર્ગ અને ઉપલી જ્ઞાતિની સ્ત્રીઓમાં લોકપ્રિય બની રહી. આ સંસ્થાઓનું સંખ્યાબળ મજબૂત હતું, રહ્યું અને છે.

સિત્તેરના દાયકાની શરૂઆત સ્ત્રીઓ માટે મહત્વની રહી. યુનોએ ૧૯૭૫નું વર્ષ મહિલા વર્ષ તરીકે ઉજવવાની ઘોષણા કરી. વિશ્વના અનેક દેશો પોતાને ત્યાં

સ્ત્રીઓની સ્થિતિ વિશે આંકડાં-માહિતી એકત્ર કરવા લાગ્યા. ભારતમાં પણ આ આયામ થયો. સરકારે એક રાષ્ટ્રીય સમિતિની રચના કરી. સમિતિના સ્ત્રી સભ્યોની સૂઝબૂઝ, જહેમત અને સ્ત્રી દૃષ્ટિને કારણે ભારતભરની સ્ત્રીઓની માહિતી, અને આંકડા આગવા અને આંખ ખોલનાર પુરવાર થયા. ૧૯૭૪માં બહાર પડેલ 'Towards Equality' ના દળદાર અહેવાલ દ્વારા સ્ત્રીઓનું વાસ્તવિક ચિત્ર બહાર આવ્યું. 'સ્ત્રીઓ કંઇ કામ નથી કરતી'ની માન્યતાને રદિયો અપાયો. સ્ત્રીઓના કુટુંબ વ્યવસ્થા જાળવવાના - રસોઇ બનાવવી, બાળકો ઉછેરવા, નાની મોટી બચત કરવી, કુટુંબની આમદાની વધારવા, ઘરમાં રહીને નાના મોટા કામો જેવા કે ખેતીના મજૂરીના, ગૃહ ઉદ્યોગ વગેરે કામોને કામ તરીકે વસ્તી ગણતરી (સેન્સસ) અને આર્થિક સર્વેક્ષણની પરિભાષામાં સ્વીકારવામાં આવ્યા. અર્થકારણમાં પ્રથમવાર સ્ત્રીને જોવાની દૃષ્ટિ બદલાઇ.

ભારત બહાર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ સમય દરમ્યાન સ્ત્રી ચળવળો નવા કાર્યક્રમો, નીતિઓ, વિભાવનાઓ અને નવી વિચારધારા સાથે બહાર આવી. સ્ત્રી સુધારા અને સ્ત્રી કલ્યાણની વાત પરથી સ્ત્રી સમાનતા, સ્ત્રી સ્વાતંત્ર્ય, સ્ત્રી ઓળખ, સ્ત્રી સામર્થ્યની વિભાવનાઓ આવી. પુરુષપ્રધાન સમાજને પડકારવાની શરૂઆત થઇ ગઇ.

સ્ત્રીઓને લગતા આંકડા-માહિતી અને વાસ્તવિક ચિતાર સાથે સ્ત્રી માટેના નક્કી કરાયેલ આદર્શોને પડકારવાની શરૂઆત થઇ ગઇ હતી. ટૂંકમાં પુરૂષ પ્રધાન સમાજના ધારા-ધોરણોનો વિરોધ હતો. સ્ત્રી ચળવળો સક્રિય હતી. નવી વિચારધારા સાથે નવી સંસ્થાઓ કાર્યરત થઇ. ૧૯૭૫ થી ૧૯૮૫ના દાયકા દરમ્યાન સ્ત્રીઓને લગતા વિવિધ અભ્યાસો, પ્રકાશનો બહાર આવ્યા અને સ્ત્રી સંશોધન અભ્યાસ કેન્દ્રો શરુ થયા.

નવું વાંચન, નવો વિચાર, નવો પડકાર સમયની માંગ હતી. શિક્ષિત, વિચારવંત, માહિતગાર સ્ત્રીઓની સમજમાં ચીલાચાલુ માન્યતાઓ, વિચારો,

મૂલ્યો, પ્રથાઓ ઠસતા ન હતા. મહત્વનું સામાજિક એકમ ગણાતી કુટુંબ સંસ્થા પણ આમાંથી બાકાત રહી ન હતી. સામાજિક અને આર્થિક  દષ્ટિબિન્દુ અને વ્યાપક જન માન્યતામાં કુટુંબ એટલે સંપ, એકતા, સમાનતા, પરસ્પર ત્યાગ વગેરે સુંદર ગુણોથી ભરપૂર. કુટુંબ સંસ્થાને તેની માન્યતાને આધારે કોઈપણ પ્રશ્ન કે તેની સામે આંગળી ચીધ્યા વગર સમાજે સ્વીકારી લીધેલી. વિચારવંત થતાં જતાં સ્ત્રીઓના માનસ, બુધ્ધિને મળેલી તક અને સાંપડેલા આત્મવિશ્વાસને કારણે કૌટુંબિક સંબંધો અંગે સવાલો ઊઠાવતા થયાં. અનુભવો અને સામાજિક વાસ્તવિકતાના પરિપ્રેક્ષ્યમાં કુંટુંબની સુંદર કલ્પના અને વિભાવનાને પડકાર્યા વગર સ્વીકારી લેવાનું અઘરું જણાતું હતુ. સ્ત્રી અભ્યાસો અને સ્ત્રી ચળવળોમાં સંકળાયેલાઓએ કુટુંબને અંગત સામાજિક ક્ષેત્રની ગણનામાંથી બહાર કાઢી જાહેરમાં છણાવટ માટે મૂકી દીધું. કુટુંબના સભ્યોમાં પ્રવર્તતા અધિકારો, ફરજો, ભૂમિકા, નિર્ણયમાં ભાગીદારી, કુટુંબની અંદર રહેલી સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક સ્વતંત્રતા, વગેરે સવાલોને વિગતે તપાસી તેમાં પ્રવર્તતા અન્યાયી, અસમાન, પૂર્વગ્રહી અને પક્ષીય વલણો પ્રત્યે અંગુલીનિર્દેશ કર્યો. કુટુંબના પવિત્ર, સહકારભર્યા, સંપીલા, ઐક્ય ધરાવતા સામાજિક એકમ તરીકેનાં ચિત્રને ભ્રમણા ગણાવી.

કુટુંબના પુરુષ સભ્યો વધુ અધિકારો અને સત્તા ભોગવે છે. પતિ-પત્નીનો દરજ્જો સમાન નથી. પુરુષપ્રધાન સમાજના એકમ તરીકે પતિ / ઘરના પુરૂષ વડીલ પાસે વધુ સત્તા છે. પરિણામે સ્ત્રી-પુરૂષ સભ્યો વચ્ચે અસમાનતા અને અન્યાયી સંબંધો જ પ્રવર્તે છે. સ્ત્રીનો અસમાન દરજ્જો અને ગૌણ સ્થાન પણ તેનું જ પરિણામ છે. વધુમાં સત્તા અને વગ ધરાવતો પુરૂષ વર્ગ સ્ત્રીઓ પ્રત્યે અત્યાચારી અને અંકુશી વર્તન રાખે છે.

નવા અસ્તિત્વમાં આવેલા સ્વાયત નારી જૂથો કુટુંબમાં થતી ઘરેલુ હિંસાને તદ્દન અંગત બાબત તરીકે સ્વીકારતા નથી. તેઓ કૌટુંબિક મામલાઓને સામાજિક

દરમ્યાનગીરીથી બહાર રાખવાના મત સાથે સંમત નથી. પરિણામે દહેજ પ્રથા અને તે સાથે સંકળાયેલ જુદા જુદા પ્રકારના સ્ત્રી તરફ થતાં અત્યાચાર, ભ્રૂણહત્યા, કુટુંબમાં સ્ત્રીની મારઝૂડ વગેરે સવાલો વ્યક્તિગત કે કૌટુંબિકને બદલે સામાજિક ગણાવવાની શરુઆત વ્યાપક થઇ. સ્વાયત નારી સંગઠનોએ કુટુંબ વ્યવસ્થાને સ્ત્રી દૃષ્ટિકોણથી તપાસવાની અને રજૂ કરવાની શરુઆત કરી. કેટલીક સંસ્થાઓએ ૧૯૮૦ના દાયકાની શરુઆતમાં સ્ત્રી વિરુધ્ધ હિંસાની અંદર ઘરેલુ હિંસા સામે અવાજ ઉઠાવવાનું શરુ કર્યું.

**સ્ત્રી વિરૂધ્ધ હિંસા :**

સ્ત્રીઓ પર થતી હિંસાના વિવિધ પ્રકારો છે.

૧. કુટુંબમાં થતી / ઘરેલુ હિંસા
૨. સમાજ દ્વારા થતી
૩. જ્ઞાતિવાદી
૪. કોમવાદી



૫. યુદ્ધ / લડાઈના સમયમાં
૬. રાજ્ય દ્વારા થતી હિંસા

પિતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રી-પુરુષ વચ્ચે સત્તાના અસમાન સંબંધો અને તેમાંથી જન્મેલ સ્ત્રી પુરુષની મિલ્કત છે તેવી માનસિકતા ઉપરની તમામ પ્રકારની હિંસા માટે જવાબદાર છે. પિતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રી-પુરુષ વચ્ચે શ્રમવિભાજન પ્રવર્તે છે. શ્રમવિભાજન સ્ત્રી-પુરુષની અલગ ભૂમિકા, ફરજ અને દરજ્જાના તફાવતમાં પરિણામે છે. જે સ્ત્રીઓ અને સ્ત્રીઓના કામ થકી તેમની ભૂમિકા અને જવાબદારી અંગેની માન્યતાને આધાર પૂરો પાડે છે. પરિણામે સ્ત્રીઓ પર પુરુષની સત્તા અને અંકુશ મજબૂત બને છે.

આ માન્યતા અનુસાર ઘર અને ઘરેલુ બાબતની જવાબદારી સ્ત્રીઓની બની રહે છે. બીજી બાજુ જાહેર બાબતો પુરુષોની ગણાય છે. આ વિભાજનને કુદરતી માનવામાં આવે છે. સ્ત્રી-પુરુષ વચ્ચેનું વિભાજન બન્ને વચ્ચેની સત્તાના વિભાજનમાં પરિણમે છે. સમાજમાં પ્રવર્તતી અનેક પરંપરા અને માન્યતાઓ દ્વારા સત્તાના તફાવતને કાયદેસરતા સાંપડે છે. પુરુષની સત્તા પૌરુષત્વ તરીકે ઓળખાય છે અને મોટેભાગે પૌરુષત્વ સ્ત્રીઓ સામે પ્રદર્શિત થાય છે. સ્ત્રીઓને મારવી-ઝૂડવી, દાબમાં રાખવી, જાહેરમાં અપમાન કરી નીચી ચીતરવી વગેરે પુરુષોના પૌરુષત્વ અહમ્ છે. સ્ત્રીઓ તરફથી આવતો સૂક્ષ્મ કે પ્રત્યક્ષ પડકાર કે પ્રતિકાર પુરુષનું અહમ્ ઘવાવા માટે પૂરતો છે. પુરુષ તો ચલાવી લેતો નથી પણ સમાજ પણ તેમ કરવા દેતો નથી. સ્ત્રીઓ વિરુધ્ધ તમામ પ્રકારની હિંસાના મૂળ અહીં રહેલા છે.

પિતૃસત્તાક વ્યવસ્થા પુરુષને વધુ સત્તા સાથે તેમની ભૂમિકા અને દરજ્જાને ઊંચો દરજ્જો આપે છે. સ્વાભાવિક રીતે જ કુટુંબ અને અન્ય સામાજિક બાબતો પર તેમનું વર્ચસ્વ અને અંકુશ દૃઢ થાય છે.

શ્રમ, ભૂમિકા અને દરજ્જાના વિભાજન સામાજિકરણની પ્રક્રિયા દ્વારા સ્ત્રી-પુરુષ બન્નેના માનસમાં દઢ થયા હોઈ તેને તેઓ સ્વભાવિક માને છે. ઘરેલુ હિંસાના કારણો અહી જડે તેવા છે.

કુટુંબ સામાજિક એકમ છે. જીવનના સામાજિક અને આર્થિક વ્યવહારો કુટુંબ દ્વારા થતા હોવાથી કુટુંબના પુરુષોના અંકુશ અને સત્તા સ્ત્રીઓને રોજ સહન કરવા પડે છે. પરિણામે ઘરેલુ હિંસાની તીવ્રતા સરખામણીએ વધુ છે.

સમાજમાં અન્ય હિંસાના સ્વરૂપોની ચર્ચા થાય છે. તેની પર ટીકા, ટિપ્પણી અને મંતવ્યો રજૂ કરવામાં આવે છે. શિક્ષા અને દંડ વિશે સૂચનો સામે આવી પડે છે. બીજી બાજુ સ્ત્રી વિરુધ્ધ આચરાતી હિંસા વિશે મોટે ભાગે મૌન સેવાય છે, જો કે, સતી, બળાત્કાર કે જાતીય સતામણી જેવા હિંસાના ગુના કંઈક અંશે જાહેરમાં ચર્ચાય છે. પરંતુ ઘરમાં થતી મારઝૂડને સામાજિક માન્યતામાં હિંસા ગણવામાં આવતી નથી. પરિણામે તે અંગેની ચર્ચા-વિચારણાને જાહેરમાં લાવવાના માર્ગને ખાસ કોઈ અવકાશ પૂરો પાડવામાં આવતો નથી. કમનસીબે ઘરેલુ હિંસાને સામાજિક તેમજ ધાર્મિક સ્વીકૃતિ હોવાથી તેને સ્વાભાવિક માનવામાં આવે છે.

આ પ્રશ્નની વ્યાપકતા અને સાથે જટિલતા અંગે સ્ત્રી સંગઠનોમાં મૂંઝવણ છે. સ્ત્રી વિરુધ્ધ હિંસા અંગે ઘણાં સંશોધનો થયાં છતાં વાસ્તવમાં થતી હિંસાનો માત્ર અંદાજીત હિસાબ આપણી પાસે છે. અન્ય પરિબળો સાથે હિંસાની મુખ્ય પ્રવાહની વ્યાખ્યા પણ આમ થવામાં કારણભૂત છે. મુખ્ય પ્રવાહની વ્યાખ્યામાં પ્રત્યક્ષ દેખાતી, વાસ્તવમાં અનુભવાતી હિંસા જ સામેલ છે. આથી સ્ત્રીઓ મોટે ભાગે જે સૂક્ષ્મ અને બંધ બારણે હિંસા અનુભવે છે તે ધ્યાન બહાર રહેવા પામે છે. ૧૯૭૫ની નૈરોબી અને ૧૯૯૫ની બેજીંગ કોન્ફરન્સ ઉપરાંત સ્ત્રી ચળવળોના પ્રયત્નો છતાં ઘરેલુ હિંસામાં ઘટાડો કરી શકાયો નથી.

૨૦૦૮ના ફક્ત ગુજરાતના જ આંકડા તપાસતાં જણાય છે કે એ જ વર્ષમાં રાજ્યમાં ૩૭૪ બળાત્કારના બનાવો પોલીસ દફતર પર નોંધાયા છે. અર્થાત રોજ એક સ્ત્રી બળાત્કારનો ભોગ બની છે. બળાત્કાર કરનાર બન્ને કુટુંબ બહારના તેમજ કુટુંબની અંદરના હોય છે.

સરકારી આંકડા પ્રમાણે ૨૦૦૮માં રોજ ૧૯ સ્ત્રીઓને ત્યજી દેવાઈ અને રોજ ૧૬ સ્ત્રીઓ પતિ અને સાસરિયાની હિંસાનો ભોગ બની. આખા વર્ષમાં ૬૦૯૪ સ્ત્રીઓ ઘરેલુ હિંસાનો શિકાર બની છે. આજ વર્ષે ૨૨ બનાવો દહેજ મૃત્યુના અને ૧૨૨ જાતીય સતામણીના નોંધાયા છે.

સ્ત્રી વિરુધ્ધ હિંસાને વ્યાખ્યાયીત કરતા રાષ્ટ્રસંઘના જાહેનામાનો મુસદ્દો જણાવે છે કે કોઈપણ ક્રિયા જે શારીરિક, જાતીય અથવા માનસિક ઈજામાં પરિણામે છે. હિંસાના આચરણની ધમકી, જબરજસ્તી કે આપખુદી, અંગત કે જાહેર સ્વતંત્રતા ખૂંચવી લેવી જવી ક્રિયાનો પણ વ્યાખ્યામાં સમાવેશ કરાયો છે.

વિશાળ અર્થમાં કોઈપણ વ્યક્તિ કે જૂથ જ્યારે અત્યાચારની ધમકી કે વાસ્તવમાં



અત્યાચારનો સામનો કરે છે ત્યારે તે હિંસાનો શિકાર છે. વધુમાં કોઇ વ્યક્તિ કે જૂથ પોતાની જરૂરિયાત અને ઇચ્છા મુજબ અન્ય વ્યક્તિ કે જૂથને તેમ કરવા જબરદસ્તી કરે, તેની પર કાબૂ અને વર્ચસ્વ ધરાવે ત્યારે તે ક્રિયાને હિંસા ગણવામાં આવે છે. ઉપરની વિશાળ વ્યાખ્યાના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રી વિરુધ્ધ હિંસાને તપાસતાં જણાય છે કે એક જૂથ તરીકે સ્ત્રી જાતિ પર પુરુષ જાતિ દ્વારા આચરાતી હિંસાની ધમકી કે વાસ્તવમાં થતી જબરજસ્તી, જુલ્મ, અત્યાચાર કે ઇચ્છિત વર્તણૂંક ખાતર રખાતો સૂક્ષ્મ કે પ્રત્યક્ષ કાબૂ હિંસક ક્રિયા છે. તમામ પ્રકારની હિંસા પાછળ આધિપત્ય, સત્તા, વર્ચસ્વ કે કાબૂ જેવી વિભાવના રહેલી છે. સત્તા કે આધિપત્યની ભાવના હિંસાને જન્મ આપે છે. પુરુષ વર્ચસ્વ પુરુષપ્રધાન સમાજનો વારસો છે.

સ્ત્રી વિરુધ્ધ હિંસાને ફકત શારીરિક શક્તિ કે બળ તરીકે જોવાથી તેના વિશાળ પરિમાણો અને પરિણામોને સમજી શકાતા નથી.

ગાંધીજીના મતે કાયરતા, દુરાચરણ અને બીજાઓને દુઃખ પહોંચાડવાના કાર્યો હિંસા છે. લોકોને ધીરે ધીરે પીડા આપવામાં વધુ હિંસા છે. નિર્બળતા, અન્યાય, અપમાન અને દમનમાં તથા લોકોના આત્મસન્માનને મારી નાખવામાં વધુ હિંસા છે. ગાંધીજીએ કરેલી હિંસાની વ્યાખ્યાના પરિપ્રેક્ષ્યમાં ભારત જેવા સમાજમાં સ્ત્રીઓને ધીરે ધીરે પીડવામાં આવે છે.

છોકરા-છોકરીના ઉછેરમાં ભેદભાવ સર્વવિદિત છે. મા-બાપને ત્યાં પણ છોકરી હોવાના મહેણા-ટોણાં વત્તા-ઓછા પ્રમાણમાં દરેક અનુભવે છે. લગ્ન પછી દહેજના રૂપિયા-દાગીના ઓછા પડતા સાસરિયા તરફથી મહેણાં-ટોણા, માનસિક તેમજ શારીરિક ત્રાસ અને આ બધુ સહન ન થતાં આત્મહત્યાના બનાવો સમાજે અરેરાટી વગર સ્વીકારી લીધા છે.

બાળકીના ગર્ભ દૂર કરીને સમગ્ર સ્ત્રી જાતિને અપમાનિત કરવામાં આવે છે. વર્ષ

૧૯૮૬ થી ૨૦૦૧ સુધીના ૧૫ વર્ષમાં ભારતમાં ૫૦ લાખ બાળકીના ગર્ભને દૂર કરવામાં આવ્યા છે. ૨૦૦૧ પછી પણ એનું પ્રમાણ ઊંચું જવા પામ્યું છે. ગર્ભમાં મારી ન શકનારા જન્મવા દીધા પછી ભીના ટુવાલમાં વીંટી માંદી કરી ડોકટરી સલાહ - દવા લઈ, દવા આપ્યા વગર એને મરવા દે છે. આ લોકોના મતે એમાં ખર્ચ પણ ઓછો છે અને ગુનો કર્યો દેખાતો નથી. ૧૯૭૯માં અમૃતસરમાં પહેલીવાર જાતિ પરીક્ષણ અને ગર્ભ નાબૂદીનો કિસ્સો બહાર આવ્યો હતો. આજે તે રૂા.૧૦૦૦/- કરોડનો ઉદ્યોગ બની ચૂકી છે.

ઉપરની તમામ ઘટનાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ ઘરેલુ હિંસાના પ્રકાર છે. ઘરેલુ હિંસાથી સ્ત્રીનું મરવું અને મારવું સમાજના કુંડાળામાં કોઈ વમળ સર્જતું નથી. સમાજને આ હિંસા કોઠે પડી ગઈ છે.

સ્થગિત અને બંધિયાર સામાજિક વાતાવરણને ડહોળવાના કામનું શ્રેય કેટલાક સ્ત્રી સંગઠનોને જાય છે. સ્ત્રી સમાનતા અને સશક્તિકરણના કાર્યક્રમોમાં સ્ત્રી વિરુધ્ધ હિંસાને આવરી લેવામાં આવે છે. જો કે, બહુ ઓછા સંગઠનોએ ઘરેલું હિંસાને સંઘર્ષનો મુખ્ય મુદ્દો બનાવ્યો છે. ગુજરાતની 'અવાજ' સંસ્થા આમાંની એક છે. પ્રસ્તુત પુસ્તિકા આ સંસ્થાની પચ્ચીસ વર્ષની ૧૯૮૨-૮૩ થી ૨૦૦૯ સુધીની કામગીરીનું વિહંગાવલોકન છે.

# સંસ્થાનો હેતુ અને માળખું

**'અવાજ'**

અમદાવાદ વિમેન્સ એકશન ગ્રુપ - 'અવાજ', ગુજરાતમાં ઘરેલુ હિંસા સામે લડત આપનારી એક સક્રિય સંસ્થા છે. 'અવાજ'ની સ્થાપના ૧૯૮૧માં થઇ. ૧૯૮૩માં તે રજીસ્ટર્ડ સંસ્થા તરીકે નોંધાઇ. સમયની દૃષ્ટિએ 'અવાજ'ની સ્થાપના સ્ત્રીઓ પ્રત્યેની નવજાગૃતિ અને સ્ત્રી વિચારધારાના વિકાસની પરમસીમા વખતે થઇ. પરિણામે સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યપધ્ધતિમાં સ્ત્રી દૃષ્ટિકોણ સ્વાભાવિકપણે વણાઇ ગયો. ડો. ઈલાબહેન પાઠક એના નવ સ્થાપકમાંના એક છે. જો કે, આજ સુધી તેઓ સંસ્થાના ચાલકબળ છે. ત્યારે તેમની ઉંમર ૪૮ વર્ષની હતી. એમનો જન્મ ૧૯૩૩માં થયો હતો. સંસ્થાના મંત્રી તરીકે શરુઆતથી આજ સુધી તેઓ કાર્યરત છે.

તેઓ જન્મ્યા હતા મુંબઇમાં પણ બાળપણ લુણાવાડામાં વિતાવ્યું, જ્યાં તેમના પિતા રાજાના દિવાન હતા. જાહેર જીવન અને સમાજ સેવાની અભિરુચિ



માધ્યમિક શાળાના અભ્યાસ દરમ્યાન ફોઇ પાસેથી સુરતમાં કેળવાઇ. ફોઇ જાહેર જીવનમાં સક્રિય હતા.

વિદ્યાર્થી તરીકે સુરતમાં અને ત્યાર પછી અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે વિદ્યાનગર અને છેલ્લે અમદાવાદની કોલેજમાં નિવૃત થયા ત્યાં સુધી રહ્યા. સ્ત્રી પ્રશ્નો અંગે

એમની સંવેદનશીલતા બાળપણથી કેળવાઇ, કિશોરી અવસ્થામાં વિકસી અને યુવાન વયે ઉચ્ચ શિક્ષણ સાથે પરિપક્વ થઇ. આ સંવેદનશીલતા અને નિસ્બત સ્ત્રી હોવાના નાતે કૌટુંબિક વાતાવરણ અને જાહેરજીવનની ભાગીદારીમાં ઘડાયા. તેઓ સ્ત્રીઓના સવાલો પ્રત્યે સંવેદનશીલ હતા. પત્રકારત્વમાં એમને રસ પહેલેથી. તેઓ માનતા કે વર્તમાનપત્રો દ્વારા સ્ત્રીઓના પ્રશ્નો પરત્વે લોકોનું ધ્યાન દોરી શકાય અને જાગૃતિ ફેલાવી શકાય. ઈલાબહેન ગુજરાત સમાચાર અને જનસત્તા જેવા વર્તમાન પત્રોમાં ખાસ કરીને સ્ત્રીઓના પ્રશ્નો અંગે નિયમિત કોલમ લખતા. પહેલાં 'નવા યુગની નારી' ત્યાર પછી 'પરોઢના અંધારા' અને ત્યાર બાદ 'ત્રાજવાનું ત્રીજુ પલ્લું' એમની કોલમ હતી.

અધ્યાપક તરીકે કામ કરતા કરતા ઈલાબહેન અમદાવાદની સ્ત્રી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. આ સંસ્થાઓ એક વખત રાષ્ટ્રીય આઝાદીની ચળવળ સાથે સંકળાયેલી હતી. સમાજ સુધારણા એમની પ્રવૃત્તિ હતી. ૧૯૮૦માં સપ્તાહમાં ત્રણ દિવસ અમદાવાદની જાણીતી સંસ્થા જ્યોતિ સંઘમાં એમણે જવાની શરુઆત કરી.

અત્યાચારપૂર્ણ પરિસ્થિતિમાંથી સ્ત્રીને ઉગારી લેવાની પ્રવૃત્તિની શરુઆત જ્યોતિ સંઘ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. ૧૯૩૭માં ગુજરાતના પહેલા આશ્રય ગૃહની સ્થાપના થઇ. આ સંસ્થાઓ દ્વારા સ્ત્રીઓને સિલાઇ અને ટાઇપરાઇટીંગ અને પ્રિન્ટીગ પ્રેસ જેવી આર્થિક પ્રવૃત્તિ જેવા વિવિધ કૌશલો શીખવવા તાલીમ વર્ગો ચલાવાતા હતા. તેમના બનાવેલા અથાણાં અને મસાલા

કે અન્ય ખાદ્ય પદાર્થોનું વેચાણ કરવાની વ્યવસ્થા કરીને તેમને આવક મેળવી આપવામાં આવતી હતી.

આ કાર્યપ્રણાલી ત્યાર પછીની ગુજરાતની સ્ત્રી સંસ્થાઓએ અપનાવી. તે સમયે સ્ત્રી સંસ્થાઓનું વલણ કુટુંબ બચાવો પ્રત્યે હતું. પરિણામે સલાહ-સમાધાનની ક્રિયા પર ભાર અપાતો. સ્ત્રીને નાનું-મોટું સહન કરી બને ત્યાં સુધી એડજસ્ટ થવાનું કહેવામાં આવતું. પુરુષ પાસે સારા વર્તનનું વચન લઇ પીડિત સ્ત્રીને કુટુંબમાં સમજાવી પાછી મોકલવામાં આવતી. ગુજરાતમાં ત્યારે ૫૦ થી વધુ કુટુંબ સલાહકેન્દ્રો કાર્યરત હોવા છતા અપમૃત્યુ પામતી સ્ત્રીઓની સંખ્યા વધતી જતી હતી (ટેબલ - ૧).

સંસ્થાના ચારુમતીબહેન યોધ્ધા અને પુષ્પાબહેન મહેતા સાથે કામ કરતા ઈલાબહેનની સ્ત્રીઓ તરફી નિસ્બત તીવ્ર થતી ગઇ પણ સાથે સાથે કામ કરતાં કરતાં એમના મનમા અનેક સવાલો ઊભા થતાં. એમને વારંવાર એક સવાલ મૂંઝવતો કે શા માટે આપણે સ્ત્રી સામાજિક કાર્યકરો પીડિત સ્ત્રી કે જે મારઝૂડની શિકાર બની છે તેને જ શિખામણ આપીએ છીએ? શા માટે સ્ત્રીનું ગૌણત્વ અને પુરૂષના પ્રભુત્વને પડકારવામાં નથી આવતું? શા માટે કુટુંબને કેન્દ્રમાં રાખીને જ સ્ત્રીના પ્રશ્નોને જોવામાં આવે છે?

તે વખતે અને મહદ્ અંશે આજે પણ મુખ્યધારાની વિચારસરણીમાં કુટુંબને પવિત્ર માનવામાં આવે છે. સૌનો અભિગમ છે કે કુટુંબ બચવું જોઇએ, ભાંગવું ન જોઇએ. એટલે સ્ત્રી સવાલો સંદર્ભે કામ કરતી સંસ્થાઓ અને કાર્યકરોનો મુખ્ય અભિગમ કોઇપણ રીતે કુટુંબ બચાવવાનો રહ્યો છે. એવું માનવામાં આવે છે કે કુટુંબ સમાજનો પાયો છે અને સ્ત્રી માટે આશ્રયસ્થાન છે. કુટુંબ વગર સ્ત્રીનું અસ્તિત્વ ન હોઇ શકે. કુટુંબના હિતમાં સ્ત્રીનું સ્થાન અને ઈચ્છા ગૌણ ગણવામાં આવે છે. અહીં કુટુંબની વ્યાખ્યા એટલે પતિ અને પત્ની, અને પતિના કુટુંબીજનો, મા-બાપ, ભાઇ-બહેન. કુટુંબનું હિત એટલે પતિ-જેઠ-સસરાનું

હિત, સત્તા અને વર્ચસ્વ. આ અભિગમ સાથે ઈલાબહેન સહમત ન હતા. એમનું માનવું છે કે સ્ત્રી સંસ્થાઓના કાર્યકરોએ કુટુંબ બચાવવા પર ભાર દીધો છે, સ્ત્રીને બચાવવા પર નહી. એમની દૃષ્ટિએ સ્ત્રી એક વ્યક્તિ છે, એને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. જો એનું વ્યક્તિત્વ સચવાશે, એની પસંદ-નાપસંદનો વિચાર થશે તો કુટુંબ સચવાશે. કુટુંબ સાચવવાના અભિગમથી પિતૃસત્તાને યથાવત્ રાખવામાં આવે છે. આ સત્તાના માળખામાં સ્ત્રીનું અસ્તિત્વ ગૌણ (subordinate) બને છે. સ્ત્રીને શીખવવામાં આવે છે અને ફરજ પાડવામાં આવે છે કે કુટુંબ સાચવી પિતૃસત્તાને જાળવી રાખવી. ઈલાબહેન માને છે કે સ્ત્રી સંસ્થાઓએ તેમનો સ્ત્રી તરફનો અભિગમ બદલવો પડશે. કુટુંબ માટે સ્ત્રી નહીં

પણ સ્ત્રી માટે કુટુંબ છે. 'અવાજે' એની જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા આ અભિગમ વિકસાવ્યો છે.

ટેબલ - ૧

સ્ત્રીઓના અપમૃત્યુ

| વર્ષ | ૧૯૮૪ | ૧૯૮૫ | ૧૯૮૬ | ૧૯૮૭ | ૧૯૮૮ | ૧૯૮૯ | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | ૧૯૯૪ | ૧૯૯૫ | ૧૯૯૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મૃત્યુની સંખ્યા | ૧૪૧૮ | ૧૦૨૪ | ૨૧૩૨ | ૨૨૨૦ | ૪૧૧૬ | ૪૨૪૫ | ૩૯૮૬ | ૩૮૬૨ | ૪૦૧૬ | ૪૫૨૧ | ૪૮૩૮ | ૫૧૧૨ | ૫૧૬૪ |
| દૈનિક સરેરાશ અપમૃત્યુ | ૩.૮૮ | ૨.૮ | ૫.૮૪ | ૬.૦ | ૧૧.૨૭ | ૧૧.૬૫ | ૧૦.૯૨ | ૧૦.૫૮ | ૧૧.૦ | ૧૨.૩૮ | ૧૩.૨૫ | ૧૪.૦ | ૧૪.૧૫ |

| વર્ષ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્ત્રીની અપમૃત્યુની સંખ્યા | ૫૫૨૫ | ૬૩૪૯ | ૬૧૩૫ | ૫૫૮૩ | ૪૯૨૪ | ૪૬૭૨ | ૪૭૪૯ | ૪૬૩૧ | ૪૫૮૭ | ૪૯૨૯ | ૫૩૮૦ | ૫૮૧૧ | |
| દૈનિક સરેરાશ અપમૃત્યુ | ૧૫.૧૪ | ૧૭.૩૯ | ૧૬.૦૮ | ૧૫.૦૩ | ૧૩.૪૯ | ૧૨.૮૦ | ૧૩.૦૧ | ૧૨.૬૮ | ૧૨.૫૬ | ૧૩.૫ | ૧૪.૭ | ૧૫.૯૨ | |

No.of offences registered under sec. 498-A (IPC) in years from 1989 to 2000 in Gujarat

| વર્ષ | ૧૯૮૪ | ૧૯૮૫ | ૧૯૮૬ | ૧૯૮૭ | ૧૯૮૮ | ૧૯૮૯ | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | ૧૯૯૪ | ૧૯૯૫ | ૧૯૯૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફરિયાદની સંખ્યા | - | - | ૨૫૦ | ૩૪૮ | ૪૭૯ | ૮૯૯ | ૮૨૨ | ૧૦૯૭ | ૧૫૭૬ | ૧૫૪૦ | ૧૫૯૬ | ૧૯૫૦ | ૨૫૪૫ |
| સરેરાશ દરરોજની ફરિયાદ | - | - | ૦.૭ | ૦.૯ | ૧.૩૧ | ૨.૪૬ | ૨.૨૫ | ૩.૦૦ | ૪.૩૨ | ૪.૨૨ | ૪.૩૭ | ૫.૩૪ | ૬.૯૭ |

| વર્ષ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફરિયાદની સંખ્યા | ૨૪૧૫ | ૨૯૮૯ | ૩૨૭૬ | ૩૫૬૩ | ૩૧૯૧ | ૨૮૬૬ | ૩૧૮૫ | ૩૭૮૧ | ૩૯૯૮ | ૪૮૯૮ | ૫૬૯૨ | ૬૦૯૩ | |
| સરેરાશ દરરોજની ફરિયાદ | ૬.૬૨ | ૮.૧૯ | ૮.૯૭ | ૯.૭૬ | ૮.૭૪ | ૭.૮૫ | ૮.૭૨ | ૧૦.૩૫ | ૧૦.૯૫ | ૧૩.૪ | ૧૫.૬ | ૧૬.૭ | |

## 'અવાજ'ના હેતુ

૧. સમાજમાં સ્ત્રીની છબીને ઉપર આણવી.
૨. સ્ત્રીની છબીને ઉતારી પાડનારા તત્વો સામે સમાજમાં પ્રતિકાર કરવો.
૩. સમાજમાં સ્ત્રી સમાનતા સ્થાપિત કરવી.
૪. રાષ્ટ્રના વિકાસમાં સ્ત્રીઓની ભાગિદારીની વૃધ્ધિ માટે પ્રદાન કરવું.
૫. સ્ત્રીના ગૌરવ સાથે જીવવાના અધિકારને ટેકો આપવો અને તેમના કલ્યાણ, સલામતી અને શિક્ષણને ટેકો આપવો.
૬. ગરીબ સ્ત્રીઓની આર્થિક સ્થિતિ સુધારવા કામ કરવું. જેને અર્થે સંગઠનો, જૂથો કે સહકારી મંડળી કે એમના મંડળોને પ્રયોજવા અને ઉત્તેજન આપવું જેથી કરીને એના સભ્યોની આવક ઉપાર્જન શક્તિમાં વધારો થાય.

આ પરિપ્રેક્ષ્યમાં 'અવાજ' માને છે કે જીવનના દરેક ક્ષેત્રોમાં તેઓ પુરુષ સમાન છે તે જાગૃતિ આણવા સાથે 'અવાજ' સ્ત્રીઓના વ્યક્તિત્વને પ્રતિપાદન કરાવવાનો પ્રયત્ન કરે છે. સમાન માનવી તરીકે ટકી રહેવાના અને વિકાસ



પામવાના તેમના સંઘર્ષને ટેકો પ્રાપ્ત કરાવવો. 'અવાજ' જાગૃતિકરણને સામર્થ્ય પ્રાપ્તિ તરફનું પ્રથમ પગથિયું ગણે છે. અને બીજો ક્રમ આર્થિક રળતરને આપે છે. જેમાં આર્થિક ઉત્પાદન, તે માટે બચત, ક્રેડીટ અને બજારનું નેટવર્કીંગ જેવી પ્રવૃત્તિઓ પણ આવી જાય. આર્થિક સ્વતંત્રતા, હકો માટેની જાગૃતિ અને વ્યક્તિગત વિકાસ એકબીજા સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા છે. આ સાથે શારીરિક આરોગ્ય-સુખાકારી-પોતાના શરીર પર પોતાના હકની સભાનતા અને કાળજી માટેની પ્રવૃત્તિઓ પણ 'અવાજ' માટે અગત્યતા ધરાવે છે. આમ સ્ત્રી સામર્થ્ય તરફનો 'અવાજ'નો અભિગમ સર્વગ્રાહી (holistic) છે.

'અવાજ'નું મિશન સ્ત્રીઓને સમર્થ બનાવવાનું છે જેથી તેઓ ટકી શકે અને શક્તિ પ્રમાણે વિકાસ કરી શકે. આથી જ્યારે સ્ત્રીઓને સ્વ-આદર અંગે જાગૃત કરવામાં આવે છે ત્યારે તેમને તેમના પર્યાવરણ, આરોગ્ય તેમના બાળકોનાં શિક્ષણ અને આરોગ્ય, રાજ્ય દ્વારા પૂરી પડાતી સેવાઓની ઉપલબ્ધતા પરના તેમના હક અને એ મેળવવા માટે સંગઠિત થવા માર્ગદર્શન આપવામાં આવે છે. 'અવાજ' સ્ત્રીઓના પ્રયત્નોને ટેકો આપે છે અને જ્યાં અને જ્યારે જરૂર પડે ત્યારે ખૂટતી સાંકળની કડી (linkages) પૂરી પાડવાનું કામ કરે છે.

**કાર્યક્ષેત્ર**

'અવાજ'નું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત છે. ખાસ કરીને સ્ત્રી અંગેની સમસ્યાઓને વાચા આપવામાં, નારીવાદી અભિગમનો પ્રચાર-પ્રસાર કરવામાં અને સરકાર સાથે નીતિ વિષયક બાબતમાં દબાણ લાવવામાં, ગુજરાતના તેમજ બહારના બીજા સ્ત્રી અને અન્ય સંગઠનો સાથે વિચારો અને માહિતીના આદાન-પ્રદાન કરવામાં સંસ્થા સક્રિય છે. કેટલાક જાહેર પ્રશ્નોમાં સંસ્થાએ પહેલ કરી આગેવાની (initiative) લીધી છે. તો કેટલાકમાં અન્ય સંસ્થાઓને સહયોગ આપી સભા-સરઘસો-ધરણાં જેવા માધ્યમો દ્વારા યોજાયેલ પ્રતિકારમાં ભાગ લે છે. સાથે સાથે સંસ્થાની શરુઆતથી જ સ્ત્રીઓના સ્થાનિક કક્ષાના કોમ્યુનીટી

સંગઠન કરવાનું કાર્ય કર્યું છે. આ સંગઠનો સ્ત્રીઓમાં પોતાના હકો માટેની જાગૃતિ કેળવવાનું, એમનું વ્યક્તિત્વ વિકસાવવાનું, એમના રોજ-બરોજના આર્થિક-સામાજિક પ્રશ્નોને હલ કરવામાં ટેકો આપવાનું અને પિતૃસત્તાક વ્યવસ્થા સામેના જુદા જુદા સંઘર્ષોને, જુદા જુદા સ્તરે વિકસાવવા, જુદા જુદા સંઘર્ષોમાં કડીરૂપ થવાના સતત પ્રયત્નો કરતી રહી છે. પણ આ સાથે એનું કામ ગ્રાસરૂટમાં પણ છે. જે સઘન છે.

સૌથી પહેલાં 'અવાજે' ૧૯૮૪માં અસારવા ખાતે રેલ્વેના કોલસા કામદારોને તેમજ નારણપુરામાં સફાઇ કામદારોને સંગઠિત કર્યા. ત્યાર પછી ૧૯૮૬માં દલિત અને મુસ્લિમ વસતી ધરાવતા બાપુનગરમાં કામ શરુ કર્યું. ૧૯૯૦ના મધ્ય ભાગમાં રાધનપુરના ગ્રામીણ વિસ્તારમાં પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કર્યો. ૨૦૦૧ના ધરતીકંપ પછી ૨૦૦૪માં કચ્છ જિલ્લાના રાપરમાં કામ શરુ કર્યું. ત્યારબાદ સમી તાલુકામાં પોતાનું કાર્યક્ષેત્ર વિકસાવ્યું છે.

**કાર્યપધ્ધતિ**

વિસ્તાર શહેરનો ઝૂંપડપટ્ટી કે રમખાણાગ્રસ્ત હોય; મુદ્દો રાધનપુરના ગ્રામીણ વિસ્તારના આરોગ્યનો હોય કે ધરતીકંપગ્રસ્ત રાપરમાં પુનર્વસવાટનો હોય; લક્ષ્યાંક જૂથ પોલીસ દળના સભ્યો હોય કે કોમ્યુનિટી લીડર્સ અને પંચાયતના સભ્યો હોય, સંસ્થાએ કાર્ય કરવાના પાયાના પગલાં નકકી કર્યાં છે.

- જાગૃતિકરણ,
- સંગઠન,
- સંઘર્ષ,
- હિમાયત, અને
- નેટવર્કીંગ

સંસ્થાના છ પાયાનાં પગલાં છે. સૌથી પહેલાં જે તે વિસ્તારમાં-શહેરની

ઝૂંપડપટ્ટી કે ગામ કે પીડિત સમૂહ જેવાં કે રમખાણગ્રસ્ત લોકોમાં સ્ત્રી જાગૃતિકરણની વાત છેડવામા આવે છે. સ્ત્રીઓના ગૌણ દરજ્જા, ભૂમિકા અને પરિસ્થિતિના ખ્યાલ સાથે સ્ત્રીઓ પ્રત્યે સંવેદના જગાવવાનો પ્રયત્ન હોય છે. આ સાથે સમય જતાં સ્ત્રીઓનું સંગઠન રચાય છે. જે તે વિસ્તાર કે સમુદાયની સ્ત્રીઓના સામૂહિક સવાલોને વાચા આપી સંઘર્ષ માટે પ્રયત્નો થાય છે. 'અવાજ' માને છે કે 'માંગ્યા વિના કશું મળતું નથી'. 'અવાજ' સ્ત્રીઓને પોતાના હકની, પોતાની સારી સ્થિતિ અને મળતી સુવિધાની માંગણી અર્થે વિસ્તારની બહેનોને સંગઠિત થઇ સંઘર્ષ કરતા શીખવે છે, ક્યાં, કોની પાસે અને કેવી રીતે પોતાની માંગણીને આગ્રહપૂર્વક રજૂ કરવી તેની સમજ આપે છે.

સંસ્થા સ્ત્રીઓના મુદ્દે મક્કમ છે. જરૂરિયાત પ્રમાણે કાયદાના અમલ કે નીતિ વિષયક નિર્ણાયક નિર્ણયમાં સંસ્થાએ એડવોકસીનું કામ હાથ ધર્યું છે.

**એડવોકસી:**


'અવાજ' માને છે કે કોઇ પણ પીડિત સ્ત્રીને સૌ પ્રથમ સ્વસ્થ કરી તેને શાંતિથી સાંભળવામાં આવે તે જરૂરી છે. તે માટે શરુમાં તેને ટેકો જોઇએ, તેના વ્યક્તિત્વનો આદર થવો જોઇએ અને તેની સમાનતા સ્વીકારાવી જોઇએ. 'અવાજે' આ સ્ત્રી કેન્દ્રી - સ્ત્રી તરફી અભિગમ અપનાવ્યો.

આ દૃષ્ટિકોણ 'અવાજ'ના નારીવાદી સંઘર્ષ અને રચનાના કાર્ય માટેની એડવોકસીમાં કેન્દ્રસ્થાને છે. સ્ત્રીના વ્યક્તિત્વ અને શોષણ-પીડાની સમસ્યાઓ અંગે સ્ત્રીઓમાં જ જાગૃતિ ફેલાવવાની સાથે સાથે, પીડિતોને મદદ કરવા સંસ્થાકીય નારીવાદી દૃષ્ટિ અનુરૂપ માળખું ગોઠવવું, નાગરિક સમાજમાં નારીવાદી અભિગમ અને સ્ત્રી સમસ્યાઓને વાચા આપવી અને જરૂરી પગલાં તથા સંઘર્ષ માટે સ્પેસ ઊભી કરવી, નીતિ ઘડવૈયાઓને સ્ત્રી પ્રશ્નો સમજાવવા, સ્ત્રી તરફી કાર્યો અને જોગવાઇઓ માટે દબાણ લાવવું અને સરકારી તંત્રને જાગૃત કરવાના કામમાં સંસ્થા પ્રવૃત્ત છે.

શરુમાં ગુજરાતમાં ૫૦થી વધુ પીડિત સ્ત્રીઓને સહાય આપવા સલાહકેન્દ્રો કાર્યરત હતા. અભિગમ બદલવાની જરૂર હતી. સ્ત્રી તરફી સલાહકાર્યની જરૂરિયાતના મહત્ત્વ સાથે 'અવાજે' ગુજરાતના કુટુંબ સલાહ કેન્દ્રોમાં કાર્યરત સલાહકારો સાથે ચર્ચાઓ અને કાર્યશિબિરો યોજી તેમને સ્ત્રી-તરફી અભિગમ પ્રત્યે સંવેદનશીલ કરવાનો પ્રયત્ન કર્યો. પ્રતિભાવ પ્રમાણમાં વિધાયક રહ્યો.

'અવાજ'નું આ પ્રથમ એડવોકસી અને નેટવર્કીંગનું કામ હતુ. સંસ્થા સ્ત્રી સવાલોમાં ઊંડે અને વિગતે ઊતરતી ગઇ તેમ તેમ તેમનું એડવોકસીનું કામ અનેક પાસાંએ વિસ્તરતું ગયું.

સ્ત્રીઓ પ્રત્યે આચરાતી હિંસાના બનાવામાં સ્ત્રી કેન્દ્રી દરમ્યાનગીરીની તાલીમની જરૂરિયાત જણાઇ. 'અવાજે' સલાહકારોને એડવોકસીની ટેકનીકની સમજ આપી. સલાહકારોને 'અવાજે' એડવોકસીને પોતાની રીતે વ્યાખ્યાયિત કરી છે. 'અવાજ' જણાવે છે કે એડવોકસીના અનેક પાસાં છે અને સંસ્થા તેનો વિવિધ રીતે ઉપયોગ કરે છે.



ઓ.યુ.પી.ની ડિક્શનરીમાં એડવોકસીનો અર્થ કોઈ ઉદ્દેશ/હેતુ માટેના કોઈ વ્યક્તિના ટેકાની હિમાયત, નીતિની હિમાયત માટે પણ તેનો ઉપયોગ થાય છે.

'અવાજ' આ વ્યાખ્યાના અર્થના વિકલ્પ તરીકે ભલામણ અને સમજણ (persuasion) સૂચવે છે. 'અવાજ'નો તર્ક છે કે જ્યાં કાયદેસરની ઔપચારિક સત્તા છે ત્યાં હિમાયતથી કામ લેવાય છે. પરંતુ બિન ઔપચારિક સત્તા સાથે સમજાવટને વધુ અવકાશ રહે છે. ભારતમાં સરકાર સિવાયના સત્તાના કેન્દ્રો છે. ભારત જેવા પિતૃસત્તાક દેશમાં જ્ઞાતિ પંચાયતના અને યુવા સંસ્થાઓના હાથમાં અંકુશ અને સત્તા છે.

## I. સલાહ કેન્દ્ર :

સ્ત્રીઓ પ્રત્યે આચરાતી હિંસાના બનાવમાં સ્ત્રી કેન્દ્રી દરમ્યાનગીરીની જરૂરિયાત જણાઈ. સ્ત્રી કેન્દ્રી દરમ્યાનગીરી માટે 'અવાજે' કુટુંબ સલાહ કેન્દ્રોના સલાહકારો માટે માર્ગદર્શિકા તૈયાર કરી છે. આ પુસ્તિકામાં સલાહ કાર્યની વિભાવના, કૌશલ પધ્ધતિઓ અને સિધ્ધાંતો અંગે વિગતે સમજૂતી પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત સલાહ પ્રક્રિયાના વિવિધ પગલાં જણાવાયા છે.

### સલાહ પ્રક્રિયા

**પગલું : ૧**

**સહાયની જરૂર છે તેવી સભાનતા : સહાયાર્થીએ સમજવું જરૂરી છે કે તેને સહાયની જરૂર છે કેમ કે તેને કંઇક વેદના થાય છે. મોટા ભાગની સ્ત્રીઓ પોતાની વેદના અથવા દુ:ખને તેમની ભૂમિકાના ભાગરૂપે સમજે છે તેથી આ પ્રમાણે સ્પષ્ટતા કરવી જરૂરી છે.**

**પગલું : ૨**

**આવકાર અને નોંધણી : પ્રાથમિક સંપર્કના આ સમયે સહાયાર્થીને ટેકો કરવો, હિંમત આપવી અને પોતાનો કેસ નોંધાવવા તૈયાર કરવી. સહાયાર્થી પોતાની મેળે આવે કે અન્ય કોઇ તેને લઇ આવે તેવું બને. સહાયાર્થીને આવકારીને**

તેને ધ્યાન દઇને સાંભળીને સલાહકાર  વિશ્વાસ જન્મે તેવું વાતાવરણ સર્જે. સહાયાર્થીની સમસ્યાને સક્રિય રીતે સાંભળીને તેની સાથે સંબંધ વિકસાવે.

સલાહકાર આ દરમ્યાન નિર્ણય કરે છે કે આ સહાયાર્થીનો કેસ તેના સલાહ કેન્દ્રમાં લેવો જોઇએ કે અન્યત્ર તેની ભલામણ કરવી જોઇએ.

સલાહકારની જાણ માટે નોંધીએ કે અભ્યાસ, નિદાન અને સારવાર એકી સાથે જઇ શકે. આમાં કોઇ જડતાની જરૂર નથી. સહાયાર્થીની જરૂર પર ધ્યાન આપીને કાર્યરત થવું.

પગલું : ૩

અભ્યાસ અને કેસની વિગતોની નોંધ: (કેસ હિસ્ટ્રી)

૧. માહિતી માગવી. સ્પષ્ટતાઓ મેળવવી. દરેક પાસાની વિગત લેવી.

૨. સહાયાર્થીએ  પોતાના બચાવની કરેલી યુક્તિઓ ઓળખવી.

આ યુક્તિઓમાં, પોતે નથી કર્યું એમ કહેવું, વાત સમજવાનો ઇન્કાર કર્યા કરવો. સલાહકારનો ઉપયોગ કરવો (પોતે નિ:સહાય છે તેવો દેખાવ કરીને સલાહકાર પોતાને બદલે નિર્ણયો લે અને કાર્યવાહી કરે તેવું વલણ લેવું) સહાનુભૂતિ મેળવવાનો અને પોતાના પ્રત્યે ધ્યાન દોરવાનો પ્રયત્ન કર્યા કરવો, અણગમતાં કાર્યો કરવા તરફ બેધ્યાન રહેવું, પોતાના ભાગે આવતી જવાબદારીઓ પૂરી ન કરવી વિ.

૩. પરિસ્થિતિ સંઘર્ષમય જણાય ત્યાં સહાયાર્થીના પ્રયત્નો અને ઊંડે પડેલી લાગણીઓને સમજવી.

૪. તણાવમુકિતના અનુભવ તરફ દોરવું. સહાયાર્થીને પોતાની લાગણીનો ઊભરો કાઢવામાં સલાહકાર સહાય કરે અને માનસિક તણાવ હળવો કરાવે.

૫. તણાવનું દબાણ ફરીથી ન વધે તે માટે ભૂતકાળની ઘટનાઓને વર્તમાન પરિસ્થિતિ જુદી પાડીને જોવા પ્રેરવું અને તેમ કરીને ભૂતકાળના બનાવોમાંથી જ વર્તમાન તર્કબદ્ધ રીતે ઉદ્‌ભવ્યું છે તેવી સૂઝ વિકસાવવી.

૬. ગૃહ મુલાકાત

પગલું : ૪

મેળવેલી માહિતીનો સમન્વય અને મેળવણી કરવાં : સહાયાર્થીની સાથે મળીને સલાહકાર તેના આંતરિક સંઘર્ષો તેમજ અવરોધો અને બાહ્ય દબાણો વિશે સૂઝ વિકસાવે. પરસ્પર સાથે મળીને ભવિષ્યમાં કઇ દિશામાં સક્રિય થવું તે નક્કી કરે.

પગલું : ૫

સારવાર : સહાયાર્થીની સમસ્યાનું નિરાકરણ કરવા સલાહકાર ઉકેલો અને વિકલ્પો શોધી કાઢે છે. તેમ કરતાં કરતાં તે આગ્રહપૂર્વક કાર્ય કરવા તાલીમ આપે છે, સંવેદનશીલતાને સંકોરે છે અને ભાવાવેશ હોય ત્યાં કાબૂ મેળવવા સૂચવે છે, વેદનામાં જાતને સંભાળવા સૂચવે છે, ભૂમિકા ભજવતાં અને જરૂર પડ્યે દેખાવ કરવા સૂચવે છે અને તેમ કરીને સહાયાર્થીની ક્ષમતાઓ કેળવે છે. સહાયાર્થીની પોતાની શકિતઓ અને સાધનોને કામે લગાડવા સૂચવે છે અને તેની આસપાસના વાતાવરણમાં પરિવર્તન લાવવા સલાહ આપે છે.

પગલું : ૬

સારવાર દરમ્યાન પ્રતિભાવ : પોતાની પરિસ્થિતિમાં સલાહકારે શીખવેલી/સૂચવેલી યુક્તિઓની સફળતા/નિષ્ફળતા વિશે સહાયાર્થી સલાહકાર સાથે સંપર્કમાં રહે છે અને જરૂર પડે તો વૈકલ્પિક સૂચનો મેળવે છે.

પગલું : ૭

કેસ બંધ કરવો : સહાયાર્થી અને સલાહકાર પરસ્પર સંમતિથી કેસ બંધ કરે છે. ભવિષ્યમાં

જરૂર પડ્યે સહાય મળશે તેમ જણાવાય છે.

પગલું : ૮

અનુસરણ : નિર્ણીત સમયાંતરે સહાયાર્થી સલાહકાર સાથે સંપર્ક કરે છે અથવા સલાહકાર સંપર્ક રાખે છે જેથી પ્રગતિ થઇ કે કેમ તે જણાય અને જરૂર પડે તો વધુ માર્ગદર્શન મેળવી શકાય.

### કાનૂની સલાહ કેન્દ્ર

કેન્દ્રોના કાર્યરત સલાહકારો અને સામાજિક કાર્યકરોને યોગ્ય અને સંદર્ભિત કાયદાકીય તાલીમ દ્વારા ત્રસ્ત અને ફરિયાદી સ્ત્રીને સહાયક બનવાની પ્રેરણા.

## II. પોલીસ દળ

પોલીસ દળના સભ્યોને

૧. સ્ત્રીઓની પરિસ્થિતિ વિશે સંવેદનશીલતાની હિમાયત.
૨. ઇન્ડીઅન પીનલ કોડની કલમ ૪૯૮-એ અને અન્ય સંદર્ભિત કાયદાની સમજ સાથેની હાથવગી પોલીસ પોથીનું પ્રકાશન.
૩. અપમૃત્યુના બનાવો રોકવા અને બનાવ બન્યા બાદ લેવાના પગલાં અંગેના પરિપત્રોને હાથવગે કરાવી તેના અમલની હિમાયત.
૪. ૧૯૪૮નું માનવ અધિકારોનું વૈશ્વિક ઘોષણા પત્ર; બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકાર, સ્ત્રીઓને લગતા ફોજદારી કાયદાઓની કલમોની યાદી અને તેના પાઠ અને ગુના સૂચિને લગતી પુસ્તિકાનું પ્રકાશન.

## III. અમલદારો

'અવાજ'ના કામ અર્થે સંપર્કમાં આવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના ઓફિસરો, ડોકટરો અને અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ.

## IV. કોમ્યુનિટી લીડર્સ અને ફિલ્ડ વર્કર્સ

સ્ત્રીઓની જાગૃતિ :

૧. ઘરેલુ હિંસાનો સામનો કરવાના માર્ગ અને પધ્ધતિ.
૨. આરોગ્ય જેવી સરકારી સેવાઓની ઉપલબ્ધિની સમજ
૩. સફાઇ, પાણી પુરવઠો જેવી મ્યુનિસિપલ સેવાઓના હકની જાણકારી.
૪. પ્રાથમિક કાઉન્સેલિંગની તાલીમ.

૫. દાયણને વૈજ્ઞાનિક પધ્ધતિથી જન્મ કરાવવાની અને જંતુરહિત સાધનોના ઉપયોગની સમજણ અને તાલીમ.

## V. પંચાયતોના સભ્યો

૧. હકો અને ફરજો વિશે સભાનતા અને અમલ.

૨. સ્ત્રી પ્રત્યે સંવેદના.

## VI. જ્ઞાતિ પંચાયતના આગેવાનો અને મોભીઓ

૧. સ્ત્રીઓ પ્રત્યે સંવેદના.

૨. સ્ત્રીઓના બંધારણીય હક અને કાયદા દ્વારા રક્ષણ.

૩. સ્ત્રીઓને લગતી પરંપરા અને પ્રજા સામે ધીમે પણ મક્કમ વિરોધનો સૂર.

## VII. ગામ અને સમુદાયના પુરુષો અને યુવાનો

૧. સ્ત્રી પ્રશ્નો પ્રત્યે સંવેદના.

૨. સાટા લગ્ન જેવા શોષણયુક્ત સામાજિક રિવાજોની નાબૂદી અંગે જાગૃતિ.

૩. અંધશ્રધ્ધાનો વિરોધ.

૪. ડોક્ટર અને હોસ્પિટલના ઉપયોગની હિમાયત.

૫. કન્યા શિક્ષણની હિમાયત.

૬. ભ્રૂણહત્યાનો વિરોધ.

૭. રમખાણોમાં ભાગ ન લેવાના કારણોની સમજ અને હિમાયત.

## નેટવર્કીંગ

અનેકવિધ સ્ત્રી સવાલોને કારણે 'અવાજ' સંદર્ભિત વિવિધ સંસ્થાઓ અને સરકારી વિભાગો સાથે સતત સંપર્ક ધરાવે છે.

એક તરફ સ્ત્રી કેન્દ્રી નીતિ અને તેના અમલ વિશે સરકાર સાથે અને બીજી તરફ પોતાના સ્ત્રી તરફી મુદ્દા અને દૃષ્ટિના ટેકા અર્થે અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સેતુ રચી મહત્વના ધારેલાં પરિણામો મેળવવાનો 'અવાજ'નો પ્રયત્ન છે.

હેતુઓ અને લક્ષ્ય સિધ્ધ કરવા ‘અવાજ’ વિવિધ ક્ષેત્રે સક્રિય થઇ. અમદાવાદ ઔદ્યોગિક શહેર છે. અનેકવિધ નાના-મોટાં ઉદ્યોગો અહીં ધમધમે છે. શરુઆત કોલસા ફેરવવાનું કામ કરતા અસંગઠિત મજૂરોમાં કામ કરવાથી કરી. કોલસા કામદારોને યુનિયનમાં સંગઠિત કર્યા જેથી તેમના વેતન અને કામની સ્થિતિ સુધારવામાં મદદ થાય. રાજ્ય સરકાર દ્વારા તેમને માટેની યોજનાનો લાભ તેમને મળે માટે પબ્લીક ઇન્ટ્રેસ્ટ લિટિગેશન (જાહેર હિતની અરજી) દાખલ કરવામાં આવેલી જેને ચલાવવા એક બોર્ડની રચના કરાઇ.

**માળખું**

સંસ્થાનું વહીવટીય માળખું સરળ છે. સૌથી ઉપર ટ્રસ્ટી મંડળ છે જેની સભ્ય સંખ્યા ૭ છે. ટ્રસ્ટી મંડળ વર્ષે એકવાર મળે છે.સંસ્થાની તમામ આખરી જવાબદારી અને સત્તા મંત્રી પાસે છે. નીતિ વિષયક તેમજ વહીવટીય નિર્ણયો, સરકાર, અન્ય સંસ્થાઓ કે એજન્સીઓ સાથેના સંપર્ક, વગેરેની જવાબદારી મંત્રીની છે.



એક સંસ્થા તરીકે તેના ૨૮ વર્ષના જીવનકાળમાં ‘અવાજ’ના કાર્યક્ષેત્ર તેમજ પ્રવૃત્તિઓનો વિસ્તાર વધતો ગયો છે. વર્તમાન સમયમાં સંસ્થાની પાંચ શાખા કાર્યરત છે. બે શહેરની અને ત્રણ શાખા ગ્રામીણ વિસ્તારમાં સ્ત્રીઓના સવાલો સાથે કામગીરી બજાવે છે.

**પાંચ શાખા**

| શહેર | ગ્રામીણ |
|---|---|
| ૧) ભુદરપુરા | ૧) રાધનપુર |
| ૨) બાપુનગર | ૨) રાપર |
| | ૩) સમી |

મૂળ અને મુખ્ય શાખા ભુદરપુરાની છે, જ્યાં તેની મુખ્ય ઓફિસ આવેલી છે. શરુઆત ભાડાના મકાનથી કરી હતી. સંસ્થા પાસે સાલ ૨૦૦૦ થી પોતાનું મકાન છે. સંસ્થાના કુલ કાર્યકર બહેનોની સંખ્યા લગભગ ૪૫ જેટલી છે.

**ભુદરપુરા**

મંત્રી

સંચાલક

સોશ્યલ વર્કર    કાઉન્સેલર    કોમ્યુનીટી લીડર્સ

એકાઉન્ટન્ટ

ડ્રાયવર

હેલ્પર/ચોકીદાર

બાપુનગરની શાખા બે પાસાંએ કામ કરે છે. એક સામાજિક પ્રવૃત્તિ અને બીજી, સંસ્થાની આર્થિક પ્રવૃત્તિ. આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર બાપુનગરમાં અવેલુ છે.

## બાપુનગર

| અવાજ | અવાજ એકતા |
|---|---|
| સામાજિક | આર્થિક |
| ૧) કાઉન્સેલીંગ સેન્ટર | ૧) સહકારી મંડળી |
| ૨) લીગલ એઈડ | ૨) ઉત્પાદન કેન્દ્ર |
| ૩) તાલીમ કેન્દ્ર | ૩) ઓર્ડર નોંધણી |
| ૪) શોર્ટ-સ્ટે હોમ | ૪) માર્કેટીંગ |
| ૫) રિહેબીલીટેશન સેન્ટર | |
| ૬) સરકારી વિવિધલક્ષી/મહિલા કલ્યાણ કેન્દ્ર | |
| ૭) માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર | |

ઉત્પાદન કેન્દ્રમાં થતાં ઉત્પાદનને બજાર પુરું પાડવા 'એક અવાજ' નામની બ્રાન્ડ તેમજ તે જ નામની દુકાન સાથે વેચાણ કેન્દ્ર છે. જે રાજ્ય તેમજ રાજ્ય બહારના ઓર્ડર મેળવે છે. આજની બજારની હરિફાઈમાં તે ટકી રહ્યું છે.

## રાધનપુર

સંચાલક

સામાજિક કાર્યકર    સામાજિક કાર્યકર

ઓફિસ સહાયક

## રાપર

સંચાલક

સામાજિક કાર્યકર    સામાજિક કાર્યકર

ઓફિસ સહાયક

## સમી

સંચાલક

દર મહિનાના છેલ્લા શનિવારે તમામ શાખાના કાર્યકર બહેનોની પોતપોતાના કામના આદાન-પ્રદાન અંગે નિયામિત રીતે મીટિંગ થાય છે.

મીટિંગમાં કામના રિપોર્ટીંગ ઉપરાંત ચર્ચા-વિમર્શ, ટીકા-ટિપ્પણી, સૂચનો વગેરે ખુલ્લા મનથી ચર્ચાય છે. દર મહિને નિયમિત મળવાના કારણે એકબીજા પ્રત્યે સોશ્યલ બોન્ડિંગ કેળવાયું છે.



પ્રકરણ - ૨

# સ્ત્રી વિરુધ્ધ હિંસા અને જાગૃતિકરણ

લોક માધ્યમો - સિનેમાના પોસ્ટર્સ, સૌંદર્યની અને બીજી ચીજ-વસ્તુઓની જાહેરાતોમાં સ્ત્રીઓને અશ્લીલ ચિતરવામાં આવતી હતી (અને આજે પણ તે ચાલુ જ છે). જેનાથી સ્ત્રીને એક ચીજ-વસ્તુ કે જે બજારમાં બીજાને આકર્ષવા-ખુશ કરવા માટે હોય તે રીતે અંકિત કરવામાં આવતી. 'અવાજ'ના કાર્યકરોને લાગ્યું કે આ પ્રકારના ચિત્રો સ્ત્રીની પ્રતિમાને નીચી પાડે છે. આ અંગે ઈલાબહેને પોતાની કોલમમાં લખ્યું. આ પોસ્ટરો સામે એક સામૂહિક દેખાવનું આયોજન કરી સામૂહિક પ્રતિકાર કર્યો. આ પ્રશ્ન અંગે જન-જાગૃતિ જગાવવા નાની-નાની ચર્ચા સભાઓ ગોઠવી, શેરી નાટકો કર્યાં અને નારી સ્વમાનને જાળવતા પોસ્ટરો ભીંતો પર લગાવ્યા. મધ્યમ વર્ગમાં આ વિષય પર ચર્ચાઓ શરુ થઇ. અને 'અવાજ' સંસ્થા અમદાવાદના જાહેરજીવનમાં અસ્તિત્વમાં આવી. આ સમયે ગુજરાતમાં અને દેશમાં સ્ત્રી પ્રત્યેની નવી દૃષ્ટિથી નવા સ્ત્રી સંગઠનોની શરુઆત થઇ. મથુરા બળાત્કાર કેસ ખૂબ ચર્ચાનો વિષય હતો. દહેજને કારણે સ્ત્રીઓના



અપમૃત્યુના સમાચારો ઠેર ઠેર વર્તમાનપત્રોમાં ચમકતા. સ્ત્રીઓના અશ્લીલ ચિત્રો સામેના આંદોલનમાં 'અવાજ'ને સ્ત્રી સામેની હિંસાના વ્યાપક જાહેર સ્વરૂપનો અંશ દેખાયો અને સ્ત્રી વિરૂધ્ધ હિંસા સંસ્થાનો મહત્વનો કાર્યક્રમ બન્યો. હકીકતમાં 'અવાજ'ના કાળક્રમે વિકસેલ વૈચારિક ભૂમિકામાં અને પ્રવૃત્તિઓમાં સ્ત્રી વિરુધ્ધ હિંસાનો મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો.

સ્ત્રી વિરુધ્ધ હિંસા જાહેર સ્થળે/ક્ષેત્રમાં વિવિધ સ્વરૂપે દેખાઇ. જેમાં વ્યક્તિગત કે સામૂહિક બળાત્કાર, છેડતી, મારપીટ, અપમાન, માનહાનિ, કટાક્ષ અને મશ્કરીઓ, બે કોમ વચ્ચે થતાં ઝઘડામાં સ્ત્રીઓની સામૂહિક જાતીય સતામણી અને હત્યા, તેમની સામે બિભત્સ વર્તણૂક વગેરેનો સમાવેશ થાય છે. આ બધાની સામે સૈધ્ધાંતિક રીતે કાયદાના રક્ષણની જોગવાઇ છે. સામાજિક હિંસામાં સ્ત્રીઓને તેમની ઇચ્છા વિરૂધ્ધ અપાતી કેટલીક ભૂમિકાઓ અને કાર્યો; સામાજિક રીતરિવાજો જેવા કે સતીપ્રથા, દહેજ, બાળલગ્ન, ધાર્મિક-સામાજિક પ્રસંગોમાં સ્ત્રી પ્રત્યે ભેદભાવ અને આભડછેટ પણ હિંસાના પ્રકારો છે.

આ ઉપરાંત અંગત જીવનમાં પરિણીત સ્ત્રી-પુરુષના કૌટુંબિક સંબંધોમાં ઘરની ચાર દિવાલો વચ્ચે થતી ઘરેલું હિંસાનો સવાલ બહુ મોટો છે. આ હિંસાના બે પ્રકાર છેઃ ૧) શારીરિક અને ૨) માનસિક ત્રાસ. જો કે, શારીરિક અત્યાચાર સાથે માનસિક અત્યાચાર છૂટો પાડી શકાય તેમ નથી. શારીરિક અત્યાચારમાં મારઝૂડ કરવી; ગરમ ડામ દેવા, અપૂરતો કે બિલકુલ ખોરાક આપવો નહી, સખત પરિશ્રમ કરાવવો, જાતીય સતામણી, વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે માનસિક અત્યાચાર સૂક્ષ્મ છે. મહેણાં-ટોણા,; ટીકા-ટિપ્પણી, જાહેરમાં કે કુટુંબમાં અપમાન, ઉતારી પાડવું, ઘૃણા-ધિકકાર ભરેલાં વર્તન દ્વારા સ્ત્રીને સતત પીડવામાં આવે.

સંસ્થાને અહેસાસ થયો કે સમાજમાં આ પ્રકારની સ્ત્રી વિરૂધ્ધ આચરાતી હિંસાના બનાવો એકલ-દોકલ નથી પણ તેનું પ્રમાણ ઘણું ઊંચું અને વ્યાપ વિશાળ છે.

વળી સ્ત્રી વિરૂધ્ધ આચરાતા કૌટુંબિક અત્યાચાર સમાજ માટે સામાન્ય ઘટના બની ગઈ છે. સ્ત્રીની પીડા-વેદનાની જાહેરક્ષેત્રમાં ખાસ નોંધ લેવાતી નથી.

કુટુંબમાં આચરાતી સ્ત્રી વિરુધ્ધ હિંસા અને સ્ત્રીના મૃત્યુને કુટુંબની અંગત બાબત ગણવાની વિભાવનાને 'અવાજે' પડકારી. દહેજ એક માત્ર સ્ત્રીના અપમૃત્યુનું કારણ નથી. અન્ય કારણો પણ છે, જે સ્ત્રીને અપમૃત્યુ સુધી લઈ જાય કે ના પણ લઈ જાય.

'અવાજે' અપમૃત્યુના બનાવોને સમજવા, તેમજ તેની પાછળ રહેલા કારણો, તેનો વ્યાપ અને તેના પાસાઓની જાણકારી માટે એક અભ્યાસ કર્યો. આ અભ્યાસમાં મુખ્યત્વે અમપૃત્યુના જે બનાવો બન્યા હતા તેના આધારિત તેનું પૃથ્થક્કરણ કર્યું. ખાસ કરીને અપમૃત્યુના કારણો સમજવાનું. અભ્યાસ એક વર્ષ ચાલી ૧૯૮૫માં પૂરો કર્યો. અભ્યાસમાંથી બે તારણો નીકળ્યા.

૧) પિયરીયામાં દિકરી પારકી થાપણ અને
૨) સાસરીમાં તે પારકા ઘરની

આમ કહેવાય બે ઘરની પણ હકીકતમાં જરૂરતમંદ, તરછોડાયેલી સ્ત્રીને બન્ને ઘરેથી જાકારો મળે. પિતૃસત્તાક કુટુંબના નિયમો, પરંપરાઓ અને રીતી-રિવાજને ચુસ્તપણે વળગી રહેતુ પિતાનું કુટુંબ સ્ત્રીને રાખવા નારાજ સાથે સમાજનો ડર અને નામોશીની બીક. ઉપરાંત આજીવન પોષવાની નામરજી, તેની જાતીયતા પર કાબૂ રાખવાનો બોજ, જેવા કારણોસર પિયર પક્ષ પતિ ઘરે પાછી મોકલે.

સ્ત્રીઓ પ્રત્યેનો સામાજિક અભિગમ અને તે દ્વારા બન્ને પક્ષે આત્મસાત્ કરેલાં મૂલ્યો - માન્યતાઓને કારણે સ્ત્રી પ્રત્યે અત્યાચાર સમાજમાં સહજ અને સ્વીકાર્ય બને છે.

હકીકતમાં મોટાભાગની સ્ત્રી અત્યાચાર સહન કરે છે. 'અવાજ'ના સ્ત્રી પર કુટુંબમાં થતાં અત્યાચારના ૧૯૮૫ના સર્વેના આંકડાનું વર્ગીકરણ કરતાં તેના પ્રકારો નીચે મુજબ જણાયા.

૧) મારઝૂડ અને માનસિક ત્રાસ
૨) કૌટુંબિક ઝગડા
૩) દારુના વ્યસનને કારણે ઘરેલુ હિંસા
૪) છૂટાછેડા
૫) બે પત્ની
૬) લગ્ન બહારના સંબંધ
૭) આર્થિક ભીંસ - ગરીબાઇ
૮) બેકારી
૯) જાતીય સતામણી
૧૦) માનસિક દુર્દશા

અભ્યાસ દ્વારા આવેલ તારણોને આધારે 'અવાજે' તેની રણનીતિ ઘડી કાઢી :

૧) સ્ત્રીની પોતાની પોતાના વિશેની સમજ ઊંચી ઊઠાવવી.
૨) જરૂરતમંદ સ્ત્રી મદદ માંગે ત્યારે સલાહ કેન્દ્રો દ્વારા તેને સાંભળવી.
૩) સમાજનો અમાનવીય અભિગમ અને કૌટુંબિક અત્યાચારને જાહેરમાં પ્રસિધ્ધ કરવા.
૪) કુટુંબમાં થતી સ્ત્રીની મારઝૂડ વિરુધ્ધ 'અવાજ' ઉઠાવવો.
૫) પોલીસને સ્ત્રીઓને લગતા કાયદાઓની તાલીમ આપવાની માંગ સાથે તેઓનું સ્ત્રીઓ પ્રત્યેનું વલણ બદલાય તે અર્થે પોલીસ સાથે સંવાદ સ્થાપવો.
૬) ઘરના વડીલો, શાળાઓ, પાઠ્યપુસ્તકો, લોક માધ્યમો વગેરે દ્વારા છોકરીઓને શીખવાતા ગૌણત્વ અને સમર્પણના પાઠોનો વિરોધ કરવો.

ઘરેલું હિંસાની કંઈક આછી પાતળી વિભાવના કરવા સાથે હિંસા અંગે 'અવાજે' પોતાનો દષ્ટિકોણ સ્પષ્ટ કર્યો કે સ્ત્રીને બચાવવાથી, એના સ્વમાનની સુરક્ષાથી કુટુંબ બચશે, કુટુંબ જીવન સ્વસ્થ અને સુખમય બનશે. પણ કુટુંબ સ્ત્રીના ભોગે બચાવવાથી કુટુંબનું સ્વાસ્થ્ય સુધરે નહીં.

આ દરમ્યાન દેશમાં દહેજ વિરોધી સ્ત્રી આંદોલનો મોટા પાયે થયા. નાગરિક સમાજનું રાજ્ય પર દબાણ વધ્યું. કર્મશીલોની માગણી હતી કે ઇન્ડીઅન પીનલ કોડમાં (ઇ.પી.કો) એવો સુધારો થાય કે જેથી સ્ત્રીના અપમૃત્યુ માટે સ્ત્રીના પતિ કે અન્ય નજીકના સગાંની ભૂમિકા અંગે તપાસ કરવાનું જરૂરી બને. પરિણામે ઇ.પી.કો. ૪૯૮-એ ઉમેરાઇ એટલે ઘરેલું હિંસા કેસ કોગ્નેઝબલ બન્યો. કોઇ કેસ નોંધાવે કે ના નોંધાવે, પોલીસે સામેથી અપમૃત્યુ થાય એટલે ફરિયાદ નોંધવી ફરજિયાત બની. પોલીસને કેસની તપાસની જવાબદારી ફરજના ભાગરૂપે સોંપવામાં આવી. વળી આ કાયદા અન્વયે ફરિયાદીએ જેના નામ દીધાં હોય તે વ્યક્તિ કે વ્યક્તિઓની ધરપકડ પોલીસ કરી શકે અને આવી ધરપકડ વોરંટ વગર થઇ શકે. ઉપરાંત ૧૯૮૩માં ૪૬માં કાયદાના સુધારા દ્વારા ૧૧૩-એ કલમનો ઉમેરો થયો. આ કલમના આધારે પરિણીતા સ્ત્રીની આત્મહત્યાના દુષ્પ્રેરણા માટે પતિ કે પતિના સગાની જવાબદારી તેની આત્મહત્યાના દુષ્પ્રેરણામાં સમજાય તે સ્વીકારાયું.

પણ આમ છતાંય અપમૃત્યુના બનાવોમાં કંઇ જ ફરક દેખાયો નહીં. કામ કરતાં અનુભવ્યું કે પોલીસ જ્યારે ૪૯૮-એ હેઠળ ઘરેલુ હિંસા ફરિયાદ નોંધે ત્યારે સ્ત્રીઓ ફરિયાદ નોંધાવી શકતી ન હતી, 'અવાજ'ના કાર્યકરોની આવા કેસમાં દરમ્યાનગીરી હોવા છતા. આથી 'અવાજે' વિચાર્યું કે ૪૯૮-એ કલમ સ્ત્રીઓને ખરેખર ઉપયોગી પુરવાર થઇ છે કે કેમ? અનુભવે સમજાયું કે મોટા ભાગના પોલીસ ઓફિસરોને આ નવી કલમની ખબર જ ન હતી.

વળી આ કલમ હેઠળ ગુનો નોંધે તો તેમનું તપાસ માટેનું કામ વધી જાય.

'અવાજ'ના કાર્યકરોએ આ કલમનો ઉપયોગ થાય તે માટે વારંવાર સંઘર્ષ કર્યો. કોર્ટની સહાય પણ લેવામાં આવી. પણ વર્ષો જતાં જોયું કે સ્ત્રીઓના અપમૃત્યુની સંખ્યામાં ઘટાડાને બદલે વધારો થાય છે. ૧૯૮૪માં ૧૪૧૮ અપમૃત્યુના કેસો નોંધાયા હતા, જે વધીને ૧૯૯૫માં ૫૧૧૨ કેસો જોવા મળ્યા.

'અવાજે' આ પરિસ્થિતિથી વ્યથા અનુભવી. કાર્યકરોના મનમાં નવી કલમના સંદર્ભે ઘણાં સવાલો ઊભા થયા. આ કલમ અન્વયે પીડીત સ્ત્રીને ફાયદો થયો? તેવી સ્ત્રીને ન્યાય મેળવવામાં માર્ગદર્શન આપતી સ્વૈચ્છિક સંસ્થાની શું સ્થિતિ થઇ? વકીલોનો અભિગમ કેવો અને તેઓનું વલણ-વર્તન કેવાં? પોલીસ કઇ રીતે આ કલમનો ઉપયોગ કરે? કુટુંબમાં સ્ત્રી વિરૂધ્ધ થતા અત્યાચારના કેસ નોંધવામાં પોલીસની ભૂમિકા શું રહી? પોલીસે સ્ત્રીની ફરિયાદને આધાર મળે એવા પુરાવા એકઠા કરવાની તકલીફ લીધી હતી? પત્નીની મારઝૂડ જેવી કૌટુંબિક અંગત બાબતને તેઓ જાહેરમાં ગુના તરીકે નોંધવા તૈયાર હતા? કલમ ૪૯૮-એ અન્વયે નોંધાયેલા કેસોનું કોર્ટોમાં શું થયું? શહેરની સંદર્ભિત જ્યુડીશ્યરીમાં આ અંગે કોઇ ચર્ચા-વિચારણા થઇ છે ખરી? કેટલા કેસોમાં આરોપીઓને સજા થઇ? પીડિત સ્ત્રીઓને ન્યાય મળ્યો? આ કલમ હેઠળ ફરિયાદ નોંધાવનાર બધી જ સ્ત્રીઓ શું નિરાધાર થઇ ગઇ? તેઓનો સામાજિક બાયકોટ કરાયો કે પુનર્વસન થયું? પોતાના ઘરમાં અત્યાચાર ગુજારાતા પતિઓને કોઇ સજા થઇ?

આ પ્રશ્નોના જવાબ જાણવા ૪૯૮-એ કાયદાના અમલના સંદર્ભમાં એક અભ્યાસ 'સ્ત્રી વિરુધ્ધ કુટુંબમાં થતા અત્યાચારનો પરિણામે' હાથ ધરવામાં આવ્યો.

**અભ્યાસનો મુખ્ય હેતુ :**

**રાજ્યની વહીવટી અને ન્યાયિક પાંખના પ્રતિભાવોના અભ્યાસના પરિપ્રેક્ષ્યમાં કલમ ૪૯૮–એ ને પરિણામે સ્ત્રીઓના જીવન પર પડેલી અસર**

**સમજવાનો. સાથે સ્ત્રી–તરફી કાયદાના અસરકારક અમલ માટે કોઇ નીતિ વિષયક ફેરફારો થયા હોય તેની તપાસ કરવી.**

આ અભ્યાસ માટે ગુજરાતમાં પોલીસ દફતરે નોંધાયેલા અપમૃત્યુના કેસોની માહિતી ભેગી કરવાનું કામ પ્રથમ હાથ ધર્યુ. આ સાથે ગુના અંગે લાગુ પડેલ જુદી જુદી કલમોનું પૃથ્થક્કરણ કર્યુ.  આ સાથે પોલીસ પાસેથી ૨૨ કેસોની વિગતો મળી. તેમાંથી ૨૦ કેસોનો વિગતે અભ્યાસ કર્યો.

અભ્યાસ અંગે તારણમાં પોલીસ નોંધણીની પધ્ધતિ ખામી ભરેલી જણાઈ. એક સરખી ફરિયાદમાં એક સરખા ગુનાઓ માટે જુદી જુદી કલમો લગાડવામાં આવતી અને એક સરખી કલમો જુદા જુદા ગુનાઓ માટે લગાડવામાં આવતી. બીજું તારણ એ કે જરૂરી પુરાવા એકત્ર થતાં  નથી. ત્રીજા તારણમાં કોર્ટમાં સુનાવણીની કાર્યવાહી શરુ થાય તે પહેલાં સમાધાન થઈ જાય છે. ખાસ કરીને કૌટુંબિક ઝગડામાં. ‘અવાજ’ આ તારણથી વ્યથિત છે. ‘અવાજ’ને લાગે છે કે પહેલું તો ફરિયાદી સ્ત્રી બિનજવાબદાર અને મૂરખ દેખાય છે. તદ્‌ઉપરાંત તે હાંસી પાત્ર બને છે. બીજું કુટુંબને અખંડ રાખવા થતું સમાધાન સમાનતાના પાયા પર થતું નથી. પરિણામે સ્ત્રીનું પલ્લું ખૂટતું જ રહે છે.

સમગ્ર અભ્યાસના આધારે ‘અવાજ’નું નિરીક્ષણ છે કે સ્ત્રી પર અત્યાચાર કરવામાં ધર્મભેદ નથી. હિંદુમાં થતાં અપમૃત્યુની સંખ્યામાં ઓબીસી (અન્ય પછાત વર્ગો)ની સ્ત્રીઓની સંખ્યા વધુ છે. બધા જ વર્ગ અને જ્ઞાતિની સ્ત્રીઓ અત્યાચાર સહે  છે. પરંતુ સરખામણીએ ગરીબ અને નીચા ગણાતા સમુદાયની સ્ત્રીઓ વધુ પીડિત છે. જો કે, ઉપલા ગણાતા સમુદાયોમા રાજપૂત સ્ત્રીઓ સૌથી વધુ મૃત્યુને શરણે થાય છે.

‘અવાજ’ અભ્યાસના તારણનું સમાપન કરતાં જણાવે છે કે સમગ્ર ન્યાયિક પ્રક્રિયા જેઓના હાથમાં છે તે પોલીસ, વકીલ, મેજીસ્ટ્રેટ્સ, રાજ્ય, સ્ત્રીના

સગાં, વગેરે ઘણે અંશે પિતૃસત્તાક માનસથી જ ફરિયાદી સ્ત્રીને તપાસે છે અને મૂલવે છે. સ્ત્રીને સંપૂર્ણ ન્યાય ભાગ્યે જ અને ઓછા કેસોમાં મળે છે.

**૧૯૮૫ અને ૧૯૯૫ના અભ્યાસોના તારણોને આધારે 'અવાજે' નવી રણનીતિ ઘડી કાઢી.**

૧) સ્વ-ઓળખ સાથે સ્ત્રીનું આત્મ સન્માન કેળવવું.
૨) જરૂરતમંદ પીડિત સ્ત્રીને પાછી કાઢવી નહીં અને સલાહ કેન્દ્રોમાં હંમેશા ધીરજપૂર્વક સાંભળવી.
૩) કૌટુંબિક અત્યાચારને જાહેરમાં આણવા.
૪) કુટુંબમા થતી સ્ત્રીની મારઝૂડનો વિરોધ કરવો.
૫) સ્ત્રીઓને લગતા કાયદાઓ અંગેની તાલીમ પોલીસને આપવી..
૬) પોલીસ સાથે સંવાદ કેળવી તેનો સ્ત્રી પ્રત્યેનો અભિગમ બદલવો.
૭) જાહેર તેમજ કુટુંબ ક્ષેત્રે સ્ત્રીની પ્રતિમાને હાનિ કરતી તમામ બાબતો અને સામગ્રીનો વિરોધ કરવો.

**રણનીતિના અમલ કાજે સંસ્થાએ વિવિધ સ્ટ્રેટેજી અપનાવી :**

૧) શેરીનાટકો દ્વારા અત્યાચારને પ્રસિધ્ધિ.
૨) સ્ત્રી જૂથોની જાગૃતિકરણ શિબિરોના આયોજન કરવા.
૩) પોલીસની જાણકારી અને સંવેદના વધારવા.
૪) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે પ્રસિધ્ધ કરેલા પાઠ્યપુસ્તકોની છણાવટ કરી તેનો અહેવાલ સરકારને મોકલવો.

**રણનીતિનું પરિણામ :**

૧) સ્ત્રી જૂથોની જાગૃતિ વધી.
૨) પોલીસના અભ્યાસક્રમોમાં સ્ત્રીઓને લગતા કાયદા ઉમેરાયા.
૩) પાઠ્યપુસ્તકોમાં સુધારા થયા.

ભારતના બંધારણ દ્વારા સ્ત્રી અને પુરષને સમાન ગણવામાં આવ્યા છે. બન્નેને સમાન અધિકારો છે. તે વાતને વારંવાર બંધારણની જોગવાઈઓ, કાયદાની કલમો, ન્યાયાલયના ચુકાદાઓ, દાખલા-દલીલો દ્વારા સમજાવવામા આવે છે. આ કાર્ય સરળ ભાષામાં પ્રવચનો, સચિત્ર પુસ્તિકાઓ, પોસ્ટર્સ, વગેરે દ્વારા તેમજ પ્રશ્નોત્તરી દ્વારા સમજાવવામાં આવે છે. સ્વમાન અને અધિકારોનાં ગીતો ગવાય છે.

## જાગૃતિકરણ

'અવાજ'ની કાર્યપધ્ધતિમાં પહેલુ પગથિયું જાગૃતિકરણ છે. જાગૃતિકરણમાં સ્ત્રીને એક સ્વતંત્ર વ્યક્તિ અને નાગરિક તરીકે મૂલવવામાં આવે છે. ખાસ કરીને જાગૃતિકરણ માટે શિબિરો, વર્કશોપો અને એડવોકસીના કાર્યક્રમો પર ભાર આપવામા આવે છે. શિબિર કે વર્કશોપ બે થી પાંચ દિવસની મુદતની હોય છે.

શિબિર કે વર્કશોપનો મુખ્ય મુદ્દો સ્ત્રીના સ્વતંત્ર્ય વ્યક્તિત્વ તેમજ તેમના અસ્તિત્વ અને સામાજિક ન્યાયની જરૂરિયાત હોય છે. આ પછી અને તે સાથે સાથે જે તે ક્ષેત્ર-જૂથની જરૂરિયાત અને એમાંથી ઉપસ્થિત થતાં સવાલો પર સંવાદ-વાતચીત થાય છે. આ સંવાદ-વાતચીતમાં સ્ત્રી આરોગ્યની જાળવણી, આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા પર વિશિષ્ટ ભાર આપવામાં આવે છે. આરોગ્યને માનવ અધિકાર તરીકે લઇ સ્ત્રીઓના પ્રજોત્પાદન અને બાળ આરોગ્યના વિશેષ હકને જાગૃતિકરણમા વણી લેવામાં આવે છે. ઉપરાંત સ્ત્રી પરત્વે અત્યાચારના કારણે સ્ત્રીઓના શારીરિક તેમજ માનસિક આરોગ્ય પર થતી અવળી અસર અંગે વર્કશોપ શિબિરમાં ભાગ લેનાર સ્ત્રી-પુરુષ બન્નેને જાગૃત કરવામાં આવે છે.

જાગૃતિકરણ શિબિરને કારણે સંસ્થા સાથે સ્ત્રીઓ સ્વ અંગે સભાન થઇ. પોતાના અસ્તિત્વની અગત્યતા, રાષ્ટ્રીય ઉત્પાદનમાં સ્ત્રીઓનું પ્રદાન. તેમના

અધિકારો, સમાન નાગરિકનો દરજ્જો વગેરે વિશે જાણકારી ધરાવતી થઇ. અત્યાચાર સહન નહીં કરવાની મકકમતા કેળવાતી ગઇ. પ્રવર્તતા ચીલાચાલુ ખ્યાલો અને માન્યતાઓમાંથી બહાર આવતી થઇ. ઘરેલું હિંસાના કેસ વખતે પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતી કે નજીકની સ્વૈચ્છિક સંસ્થાનો સંપર્ક કરતી થઇ. સ્થાનિક સવાલોની જાણકારી, તે અંગેની માહિતી અને તેમને પ્રાપ્ત થતાં હકો વિશેની સભાનતા કેળવાતી ગઇ.

**નારી સમિતિ :**

જાગૃતિના કાર્યક્રમની સાથે સાથે કાર્યક્ષેત્ર પર સ્ત્રીઓને સંગઠિત કરવા 'અવાજ' નારી સમિતિની રચના કરે છે. આનાથી સ્ત્રી સમૂહ સંગઠિત થાય છે. સ્ત્રીઓમાં એકબીજા પ્રત્યે સહકારની ભાવના વિકસે છે. એકતા કેળવાય છે. જરૂરત વખતે તેઓ એકબીજાને મદદ કરે છે. આને કારણે સામૂહિક તાકાતનો એહસાસ થાય છે. સામાજિક બદીઓ જેવી કે દારૂ-દહેજ સામે 'અવાજ' ઉઠાવવાની સભાનતા કેળવાય છે. અને સ્થાનિક પ્રશ્નોને સત્તાધીશો સામે રજૂ કરવાની તાકાત વધે છે. નારી સમિતિ 'અવાજ'ની સબળ અને સફળ સ્ટ્રેટેજી સાબિત થઇ છે. નક્કર પરિણામના લક્ષ્ય સાથે દરેક શિબિર/વર્કશોપને અંતે સમિતિ સક્રિય બનાવાઇ છે.

(૧) ૨૦૦૪ થી ૨૦૦૬ સુધીમાં જુદા જુદા સોળ ગામોમાં નારી સમિતિની દસ મીટિંગોનું આયોજન કરવામાં આવ્યું હતુ.
(૨) સમિતિના લીડર્સની બે વર્કશોપ યોજવામાં આવી હતી.
(૩) જરૂર જણાતાં ત્રીજી એડવાન્સ્ડ ટ્રેઇનીગ દ્વારા કલમ ૪૯૮-એ ની વિગતે સમજૂતી આપવામાં આવી હતી.
(૪) બહારના જગત સાથે સંપર્કમાં આવે અને જાણકારી વધે એ હેતુથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન થયું હતું.
(૫) સામાજિક કુરિવાજો સામેના સંઘર્ષને મજબૂત બનાવવા વિસ્તારના યુવાનો સાથે નારી સમિતિની શિબિરનું આયોજન.

(૬) નારી સમિતિ અને પંચાયતના સભ્યો વચ્ચે મુલાકાત.

બીજી બાજુ બાપુનગર શહેરનો ઝૂંપડપટ્ટી વિસ્તાર છે, જયાં હિંદુ-મુસ્લિમ વસતી વસે છે. અહીં જુદા જુદા સ્ત્રીઓના જૂથોને નારી સમિતિઓમાં સંગઠિત કરવામાં આવ્યા. આ સમિતિઓ પોતાના વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ મેળવવાનું કે વિધવા સ્ત્રીઓના પેન્શન મેળવી આપવાનું જેવા અનેકવિધ કામો કરે છે. કેટલાક આરોગ્ય શિક્ષકની તાલીમ લઇ વિસ્તારમાં આરોગ્ય લક્ષી કામો કરે છે. આ સમિતિઓમાં હિંદુ-મુસ્લિમ બન્ને કોમોની સ્ત્રીઓ સભ્ય છે, અને ઘરેલું હિસાના બનાવ વખતે બન્ને એકબીજાને મદદ કરે છે.

**નારી સમિતિનાં કાર્યો :**

સ્થાનિક સામાન્ય કામો સાથે સ્ત્રી લક્ષી કામો કરે છે. જેવાં કે,

૧) ઘરેલું હિંસાનો વિરોધ
૨) સ્ત્રીઓના સવાલને ટેકો
૩) સ્ત્રીઓને આપઘાત કરતી રોકવી
૪) પીડિત, દુઃખી સ્ત્રીને સંસ્થા પાસે લઇ જવી

રાપર જેવા દૂર પછાત વિસ્તારમાં જયાં અંધશ્રધ્ધા પ્રવર્તે છે ત્યાં અંધશ્રધ્ધા એક દૂષણ અને તેની આરોગ્ય પર અસરને સમજાવવામાં આવે છે. બાળલગ્ન જેવા અને સાટા લગ્ન જેવા સામાજિક કુરિવાજોનો વિરોધ કરવાનું જણાવાય છે. તેની ખરાબ અસરને સમજાવાય છે. ભૌગોલિક, સામાજિક તેમજ આર્થિક ભિન્ન પરિબળોને કારણે રાપરમાં લોક ભાગીદારી ઊભી કરવાની જરૂર લાગી. અહી નારી સમિતિની રચના કરી. નારી સમિતિના સભ્યોને લીડરશીપ ટ્રેઇનીંગ આપવામાં આવી. આ લીડર્સને વર્કશોપ દ્વારા ઘરેલુ હિંસા, બળાત્કાર, અત્યાચાર જેવી બનતી ઘટનાઓ વખતે ભોગ બનનાર સ્ત્રીઓને કેવી અને ક્યારે મદદ પહોંચાડવી તે અંગે તાલીમ આપવામાં આવી.

**સલાહ કેન્દ્રો :**

અત્યાચાર પીડિત સ્ત્રીઓને વિકટ અને સંવેદનશીલ પરિસ્થિતિમાં શું કરવું અને શું ન કરવું તે અંગે માર્ગદર્શન જોઈએ છે. વળી તેઓને માનસિક આવેગ વખતે કોઈક તેમને સધિયારો આપે, હાથ પકડે, એમની વાત સહાનુભૂતિપૂર્વક સાંભળે તેવી સંસ્થા કે વ્યક્તિઓની જરૂર હોય છે. આ માટે સલાહ કેન્દ્રો સરકાર દ્વારા તેમજ સ્વૈચ્છિક મંડળો દ્વારા ચાલતા હોય છે. ઘણી સંસ્થાઓમાં તાલીમ પામેલા સમાજ સેવકો, માનસ શાસ્ત્રીઓ અને કાયદાના જાણકાર (વકીલ) સંકળાયેલા હોય છે. આવા સલાહ કેન્દ્રની જરૂરિયાત 'અવાજ'ને શરુઆતથી જ લાગવા માંડી જ્યારે પીડિત સ્ત્રીઓ તેમની મદદ માંગવા લાગી. ૧૯૮૫-૮૬માં કોમી રમખાણાગ્રસ્ત બાપુનગર વિસ્તારમાં સલાહ કેન્દ્રની શરુઆત થઈ. તે સાથે મૂંઝવણ ઊભી થઈ કે કેવા પ્રકારની સલાહ આપવી.

બૃહદ ગુજરાતી કોશમાં સલાહ શબ્દનું ચાર રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે :

(૧) શિખામણ, બોધ, જ્ઞાનોપદેશ (૨) દોરવણી, (૩) ઇરાદો, મત, અભિપ્રાય (૪) સુલેહ, સંધિ, મેળ, ચારેય અર્થઘટનમાં એક પાતળી ભેદરેખા છે. સામાન્યતઃ સલાહ આપનાર/ સલાહકાર. પ્રથમ અર્થ એકતરફી છે. સલાહકાર શિખામણ કે ઉપદેશ આપે છે. સલાહ લેનાર તે સાંભળે છે, સમજે છે. સલાહની સમગ્ર પ્રક્રિયા ફરજિયાત છે. પરંતુ કોઈ પક્ષે બંધનકર્તા નથી. દોરવણી વખતે બન્ને પક્ષ વચ્ચે આંતરક્રિયા અને વાટાઘાટને અવકાશ રહે છે અને બન્ને પક્ષે બાંધછોડનું તત્વ ઉમેરાય છે.

અનુભવે અને નિરીક્ષણે સંસ્થાને સમજાયું કે સલાહ કેન્દ્રોનો સમાધાનનો પ્રચલિત અભિગમ બિનઅસરકારક છે. થોડા દાયકાથી સ્વીકારાયેલી આ પધ્ધતિ વધતા જતા કૌટુંબિક વિખવાદ અને અપમૃત્યુને ઓછા કરી શકી નથી.

'અવાજ'ના કાર્યકરોનું મંતવ્ય છે કે અત્યાર સુધીના પ્રયત્નો પુરૂષપ્રધાન સમાજ રચનાને સ્વીકારીને થયા. રૂઢિગત ગૃહિતોને લઈને જ સૌ ચાલ્યા. તેથી ગોળ ગોળ ફર્યા તેની તે જ ફરિયાદ સાથે. આથી, 'અવાજ' સંસ્થા પ્રચલિત પધ્ધતિથી વિચલિત થઈ સંસ્થાની સ્ત્રી કેન્દ્રીય વિચારધારાલક્ષી પધ્ધતિથી કામ કરે છે. જેમાં કુટુંબ બચાવ નહી પરંતુ સ્ત્રી બચાવનું લક્ષ્ય કેન્દ્રમાં હોય છે.

અપમૃત્યુ તરફ ધકેલાતી સ્ત્રીને બચાવવી એટલે પ્રથમ તેને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરાવવી. સમસ્યા સાથે આવેલ સ્ત્રીની માનસિક અસમતુલા હોઈ સલાહ-દોરવણી ગ્રાહ્ય કરી શકે નહી. 'અવાજ'નું સૌ પ્રથમ કામ સ્ત્રીને માનસિક રીતે સ્વસ્થ અને તંદુરસ્ત કરવામાં છે. તેની શારીરિક ઈજાઓને પાટાપીંડી કરી તેનો ભય દૂર કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રક્રિયા દરમ્યાન સલાહકાર પક્ષે સમય, સમજ, ધીરજ અને સહાનુભૂતિ ભારોભાર હોય છે. લક્ષ્ય સ્ત્રીની સ્વસ્થતા છે, કૌટુંબિક સમાધાન કે મેળ નથી.

અત્યાચાર સહન ન થતાં સ્ત્રી ફરિયાદ લઈને આવે છે. આ સમયે પણ તે ગુનાહિત લાગણીથી પીડાતી હોય છે. સ્ત્રીને લાગે છે કે તે સમાજના સ્વીકારાયેલા ધારા-ધોરણો અને માન્યતાઓથી વિચલીત થઈ છે. તે પોતાનો વાંક જોતી હોય છે. ફરિયાદી સ્ત્રીની અપેક્ષા થોડા-ઘણાં ફેરફારોની જ હોય છે. અન્ય સ્ત્રીઓના જીવનથી તે વાકેફ છે. મોટાભાગે તેની માનસિક અવસ્થા સમાધાનો શોધતી હોય છે. આખરે સ્ત્રીઓના માનસ ઘડતર પુરષપ્રધાન સમાજ વ્યવસ્થાની અંદર જ થયેલ છે.

પ્રચલિત અભિગમમાં ત્રણ મુદ્દાઓને અગ્રિમતા અપાય છે. પ્રથમ લગ્ન ટકાવવું, કુટુંબ જાળવવું, અને બાળક ખાતર સ્ત્રીએ સહી લેવું અર્થાત્ તેને થતી મારઝૂડ સહી લેવી. સમાજે સ્ત્રી માટે આચારસંહિતા ઘડી છે. મૂંગા રહેવું, તાબે થવું, સામે ન બોલવું, પતિ અને વડીલોનો વાંક ન જોવો, સર્વની સેવા કરવી, ત્યાગ કરવો, દુઃખ સહન કરવાં વગેરે. આ સર્વ ગુણોને આદર્શ માનવામાં આવે

છે. પુરુષપ્રધાન સમાજમાં મોટાભાગના સ્ત્રી-પુરુષોએ આ આદર્શ આત્મસાત્ કર્યો છે. સલાહકાર તેમજ સલાહ લેનાર સ્ત્રી પણ આ જ ખ્યાલ સાથે ચાલે છે. પરિણામે કાઉન્સેલરો મદદ માંગવા આવેલી સ્ત્રીને તેનું વર્તન સુધારવાની શીખામણ આપે છે. બીજી બાજુ ફરિયાદી સ્ત્રી થોડા ઓછા ત્રાસે પાછી ફરવા તૈયાર થાય છે.

'સ્ત્રી સાસરે જ શોભે', 'એ જ તેનું સાચું ઘર છે', 'કુટુંબમાં સમાઇને રહેવું જોઇએ', 'બધાને અનુકૂળ થઇને રહેવું', 'થોડું સહન કરવું', 'જતું કરવું', વગેરે ખ્યાલો સમાજમાં પ્રવર્તમાન છે. સ્ત્રીનું પિયર પણ આ ખ્યાલ ધરાવે છે. તમામ સામાજિક હકીકતો સ્ત્રીને સમાધાનકારી વલણ તરફ ધકેલે છે. પિયરવાળા પણ તેને સાસરે પાછા જવા સમજાવે છે. અંતે ફરિયાદી સ્ત્રી એકલતા, અસલામતી અને છૂપા ભયનો અનુભવ કરે છે. ડામાડોળ માનસિક અવસ્થાથી તે ઘેરાયેલી હોય છે. અહીં 'અવાજ'નો સ્ત્રી-કેન્દ્રી અભિગમ સ્ત્રીની મદદ આવે છે.

**સલાહ પ્રક્રિયા :**

**સ્ત્રી કેન્દ્રી અભિગમ**

'અવાજે' સલાહ પ્રક્રિયા માટે ત્રણ પાંખિયાવાળો એક મોડ્યુલ વિકસાવ્યો છે, જેમાં,

૧) મનોવૈજ્ઞાનિક મદદ
૨) સામાજિક સહાય
૩) કાનૂની ઉકેલ

સંસ્થા પાસે મર્યાદિત સ્ત્રી-શક્તિ, સમય અને સંસાધનો હોવાને કારણે તેમજ સ્ત્રીઓ વધુ જરૂરતમંદ હોઇ, 'અવાજ'ની નીતિ ફક્ત સ્ત્રીઓ દ્વારા કરાયેલી અરજીઓને સ્વીકારવાની રહી છે.

સમગ્ર પ્રક્રિયા સ્ત્રી કેન્દ્રી છે. સ્ત્રીઓને માનસિક શાંતિ અને હૈયાધારણ સાથે તેમનું સ્વમાન ઊંચુ આણવાનો તેમજ આત્મવિશ્વાસ ઊભો કરવાનો પ્રયત્ન કરાય છે. સ્ત્રીના અધિકારો વિશેની નારીવાદી સમજ સ્ત્રીઓને અપાતી મદદના પાયામાં છે. સામાન્ય રીતે યુનિવર્સિટીઓમાંથી સમાજ કાર્યની તાલીમ પામેલા સમાજસેવકો કે પરંપરાગત સલાહકારો સ્ત્રી પુરુષ વચ્ચેના ઝઘડામાં તટસ્થ રહેવાનું પસંદ કરે છે. પરંતુ 'અવાજ'ના સલાહકારો સ્ત્રી-તરફી વલણ અપનાવે છે. 'અવાજ'ની સ્ત્રી-કેન્દ્રી વિચારસરણી સ્પષ્ટ છે. પિતૃસત્તાક વ્યવસ્થાનો ભોગ બનેલી સ્ત્રીઓ દબાયેલી, કચડાયેલી અને શોષિત હોય છે પણ સાથે સત્તાહીન બનાવી દેવાઇ હોય છે. જો કે, 'અવાજ'ને સ્ત્રીઓની તાકાતમાં વિશ્વાસ છે. સંસ્થા માને છે કે સ્ત્રીઓ શોષણખોર માળખાને પડકારવા સમર્થ છે. પ્રથમ તબક્કો મુલાકાતનો છે. પ્રાથમિક ઓળખની વિગતો લઇ ફરિયાદી સ્ત્રી પાસે તેની સમસ્યાનું વર્ણન સાંભળવામાં આવે છે. સલાહકાર સંસ્થા અંગેની માહિતી પૂરી પાડે છે. પ્રાથમિક તબક્કામાં એક પારસ્પરિકતાનું અને માળખાકીય પ્રક્રિયાનું સ્થાપન થાય છે. મદદ માગનાર સ્ત્રી વિગતે પોતાની સમસ્યા રજૂ કરે છે. અનુભવો અને લાગણીઓને વ્યક્ત કરે છે. સંસ્થા પાસેની અપેક્ષા જણાવે છે. સ્વ-સંકોચ પણ સ્ત્રીએ જ દૂર કરવાનો છે. સંસ્થાનું આ તબક્કે કામ ધીરજ, શાંતિપૂર્વક તેમજ લાગણીમાં દોરાયા વગર તટસ્થ રીતે સાંભળવાનું છે. 'અવાજ'ના સલાહકારો સમગ્ર પ્રક્રિયામાં પોતાની ભૂમિકા પીડિત સ્ત્રીને સહાયકની સમજે છે.

સલાહ પ્રક્રિયા દરમ્યાન સ્ત્રીને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે જોવાય છે. પરિણામે પોતાના અંગેના નિર્ણયનો આગ્રહ સ્ત્રીઓ પાસેથી રખાય છે. અંતિમ નિર્ણય, સહાયની માત્રા અને સ્વરુપ સ્ત્રીએ પોતે નકકી કરવાના હોય છે.

સંસ્થાની નીતિ સહાયાર્થી સ્ત્રીને નથી કોઇ સૂચન કરવાની કે નથી તેને બદલે નિર્ણય લેવાની છે. એવું અપેક્ષીત છે કે સ્ત્રીએ જાતે જ કોઇ નિર્ણય લેવાનો છે.

સલાહકારો સ્ત્રીએ આપેલી વિગતોને તેની સમક્ષ સ્પષ્ટ રીતે મૂકી તેના સંભવિત સારા-ખરાબ પરિણામો શું શું હોઇ શકે તેની પણ જાણ કરે છે.

સ્ત્રી-લક્ષી સલાહ કાર્યનો વ્યાપ વિસ્તરીને દબાણયુકત કૌંટુબિક માળખાને તેમજ સમાજ વ્યવસ્થાને  પડકારવા સુધી પહોંચે છે.

સલાહકાર સ્ત્રીને તેની દયનીય ગણાતી પરિસ્થિતિમાંથી બહાર કાઢવાનું કામ કરે છે. તેને સ્વસ્થ કરી તાર્કિક વિચાર કરતાં શીખવે છે. જેને સ્ત્રી પોતાની નબળાઇઓ ગણતી હતી, જેમાં તે પોતાનો જ વાંક જોતી હતી તે તેના વાંક કે નબળાઇઓ નથી પણ પિતૃપ્રધાન સમાજના જડબેસલાક નિયમોનો તે શિકાર છે તેવો ખ્યાલ આવતાં તેનો આત્મવિશ્વાસ પાછો લાવવાનો પ્રયત્ન થાય છે. તેને સ્વ-તાકાતનો એહસાસ થાય છે. સમગ્ર પ્રક્રિયા અંદરથી હારી ગયેલી સ્ત્રીને બેઠી કરવાની છે. પરિણામે તે તટસ્થતાપૂર્વક સ્વ-નિર્ણય લઇ  શકે. આ સ્ત્રી સશકિતકરણની પ્રક્રિયા છે. 'અવાજ' સ્ત્રી સહાયાર્થીઓને જીવનના સામાજિક તેમજ લાગણીસભર પાસાં સાથે કામ પાર પાડવાનું કૌશલ પ્રાપ્ત કરવાનું શીખવે છે. પોતાના સ્વને પરાજિત કરતા અને આત્મવિલોપન તરફ લઇ જતાં વલણોને બદલીને પોતાની લાગણીઓનો રચનાત્મક ઉપયોગ કરવાનું શીખવવામાં આવે છે.

સલાહ પ્રક્રિયામાં ફરિયાદી સ્ત્રીને સમજવાનું, સાભળવાનું, તેના સ્વાસ્થ્યનું નિરીક્ષણ કરવાનું જેવી બાબતો પર વધારે ભાર આપવામાં આવે છે. કુટુંબના અન્ય સભ્યોની સ્ત્રી અંગેની ટીકા-ટિપ્પણીથી સલાહકારો બે પ્રકારની સલાહ પધ્ધતિઓ અપનાવે છે.

(૧) કટોકટીની પરિસ્થિતિમાં સલાહ કાર્ય અને
(૨) સહાયક સલાહકાર્ય.

પ્રથમ પ્રકારમાં સ્ત્રીને તત્કાલ મદદની ખૂબ જરૂર  હોય છે જે પૂરી પડાય છે.

ઉદાહરણ તરીકે બળાત્કાર થયા પછી કે સાસરીમાંથી કાઢી મુક્યા પછી. અહી મનોવૈજ્ઞાનિક ટેકનીક કામે લગાડાય છે. પરિણામે સ્ત્રી ઉદ્‌વેગ લાગણી પર કાબૂ મેળવી આવી પડેલી સ્થિતિનો સ્વસ્થતાથી વિચાર કરે. બીજા પ્રકારમાં સ્ત્રીની સમસ્યાને સ્પષ્ટ રીતે સમજી-સમજાવીને સ્ત્રીના આત્મનિર્ણયની પ્રક્રિયામાં મનોવૈજ્ઞાનિક સહાય કરે છે.

પ્રાથમિક તબક્કાની સામાજિક સહાય જુદી જુદી રીતે પૂરી પાડવામાં આવે છે. ક્યારેક પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધવવા સાથે જવું, ક્યારેક અદાલતમાં સાથે જવું, સરકારી દફતરો, રેશનીંગ ઓફિસ, દવાખાનામાં જતી વખતે સાથ આપવો, બાળકોનો કબજો મળે તેની ગોઠવણમાં મદદ કરવા જેવી સહાય પૂરી પાડે છે.

સમગ્ર પ્રક્રિયાને અંતે સંસ્થા કાળજી રાખે છે કે સ્ત્રી પરાવલંબી બની ન જાય. મનોવૈજ્ઞાનિક સલાહ દ્વારા સ્ત્રીઓનો સહજ આત્મવિશ્વાસ જાગૃત થાય છે. તે અન્ય સાથે કે અધિકારીઓ સાથે સ્વસ્થતાથી વાત કરતી થાય છે. સંસ્થાના ઔદ્યોગિક એકમમાં તાલીમ મેળવ્યા પછી અન્યત્ર કામ કરવા તૈયાર થાય છે. અને સંસ્થામાં એકવાર આશ્રય લેવા આવેલી સ્ત્રીઓ પણ ધીમેધીમે પોતાનું ઘર રાખીને અલગ વસવાટ માટે તૈયાર થાય છે.

જે સ્ત્રીઓ અદાલતમાં ન્યાય માંગવા માટે સંસ્થાની મદદ લેવા આવી હોય તેને કાનૂની સલાહ આપે છે. કાયદાના તેમના અધિકારો અને કાયદાની આંટીઘુંટીથી સ્ત્રીઓને વાકેફ કરે છે. અને નોંધાવેલા કેસોની ચાલતી કાર્યવાહીની જાણકારી તેમને મળતી રહે તેવા પ્રયત્નો કરે છે.

**કાર્યવાહી :**

સંસ્થાએ અનુભવોના આધારે ફરિયાદી સ્ત્રી અને સલાહકાર વચ્ચેની મુલાકાત પધ્ધતિ ઘડી કાઢી છે. આ પધ્ધતિને દરમ્યાનગીરીની પ્રક્રિયા કહેવામાં આવે છે,

જેને ત્રણ વિભાગમાં વહેંચી છે.

જો કે, સમગ્ર પ્રક્રિયા સરળ નથી. નિશ્ચિત કરેલા માળખામાં સમાન રીતે ચાલતી પણ નથી કારણ કે દરેક સ્ત્રીના પ્રશ્નો, સ્થિતિ અને સંજોગો જુદા જુદા હોય છે. આ તબક્કો મહત્વનો ને સાથે જટિલ છે. સામાજિકરણ દ્વારા ઘડાયેલા ખ્યાલો, મંતવ્યો અને મૂલ્યો સ્ત્રીની રજૂઆત તેમજ નિર્ણયને અસરકર્તા સાબિત થાય છે. કોઇ પણ નિર્ણય માટે જરૂરી કંઇ પણ છુપાવ્યા વગરની સ્પષ્ટ રજુઆત અને મક્કમતાનો આગ્રહ આ સમયે હોય છે.

પતિનો માર ખાતી સ્ત્રી હકીકતે પહેલાં તે છુપાવવાનો પ્રયત્ન કરે છે. પતિના મારને સમાજે સ્વીકૃતિ આપી તેને અંગત બાબત જણાવી છે. સહાયાર્થી સ્ત્રી કેટલીક વાર મારના નિશાન હોવા છતાં તેને કહેતાં ખચકાય છે. કહેવામાં તે ગુનાહિત લાગણી અનુભવે છે. તે હંમેશા પોતાનો વાંક જુએ છે. પતિનો વાંક હોય તો તે જોતાં શીખી નથી. વાંક દેખાય તો બોલતાં શીખી નથી કે તેને બોલવા દેવામાં આવતી નથી. પોતાની દયનીય સ્થિતિથી સ્ત્રી શરમ અનુભવે છે. સરવાળે આ સર્વેની તેના વ્યકિતત્વ પર નકારાત્મક અસર થાય છે.

ત્રીજા તબક્કામાં જરૂરી નિર્ણયો કરી ઉચિત પગલાં નકકી કરવાનો છે. પતિ તરફથી થતી હિંસક વર્તણૂંકનો સામનો કરવાના ત્રણ વ્યૂહાત્મક પગલાંનો સાથે મળીને વિચાર કર્યો છે.

૧) હિંસક વર્તણૂંક વખતે વિરોધ અને શાબ્દિક પ્રતિકાર કરવો.
૨) હાથ ઉપાડે ત્યારે વચ્ચેથી હાથ પકડી લેવાનો અથવા તેને સામે મારવાનો.
૩) પોતાની આસપાસની અન્ય સ્ત્રીઓ દ્વારા પુરુષ પર તેવું આચરણ બંધ કરવા દબાણ લાવવાનો.

ત્રીજો તબક્કો 'એક્શન પ્લાન' છે. સહાયાર્થી સ્ત્રી સલાહકારની સાથે સતત સંપર્કમાં હોય છે અને સલાહકારના સૂચન મુજબ આગળ પગલાં લે છે.

વાતાવરણને કાબૂમાં રાખવાનું તેમજ પોતાની નવી વર્તણૂંકના પરિણામોનો સામનો કરવાનું સ્ત્રીઓ સલાહકારની મદદથી શીખે છે.

**કૌટુંબિક દરમ્યાનગીરી:**

સામાન્ય રીતે કુટુંબ એકતા-સમતાનું પ્રતીક મનાય છે. જો કે આ માન્યતાને નારીવાદીઓ અને સ્ત્રી અભ્યાસીઓએ પડકારી છે. કુટુંબનો વડો કે મોભી પુરુષપ્રધાન સમાજની સત્તા છે. તેણે ઘડેલા નિયમો અને નિર્ણયો કુટુંબના સભ્યોને મોટેભાગે બંધનકર્તા હોય છે. કુટુંબના વડાની સત્તા આખરી હોય છે જે સામાન્ય રીતે પુરુષ સભ્ય પાસે હોય છે.

કુટુંબમાં સ્ત્રીનું સ્થાન ગૌણ ગણાય છે. તમામ સ્ત્રીઓ વચ્ચે સત્તા, હક્કો, લાભો અને ફરજોની સમાનતા નથી. માતા-પુત્રીના લાભો પરણીને આવનાર સ્ત્રીને નથી મળતા. મોટાભાગની ફરજો તેના માથા પર હોય છે. ક્રમાંકીક સામાજિક સત્તાના માહોલમાં 'કુટુંબની એકતા' ભ્રામક ખ્યાલ છે. કુટુંબ રક્ષણ પણ આપે છે અને ભક્ષક પણ બની શકે છે.

કુટુંબ વગરની વ્યક્તિ કલ્પવી મુશ્કેલ છે. ઘરેલુ હિંસા એટલે પોતાના જ કુટુંબના સભ્યો દ્વારા આચરાતી સ્ત્રી પ્રત્યેની હિંસા. એક સ્ત્રી માટે કુટુંબના સભ્યો સામે ફરિયાદ કરવાનું અઘરું છે. ફરિયાદ તેણે વ્યક્તિગત રીતે કરવાની છે. પરંતુ કોઇ પણ વાત એકલી વિચારતાં કે કોઇ પણ નિર્ણય એકલો લેતા તે અચકાતી હોય છે. વિચાર અને નિર્ણયની પરતંત્રતાને કારણે નિર્ણયાત્મક તબક્કે તેની માનસિક અવસ્થા અવઢવવાળી હોય છે. પરિણામે કુટુંબનો કોઇ સભ્ય સાથે હોય તેમ તે ઇચ્છે છે. આવા સમયે પરિસ્થિતિ નાજુક અને પેચીદી બની જાય છે.

કુટુંબના સભ્યની હાજરી અને દરમ્યાનગીરી ફાયદાકારક તેમજ ગેરફાયદાકારક હોય છે. ન્યાય-નિર્ણય વખતે સ્ત્રી સ્વતંત્ર વ્યક્તિ તરીકે નથી જોવાતી. સ્ત્રી, સ્ત્રી મટી ઘરની વહુ, કોઇની પત્ની, કે માતા તરીકે જોવાય છે. પરિણામે સ્ત્રીને

યોગ્ય ન્યાય મળવા વિશે શંકા રહે છે. આ નાજુક અને પેચીદા તબકકે ‘અવાજે’ સહાયાર્થી સ્ત્રીને આત્મવિશ્વાસ સાથે મક્કમ રહેતા શીખવ્યું હોય છે. કેટલીક મક્કમ રહી શકે છે. કેટલીક પાછી જાય છે. કેટલીક બે-ત્રણ વાર પાછી જઇ પાછી સંસ્થા પાસે આવે છે. જો કે, સ્ત્રી જયારે અરજી કરીને મદદ માગે ત્યારે તેને સલાહ આપવાનું કાર્ય સંસ્થા કરે છે. તે સ્ત્રી પોતાના કુટુંબીજનોને અથવા તેને પરેશાન કરનાર વ્યક્તિઓને કે કોઇ અન્ય મહત્વ ધરાવનાર વ્યક્તિઓને સાંકળવા ઇચ્છે તો જ સંસ્થા તેમને આ પ્રક્રિયામાં સામેલ કરે છે.

કુટુંબ વિશેની જાણકારી, સભ્યો વચ્ચેનો સંબંધ, આડોશપાડોશ વગેરેની માહિતી સ્ત્રીને સમજવામાં અને નિર્ણય વખતે કામ લાગે છે. ઘણું ખરું તો દરમ્યાનગીરીની પ્રક્રિયામાં બન્ને પક્ષોની સાથે સંકળાયેલી મહત્વની વ્યક્તિઓને પણ સંયુક્ત બેઠકમાં બોલાવાય છે. દાંપત્ય-વિખવાદના એક કેસમાં, દાખલા તરીકે, પતિના પક્ષની બે જવાબદાર વ્યક્તિઓ સંયુક્ત બેઠકમાં હાજર રહી હતી અને તેઓએ બાંહેધરી લીધી છે કે આ બેઠકમાં સમાધાન થયા બાદ સ્ત્રીને કોઇ તકલીફ પડશે નહીં.

અન્યને ચર્ચામાં જોડાવા પ્રોત્સાહિત કરવા, યોગ્ય પ્રશ્નો પૂછવા, માહિતી કઢાવવી, મળેલી માહિતીની ચકાસણી કરવી, અર્થઘટન કરવું, વિચાર વિસ્તરણ કરવું, આંતરસૂઝની આપ-લે કરવી, સંભવિત ભાવનાઓને પ્રતિબિંબિત કરવી, આત્મવિશ્વાસ વધારવો, પ્રોત્સાહન આપવું, સહાયાર્થીને દૃષ્ટિકોણની યોગ્યાયોગ્યતા સૂચવવી, વર્ગીકરણ કરવું, માર્ગદર્શન તેમજ સૂચનો કરવાં, તે વ્યકિતને પોતાની ભાવનાઓની અભિવ્યકિત માટે પૂરતી મોકળાશ આપવી, વગેરે કૌશલ્યો સલાહકાર ઉપયોગમાં લે છે.

**સમાજની ભૂમિકા :**

ઘરેલુ હિંસાનો ભોગ બનનાર સ્ત્રીને ‘અવાજ’ આપવો એટલે પુરુષપ્રધાન

સમાજે ઘડેલા નિયમો અને સ્ત્રીની ગૌણ ભૂમિકાવાળા સામાજિક માળખાને પડકારવો, સ્ત્રીને વિચારતી, નિર્ણય લેતી, પડકારતી કરવી તે સામાજિક સ્વીકૃતિ પામેલું કામ નથી. પતિને કુટુંબના અન્ય સભ્યોને કોર્ટમાં લઇ જવાનું કામ રૂઢિચુસ્ત માનસિકતા ધરાવતા સમાજમાં અઘરું છે. સંસ્થાએ આ અઘરું કામ ઉપાડયું છે. 'સ્ત્રી બચાવો'ના નારા સાથે જીવનસંઘર્ષ કરતી સ્ત્રીઓને પડખે સંસ્થા ઊભી રહે છે.

પરિણામે, સ્વાભાવિક રીતે સંસ્થાને અવારનવાર સંદર્ભિત જે તે કુટુંબ, જ્ઞાતિ કે કોમના તિરસ્કારના ભોગ બનવું પડયું છે. મળતી ધમકીઓનો સામનો કરવો પડે છે. ગાળો સાંભળવી પડે છે. વિરોધ સાથે સ્ત્રીને મદદ ન કરવાનું દબાણ આવે છે. કુટુંબ ભાંગનારનું લેબલ લાગ્યું છે. એક સ્ત્રીની માનવીય ઓળખ અને અસ્તિત્વ માટે 'અવાજ' સામા વહેણે તરે છે. સ્ત્રી વિરુધ્ધ હિંસા અને અત્યાચારો દૂર કરવા માટે નાગરિક સમાજની સંવેદનશીલતાને 'અવાજ' ઢંઢોળે છે.

સલાહકાર્ય પૂર્ણ થતાં સંસ્થાના સહાયાર્થી સ્ત્રીઓ સાથેના સંબંધો સમાપ્ત થઇ જતાં નથી. તમામ લાભાર્થી સ્ત્રીઓને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડવામાં આવે છે. તેઓ સાથે સંપર્કમાં રહે છે. પરિણામે સ્ત્રીઓ બહારની દુનિયાના પરિચયમાં આવે છે અને સમાજની ગતિવિધિની જાણકારી મેળવે છે.

**માર્ગદર્શિકા :**

કુટુંબ સલાહ કેન્દ્રોના સલાહકારો માટે 'અવાજે' ૧૯૯૫માં એક નાનકડી માર્ગદર્શિકા બહાર પાડી. પોતાની સ્ત્રી બચાવની વિચારધારાને અનુકૂળ સલાહ પ્રક્રિયા સ્ત્રી કેન્દ્રી બનાવવી. આ સંદર્ભે 'અવાજ'ના મંત્રી ઇલાબહેન પાઠક જણાવે છે કે ભારતીય સ્ત્રીના સંદર્ભે જ્યારે કાઉન્સેલીંગની ચર્ચા કરીએ ત્યારે કુટુંબના સભ્યોમાં પસ્સ્પર અનુકૂલનના અભાવ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાતુ નથી. પણ સમાનતાના અભાવ પર નજર માંડવી પડે છે. ફક્ત અનુકૂલન પર ધ્યાન કેન્દ્રિત કરીને કરેલું કાઉન્સેલીંગ અગ્નિશામક સેવા જેવું થીગડું મારીને

નિભાવ્યા જેવું બની રહે છે. સ્ત્રીની સમસ્યા ફરીથી માથું ઊંચકે છે. માર્ગદર્શિકાનો હેતુ સ્ત્રી-કેન્દ્રી સલાહ પ્રક્રિયાની સમજ પૂરી પાડવાનો છે.

માર્ગદર્શિકા ચાર પ્રકરણમાં લખાઈ છે. (૧) સલાહ કાર્ય, (૨) સલાહ કાર્યની વિભાવના, કૌશલ અને પધ્ધતિઓ, (૩) સલાહ પ્રક્રિયા, (૪) સાંપ્રત પરિપ્રેક્ષ્યમાં સલાહકાર્ય પુસ્તિકાને અંતે પરિશિષ્ટમાં સ્ત્રીઓ વિરુધ્ધ થતા અત્યાચારના આંકડા આપ્યા છે.  કોઠા નં. ૧ માં આ જ વર્ષો દરમ્યાન વર્ષવાર અપમૃત્યુના આંકડા છે. કોઠા નં. ૧ માં આ જ વર્ષો દરમ્યાન ત્રાસની ફરિયાદના આંકડા આપવામાં આવ્યા છે. ૧૯૮૯માં અપમૃત્યુની સંખ્યા ૪૨૫૪ હતી તે વધીને ૧૯૯૮માં ૬૩૪૯ થવા પામી હતી. ૧૯૮૯માં ત્રાસની ફરિયાદ ૮૯૯ હતી જે ૧૯૯૮માં વધીને ૨૯૮૯ સુધી પહોંચી હતી.

સલાહ પ્રક્રિયા અસરકાર બને, સ્ત્રી સ્વસ્થ થાય, તેની સ્વ ઓળખ ઊભી થાય, તેનામાં આત્મવિશ્વાસ કેળવાય, જીવનમાં આધારનો અનુભવ થાય, તે ફરિયાદી સ્ત્રી સાથેની મુલાકાતનો હેતુ છે. પરિશિષ્ટ કેસ હિસ્ટ્રીનું માળખું શા માટે, કેવી રીતે, વગેરે વિગતો સાથે સામેલ કરવામાં આવ્યા છે.

માર્ગદર્શિકા વ્યવસ્થિત, ઉપયોગી, જરૂરી, સઘળી વિગતો સાથે સ્ત્રીની વ્યક્તિગત માહિતી એકત્ર કરવા માટે મહત્વની બની રહે છે. વિગતો જે તે સ્ત્રીના કેસનું વિશ્લેષણ, પૃથ્થક્કરણ, તેની સમસ્યાના ઉપાયો અને ઉકેલો શોધવા આધાર પૂરો પાડે છે.

**અભ્યાસ :**

'અવાજે' એક અભ્યાસ દ્વારા સ્ત્રીઓને કુટુંબમાં થયેલ હિંસક અત્યાચારના અનુભવ, તેમની સહાય મેળવવા માટેની માંગણી, સલાહ-કેન્દ્ર દ્વારા તેમને મળેલ પ્રતિભાવ, મળેલી મનોવૈજ્ઞાનિક મદદ, પ્રાપ્ત કરાયેલી સામાજિક સહાય અને કાનૂની સહાય નોંધવાના પ્રયત્ન કર્યા છે. 'અવાજ' દ્વારા અપાતી સહાયની

પ્રક્રિયાને ઊંડાણથી તપાસવા અને સમજવા કેટલાક કેસોની વિગતે વર્ણનાત્મક નોંધ લેવામાં આવી છે.

**હેતુ:**

૧) કૌટુંબિક અત્યાચાર સહેતી સ્ત્રીઓ સહાય અર્થે સંસ્થા પાસે આવે ત્યારે સંસ્થાનો અભિગમ અને સંસ્થા દ્વારા થતી સ્ત્રી કેન્દ્રી દરમ્યાનગીરીની પ્રક્રિયાને વધુ ધારદાર બનાવવા અભ્યાસ.
૨) સંઘર્ષ કરતી સ્ત્રીઓના તેમના સંઘર્ષમાં તેમજ તેમના હિંસામુક્ત વાતાવરણમાં પુનર્વસનમાં સહાયક કે અવરોધક બનતા માનસિક-સામાજિક પાસાંઓની તપાસ.
૩) હિંસામાંથી બચેલી સ્ત્રીને સહાય કરતી સંસ્થાની ભૂમિકાની તપાસ.
૪) દરમ્યાનગીરીની પ્રક્રિયા વિશે ક્ષેત્રીય અનુભવ દ્વારા 'અવાજ'માં લાધેલી આંતરસૂઝનો પ્રસાર.
૫) અભ્યાસ આધારે આવા જ ક્ષેત્રોમાં કાર્યરત સલાહકાર, સામાજિક કાર્યકર વગેરેને માર્ગદર્શન મળે તેવાં સાહિત્યનું પ્રકાશન.

**પધ્ધતિ:**

કેસ સ્ટડી પધ્ધતિનો અભ્યાસમાં ઉપયોગ કરાયો છે. અભ્યાસ માટે છ મહીનાનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો હતો. આ સમય દરમ્યાન જે સ્ત્રીઓ 'અવાજ-એકતા'ના સલાહ-કેન્દ્રમાં આવી હતી તેમાંથી ઉત્તરદાતાની પસંદગી કરાઈ હતી. કુલ ૮૮ કેસ કેન્દ્રમાં નોંધાયા હતા. તેમાંથી દસ કેસનો અભ્યાસ હાથ ધરાયો હતો.

દસ કેસની સ્ત્રીઓ જુદા જુદા વર્ગ, તેમજ ધર્મનું પ્રતિનિધિત્વ કરે છે. 'અવાજ'નું સલાહ કેન્દ્ર મુસ્લિમ વિસ્તાર બાપુનગરમાં હોવાથી મુસ્લિમ સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ ઠીક ઠીક પ્રમાણમાં રહ્યું છે.

**તારણ :**

અભ્યાસ દ્વારા સ્ત્રીઓ સંદર્ભે એક ચોકકસ આકૃતિ ઉભરી આવે છે.

૧) બન્ને, પિયર તેમજ સાસરી પક્ષે સ્ત્રી પાસેથી પિતૃસત્તાક ભૂમિકા અને ફરજની અપેક્ષા રહે છે.

૨) સ્ત્રીઓને પસંદગી-નાપસંદગી, નિર્ણય વગેરે પૂછવામાં આવતા નથી. પોતાના લગ્નનું પાત્ર નક્કી કરવામાં પણ નહીં.

૩) મા-બાપને દીકરીઓના શિક્ષણની નહીવત્ત જરૂરિયાત જણાય છે. તેને તેઓ વધારાનો ખર્ચ ગણે છે.

૪) સામાજિકરણની પ્રક્રિયામાં તેમને સારી સ્ત્રીની તાલીમ અપાય છે. સારી સ્ત્રીની વ્યાખ્યાનો વ્યાપ વિશાળ હોય અને તેને સમાજનું ધોરણ માનવામાં આવે. આ ધોરણના માપદંડમાં ઊણી ઊતરતી દેખાતી સ્ત્રીને અત્યાચારનો સામનો કરવાનો આવે છે.

૫) ૬૦ ટકા કેસમાં પતિ દારૂડિયા અને અન્ય વ્યસન ધરાવનારા. દારુની લત તેમની હિંસક વર્તણૂંક માટે જવાબદાર હોય છે.

૬) બાળક ના થવું, બાળક થતાં વાર થવી કે પુત્રને જન્મ નહીં આપવાના કારણે સ્ત્રીઓને હિંસાનો સામનો કરવો પડે છે.

૭) મોટા ભાગના ઉત્તરદાતા આર્થિક રીતે સ્વાવલંબી કે કુટુંબનો આર્થિક બોજો ઉપાડનારા હતા. પરંતુ તમામ કૌટુંબિક હિંસાના ભોગ બન્યા હતા.

૮) પતિ અથવા કુટુંબીજનો સ્ત્રી પર કાબૂ રાખવા, પોતાની સત્તા જમાવવા હિંસાનો ઉપયોગ કરે છે.

૯) બધા જ કેસમાંથી તારણ નીકળ્યું કે પુરુષો પત્નીઓને પોતાની મિલ્કત સમજે છે.

૧૦) સ્ત્રીઓની જાતીયતા પરત્વે તેમની સાથે શારીરિક, જાતીય, માનસિક તેમજ ભાવનાત્મક દુર્વ્યવહાર કરે છે.

૧૧) મોટા ભાગની સ્ત્રીઓ કુપોષણવાળી, સ્વાસ્થ્યના પ્રશ્નોવાળી, શારીરિક તેમજ માનસિક ઈજાગ્રસ્ત, હતાશા, નિરાશા અને જીંદગીથી કંટાળેલી.
૧૨) બધા જ કેસમાં પુરુષના અત્યાચારને સ્ત્રીઓએ પોતાની રીતે અવરોધ્યો છે.
૧૩) જેમ જેમ સ્ત્રીઓ સામર્થ્યશાળી બનતી ગઇ, હિંસાનો વિરોધ કરતી થઇ તેમ તેમ તેમના પર જુલમ વધુ થયો છે.
૧૪) જાગૃતિકરણની શિબિરોમાં આવી સમજતી થઇ. અન્યાયનો અહેસાસ થવા લાગ્યો. અત્યાચારનો વિરોધ કરતી થઇ.
૧૫) આત્મનિર્ણયની પ્રક્રિયા સૌથી મુશ્કેલ બને છે. જડબેસલાક સમાજિકરણને કારણે સમાધાન તરફનું વલણ છતું થાય છે. બળવાખોર નથી થઇ શકતા.
૧૬) જૂજ કેસમાં સામાજિક દબાણનો પ્રતિકાર કરી, એકલા જીવવાનો નિર્ણય લીધો છે.
૧૭) સંસ્થાના કાર્યકરો સાથેના સંપર્ક અને કાર્યક્રમોમાં ભાગીદારી સ્ત્રીઓ માટે અગત્યનાં પુરવાર થયા. હિંસાનો સામનો કરવાની તાકાત કેળવાઇ. પોતાની બદસ્થિતિનો અસ્વીકાર કરી વિરોધ નોંધાવી શકાય છે તે ખ્યાલ આવ્યો છે અને નવા સંબંધો બંધાયા છે.
૧૮) માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરી મોકળાશનો અનુભવ કર્યો. પરિણામે પોતાની લાગણીઓને સ્પષ્ટ રીતે રજૂ કરતી થઇ છે.

સ્ત્રી અત્યાચારનો સ્ત્રોત જે પ્રવૃત્તિ, ટેવ, રીતરિવાજ, સામાજિક કે ધાર્મિક નિયમ હોય, ‘અવાજ’ તે તમામનો વિરોધ કરે છે. ‘અવાજ’ માને છે કે સ્ત્રી અત્યાચારને સમાજમાંથી દૂર કરવા હોય તો તેના સ્ત્રોત પર ઘા કરવો જરૂરી છે. આથી જ ભ્રૂણહત્યા, દારૂબંધીની હિમાયત, સાટા લગ્નનો વિરોધ, ભરણપોષણના હકની હિમાયત કે ત્રણ વાર તલ્લાક બોલી સ્ત્રીને છૂટી કરવાના નિયમનો વિરોધ ‘અવાજ’ના એજેન્ડાની મુખ્ય બાબતો બની રહે છે.

**ભ્રૂણહત્યા :**

સ્ત્રી ભ્રૂણહત્યા ટેકનોક્રેટીક આધુનિક સમાજમાં સ્ત્રી વિરુધ્ધ હિંસાનું વરવું સ્વરુપ છે. ગુજરાતમાં સ્ત્રી વસતી પુરષ વસતી કરતાં છેલ્લા ઘણાં દાયકાથી ઘટતી જાય છે અને ઘટવાનો દર વધ્યો છે. ૧૯૫૧માં એક હજાર પુરૂષે ૯૫૨ સ્ત્રીઓ હતી, ૨૦૦૧માં ૯૨૦ થઇ. આનું મુખ્ય કારણ ઘરેલું હિંસા સાથે જ સીધી રીતે જ સંકાળાયેલ તે સ્ત્રી ભ્રૂણહત્યા. સ્ત્રીના જન્મવાના અધિકાર પર જ ઘા અને તે પણ ગર્ભધારણ સ્ત્રીને તેમ કરવાની સીધી કે આડકતરી રીતે જ પાડવાની. સ્ત્રીના ભ્રૂણને ગર્ભમાંથી જ દૂર કરી દીકરી જન્મવા દેવામાં આવતી નથી.

સ્ત્રી વિરુધ્ધ હિંસાનો આ પ્રકાર અત્યંત જટિલ છે, કારણકે એમાં સ્ત્રી હંમેશા સામે પક્ષે હોય એવું નથી હોતું. ભ્રૂણહત્યામાં સ્ત્રીની ભાગીદારી અને સંમંતિ હોય પણ ખરી અને ન પણ હોય. મોટેભાગે સ્ત્રી ભ્રૂણહત્યાના નિર્ણયમાં જે તે સ્ત્રી દેખીતી રીતે સંમત દેખાતી હોય છે. પરિણામે સમાજનું, ડોક્ટરનું, સરકારનું, વગેરેનું વલણ સ્ત્રીઓને દોષી ઠેરવી જવાબદાર ગણાવવાનું રહ્યું છે. પરંતુ સ્ત્રીના તેમ કરવાના નિર્ણય પાછળના કારણો :

૧) પુત્રનું સામાજિક તેમજ ધાર્મિક મહત્વ.
૨) પુત્ર માટેનું કૌટુંબિક તેમજ સામાજિક દબાણ.
૩) સ્ત્રીઓ તેમજ પુરુષો - બન્નેની પિતૃસત્તાક માનસિકતા.
૪) પિતૃસત્તાક સમાજ અને કુટુંબ વ્યવસ્થામાં સ્ત્રીઓએ પોતે જોયેલી અને અનુભવેલી સ્ત્રીઓની બદસ્થિતિ અને સ્ત્રીઓ પરના અત્યાચાર.
૫) દીકરી એટલે પારકું ધન, ખર્ચ અને જવાબદારી જેવા પ્રચલિત સામાજિક મૂલ્યો.
૬) માતા-પિતાની અનુભવાતી લાચારી.

વળી હિંસાના ભ્રૂણહત્યાના પ્રકારમાં સ્ત્રીઓ પ્રત્યે બેવડો હિંસક અત્યાચાર થાય છે. એક સ્ત્રીનું ભ્રૂણ અને બીજું કે સ્ત્રીના ગર્ભમાં ભ્રૂણ હોય તે સ્ત્રી. આમ ઠંડે કલેજે સમાજ સ્ત્રીનો જન્મ તેમજ તેનું અસ્તિત્વ અનિચ્છનીય છે તે દર્શાવે છે.

સ્ત્રી ભ્રૂણહત્યા સ્ત્રીઓ સામેનું સામાજિક ષડયંત્ર છે. સ્ત્રીઓ સામેનું વ્યવસ્થિત કાવતરૂં છે. તે સામનો કરવાનું કામ અટપટું અને અઘરું છે. કારણકે સામાજિક, રાજકીય અને ધાર્મિક સંસ્થાઓનો સીધો કે આડકતરો ટેકો તેને છે. વ્યવસાયિક રીતે ડોકટરોનો આ ષડયંત્રમાં સાથ છે. મેડિકલ ટેકનોલોજીનો ઉપયોગ સ્ત્રી હિતની વિરુધ્ધ કરવામાં આવે છે.

છેલ્લાં વીસ વર્ષથી - ૧૯૮૮ થી 'અવાજ' ભ્રૂણહત્યા સામે સભા, સરઘસ, મેમોરેન્ડમ, સરકાર પર દબાણ, ડોકટરોને અને ધાર્મિક ગુરુઓને ભ્રૂણહત્યાના વિરોધને ટેકો આપવાની અપીલ કરી પોતાનો વિરોધ પ્રદર્શિત કરવાનું સૂચન કરે છે. સંસ્થા ગર્ભ પરીક્ષણ કાયદાની શરુઆતથી જ હિમાયતી રહી છે. ગુજરાત સરકાર દ્વારા કાયદો પસાર કરાવવામાં સક્રિય ભૂમિકા સંસ્થાના સંચાલક ઈલાબહેનની રહી છે. ૨૦ વર્ષની ઝુંબેશને પરિણામે કેટલીક સંસ્થાઓએ, જ્ઞાતિ મંડળોએ તેમજ ભારતીય મેડિકલ એસોસીએશનની કેટલીક ગુજરાતની શાખાઓએ તેને ટેકો જાહેર કર્યો છે. જો કે, તેનું નક્કર પરિણામ ૨૦૧૧ની વસતી ગણતરીના આંકડા જ દર્શાવી શકશે.

**સાટા પધ્ધતિનો વિરોધ :**

સ્ત્રી પરના અત્યાચારના મૂળ સમાજમાં પડ્યા છે. સમગ્ર સામાજિક વ્યવસ્થા અને માળખું સ્ત્રીને પુરુષની મિલ્કત ગણી ચાલે છે. પરિણામે સમાજના આંતર વ્યવહારમાં સ્ત્રીની ભૂમિકા નગણ્ય હોય છે. આનુ ઉત્તમ ઉદાહરણ મહાભારતમાં દ્રૌપદીનું પાત્ર છે. પાંડવો તેને જુગારમાં હોડમાં મૂકી હારી ગયા હતા.

ભારતના ગરીબ સમુદાયોમાં પણ પત્ની અને પુત્રી વેચવાના દાખલા તદ્દન ઓછા નથી. અહીં સ્ત્રીઓનો કોઇ 'અવાજ' નથી. સ્ત્રીનો ઉપભોગના સાધન ઉપરાંત પૈસા ઉપજાવવાના કે કશીક ચીજ-વસ્તુના બદલામાં આપ-લે કરવામાં સાધન તરીકે ઉપયોગ થાય છે. આ પણ સ્ત્રીઓ પરના અત્યાચારનો એક પ્રકાર છે. 'અવાજ', પોતાના કાર્યસ્થળ પર આ પ્રકારના સ્ત્રી પરના અત્યાચારના કિસ્સાની જાણ થાય છે ત્યારે તેને પણ હાથ પર લે છે.

૨૦૦૪ થી 'અવાજ' કચ્છ જીલ્લાના રાપર બ્લોકમાં કાર્યરત છે. ૨૦૦૧ના ધરતીકંપ પછી ઓકસફામ સંસ્થા દ્વારા પુનર્વસવાટ અને વિકાસનો પ્રોજેક્ટ અમલમાં આવ્યો હતો. 'અવાજ'નું કામ આ વિસ્તારની સ્ત્રીઓમાં જાગૃતિકરણનું હતુ.

આર્થિક તેમજ સામાજિક દ્દષ્ટિએ રાપર અત્યંત પછાત છે. ઓછું જાતિ પ્રમાણ, કન્યા શિક્ષણનો અભાવ, કન્યા શિક્ષણમાં રાજ્યના ક્રમાંકમાં અતિ નીચલા સ્તર પર, રૂઢિચુસ્ત અને જડબેસલાક સામાજિક રિવાજો કચ્છ તેમજ રાપરની સ્ત્રીઓના નિમ્ન દરજ્જાની 'અવાજે' નોંધ લીધી. સ્ત્રીઓના સવાલો અને સમસ્યાઓને ઊંડાણથી અને વિગતે તપાસતા સંસ્થાને રાપર વિસ્તારમાં પ્રચલિત સાટા લગ્ન પધ્ધતિની જાણ થઇ.

કચ્છ તેમજ રાપર વિસ્તારમાં છોકરા-છોકરીના લગ્ન સાટા-પધ્ધતિથી નક્કી થાય છે. અર્થાત્ દીકરાની સામે દીકરી અને દીકરીની સામે દીકરો આપવાની પ્રથા છે. પરિણામે કેટલાક સામાજિક દૂષણો ઊભાં થાય છે. લગ્ન માટે ભાવિ પતિ કે પત્નીની પસંદગી અત્યંત મર્યાદિત થઇ જાય છે. કોઇ પણ ઘર-કુટુંબ માટે પરણવા લાયક છોકરા સાથે છોકરી હોવી જરૂરી બને છે. સામે પક્ષે પણ આ હકીકત છે. અર્થાત્ જ્યાં છોકરી નથી ત્યાં છોકરાના અને છોકરો નથી ત્યાં છોકરીના લગ્નની તક ક્યાં તો ઓછી રહે છે ક્યાં તો બાંધછોડ કરવી પડે છે.

(૧) પરિણામે આવા લગ્ન નાની ઉંમરે ગોઠવાઇ જતાં હોય છે.
(૨) મોટે ભાગે ઉંમરના, કદના, શિક્ષણ અને બુધ્ધિના સંદર્ભે કજોડામાં પરિણમે છે.
(૩) કુંવારાનું લેબલ સામાજિક નામોશી ગણાય છે.
(૪) અન્ય જ્ઞાતિમાં લગ્ન પ્રતિબંધક હોઇ સામાજિક ગૂંગળામણભરી સ્થિતિ પેદા થાય છે.
(૫) બહારથી પત્ની ખરીદવાની ફરજ પડે છે.
(૬) અત્યાચાર સહન કરતી સ્ત્રી લગ્ન વિચ્છેદ કરી શકતી નથી કે માબાપને ત્યાં હંમેશા માટે જઇ શકતી નથી. કારણકે એના ભાઇના લગ્ન તૂટવાનો પૂરો સંભવ રહેલો છે. અર્થાત સ્ત્રી સામે વિકલ્પ નહીવત છે.

ઘરેલુ હિંસાનો વિરોધ 'અવાજ'નું મુખ્ય અને મહત્વનું મિશન છે. જાગૃતિકરણની શિબિરો, વર્કશોપો અને એડવોકસી વખતે આ વિષય પર ખાસ ભાર આપવામાં આવે છે. ઘરેલુ હિંસાના વિરોધ અર્થે 'અવાજે' નેટવર્કીંગ ઉભું કર્યું છે. માર નહીં ખાવો, ખોટુ સહન નહીં કરવું, આત્મહત્યાના પગલાને બદલે કાયદાના સહારે સામનો કરવો, પ્રવર્તમાન રીત-રિવાજ, પરંપરા અને મૂલ્યોને કારણે આચરાતી પરોક્ષ હિંસાના વિરોધનો અવાજ કાઢવાની હિંમત કેળવવાનું કામ 'અવાજ' કરે છે.

'અવાજે' સ્ત્રીઓ પર આચરાતા આ પરોક્ષ જુલમનો વિરોધ કર્યો, વિરોધ કરતાં શીખવ્યું અને પરિણામ પણ મેળવ્યું. ૨૦૦૬ની ૮ માર્ચ ને દિવસે ૧૭૦૦ બહેનો એકત્ર થઇ હતી. 'હું જીવવા માંગુ છું' ટાઇટલ હેઠળ બહેનોએ સાટા લગ્નને કારણે ગુંગળાતી સ્ત્રીઓને કેન્દ્રમાં રાખી નારાની (slogans) રચના કરી હતી.

જાગૃતિકરણની શિબિરો, સામાજિક દૂષણો સામે જેહાદ તેમજ સંદર્ભિત વર્કશોપને કારણે એક ભાઇ-બહેનની જોડી સદીઓથી ચાલી આવતી સાટા લગ્નની રૂઢિને બળજબરીથી નિભાવવાને બદલે તોડવા તૈયાર થઇ. સંસ્થાએ

સંપૂર્ણ ટેકાની ખાતરી આપી. 'અવાજ'ના કામનું વિધાયક પરિણામ એ આવ્યું કે દરબાર, કોળી, દલિત અને પટેલ જ્ઞાતિના આગેવાનોએ હાજર રહી સાટા લગ્ન તોડતા ભાઇ-બહેનને ટેકો આપ્યો. સામાજિક દૂષણને પડકારવાની હિંમત સ્થાનિક લોકોમાં ધીમે ધીમે કેળવાતી ગઇ.

સામાજિક સમસ્યાઓને હલ કરવી હોય તો સ્ત્રીઓ સાથે યુવકોને જોડવા જોઇએ. ખાસ કરીને સાટા લગ્ન, સ્ત્રી-પુરુષ ભેદભાવ અને આરોગ્ય અંગે પ્રવર્તતી અંધશ્રધ્ધા જેવી બાબતોમાં યુવાનોનો સહાકર નારી સમિતિના સભ્યોને અત્યંત જરૂરી લાગ્યો. ડિસેમ્બર, ૨૦૦૪માં અન્ય પાર્ટનર સંસ્થાઓના સહયોગથી સાટા સંમેલનનું આયોજન રત્નેશ્નર ગામ ખાતે કરવામાં આવ્યું. જેમાં ૨૫૦ જેટલા યુવકોએ ભાગ લીધો હતો.

શરૂમાં યુવકો 'અવાજ'ના કામને શંકાથી જોતા હતા, 'અવાજ'ની પ્રવૃત્તિઓમાં તેમને વિશ્વાસ ન હતો, તેઓને સાટા સંમેલનના પ્રયાસથી 'અવાજ'ના કામ પ્રત્યે શ્રધ્ધા બેઠી અને તેમનો સહયોગ વધ્યો.

સાટા સંમેલનમાં સાટા લગ્ન જેવો રિવાજ ટકી રહેવાના કારણો, સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવના અને અંધશ્રધ્ધા ટકી રહેવાના કારણો અંગે ચર્ચા કરી તેને દૂર કરવા શું કરવું જોઇએ તે વિશે ખ્યાલ આપ્યો.

૨૦૦૬માં યુવાનો સાથે નારી સમિતિની એક દિવસીય શિબિર 'અવાજ' દ્વારા યોજવામાં આવી. ૩૯ ગામોના ૨૭૭ સ્ત્રી-પુરુષોએ શિબિરમાં ભાગ લીધો. જેમાં ૧૩૫ પુરુષો અને ૧૪૨ સ્ત્રીઓ હતી. દિવસના અંતે કેટલાક યુવકોએ સાટા પધ્ધતિનો વિરોધ કરી મા-બાપને સમજાવવાનો સંકલ્પ કર્યો. નારી સમિતિના સભ્યોનો આત્મવિશ્વાસ સાથે કામ કરવાનો ઉત્સાહ વધ્યો.

## મુસ્લિમ પર્સનલ કોડ :

'અવાજ' મુસ્લિમ સ્ત્રીઓના સવાલને લઇ ઠીક ઠીક સક્રિય રહ્યું છે. 'અવાજે' મુસ્લિમ પર્સનલ કોડની અંદર સુધારાના સવાલ સંદર્ભે મુસ્લિમ સ્ત્રીઓને સંગઠિત કરવાનો પ્રયત્ન કર્યો. શાહબાનુના કેસના વિવાદ સમયે ક્રિમીનલ પ્રોસીજર કોડની સેકશન ૧૨૫ અન્વયે તેમનો ભરણપોષણનો હક બંધ કરાયો હતો. જેને ફરી પ્રાપ્ત કરવાના અને ૧૯૮૬ના મુસ્લિમ સ્ત્રીઓના (ડિવોર્સ બીલ) છૂટાછેડાના કાયદાના અને હલાલા પધ્ધતિનો વિરોધના મામલે પણ મુસ્લિમ સ્ત્રીઓને સંગઠિત કરવાનો પ્રયત્ન થયો હતો.

૧૯૯૦ના દાયકામાં સમગ્ર દેશમાં મુસ્લિમ સમુદાયમાંથી મુસ્લિમ પર્સનલ લોમાં સુધારાની માંગ ઊઠી હતી. ૧૯૯૩માં એ અંગે 'અવાજ' દ્વારા આયોજિત સભામાં ઠીક ઠીક સંખ્યામાં ગરીબ મુસ્લિમ સમુદાયની સ્ત્રીઓએ ભાગ લીધો હતો. મુસ્લિમ તલાકના સવાલ પર 'અવાજ'નો અભિગમ મુસ્લિમ સ્ત્રી તરફી છે. એકી બેઠકે ત્રણ વાર તલાક બોલીને લેવાતા તલાકને 'અવાજે' અયોગ્ય ગણવા જણાવ્યું. ત્રણ મહિનાના વિકલ્પની ભલામણ કરી જેથી પુનઃવિચારણા અને સમાધાન માટે પૂરતો સમય રહે. સાથે સ્ત્રી એકદમ ઘર બહાર ફેંકાઇ ન જાય. સ્ત્રી ઓશીયાળી ન થઇ જાય, માટે મેહરની રકમ વધારવાની માંગણી મુકવામાં આવી હતી. જો કે સંસ્થા કબૂલે છે કે આ માગણીઓ તેઓ સ્વીકારાવી શક્યા નથી. પરંતુ સામે કેટલીક વ્યવહારુ યુક્તિઓ કામે લગાડી છે. દા.ત. સ્ત્રીઓને શીખવવામાં આવે છે કે ત્રણવાર તલાક બોલી દે તો સામે કહેવું કે તેમણે એ સાંભળ્યું જ નથી અને ઘર છોડવું નહીં. આ યુક્તિ 'અવાજ'ના હિસાબે ઠીક ઠીક સફળ રહી છે.

# પ્રકરણ - ૩

## પોલીસ તંત્ર સાથે

આપણે આગળ જોયું તે પ્રમાણે 'અવાજ'ની શરુઆત જ નાગરિક સમાજમાં સ્ત્રી-તરફી સંવેદના જાગૃત કરવાના પ્રયત્નથી થઇ. લોક માધ્યમોમાં સ્ત્રીઓના અશ્લીલ ચિત્રોનો વિરોધ સંસ્થાની સૌ પ્રથમ જાહેર પ્રવૃત્તિ હતી. નાગરિક સમાજની જાગૃતિ સાથે સ્ત્રીઓની જાગૃતિ પણ જરૂરી હતી. આથી જાગૃતિકરણ શરુથી જ 'અવાજ'ના બહુપાંખીયા જંગનો મહત્વનો હિસ્સો છે અને સ્ટ્રેટેજી પણ છે.

જે કોઇ સંસ્થાઓ કે વ્યકિતઓ સ્ત્રીઓના ન્યાય, રક્ષણ અને સમાનતા અર્થે કામ કરતા હોય, તેનો 'અવાજ' ટેકો મેળવે છે તેમજ તેઓને ટેકો આપવાનું કામ કરે છે. 'અવાજ'ને સામૂહિક સંઘર્ષની તાકાતમાં વિશ્વાસ છે. સાથે સાથે કાયદામાં સુધારા કરાવી સ્ત્રી તરફી કરવા અને જરૂરી નવા કાયદા ઘડાવવા માટે 'અવાજ'નો સતત પ્રયત્ન રહ્યો છે. સ્ત્રીઓની વાત સ્ત્રીઓ સુધી પહોંચાડવાનું કામ તેમજ સ્થાનિક નાગરિક સમાજને ઢંઢોળવાનું કામ પણ 'અવાજ'ને મહત્વનું



લાગ્યું છે. આ મુદ્દા પરત્વે સરકાર પર જરૂરી દબાણ લાવવાનો પ્રયત્ન હંમેશા રહ્યો છે. અહીં પણ 'અવાજ' અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ મેળવે છે.

સૌ કર્મનિષ્ઠોની માફક 'અવાજે' અનુભવ્યું કે કાયદા ઘડવાથી પ્રશ્નોનો અંત આવતો નથી. કાયદાનો ખરો અર્થ બતાવવા સતત ઠોકી ઠોકીને કહેવું પડે કે સ્ત્રી એક સ્વતંત્ર નાગરિક છે. અત્યાર સુધી મોટાભાગના કાયદા સ્ત્રીને એક માતા, પુત્રી, પત્ની કે પુત્રવધુ તરીકે ન્યાય આપતા. કાયદાના અર્થ, કાયદાના અમલ કરનાર અમલદારો, પોલીસો અને ઘણી વખત ન્યાયમૂર્તિઓને પણ સમજાવવા પડે. રાજ્યના આ મહત્વના અંગની સ્ત્રી સમાનતા અને સ્વતંત્રતા અંગે સંવેદના ઉજાગર કરવાનું કાર્ય 'અવાજ'ની પ્રવૃત્તિનો એક ભાગ છે.


અમદાવાદમાં કેટલીક સંસ્થાઓમાં કુટુંબ સલાહ કેન્દ્ર અને કાનૂની સલાહ કેન્દ્ર ચાલે છે. આ સલાહ કેન્દ્રો દ્વારા કલમ ૪૯૮-એ નો ઉપયોગ થતો ન હતો. આ સંદર્ભે સંસ્થાના કાર્યકરોના પ્રતિભાવો જાણવા 'અવાજે' એક પ્રશ્નાવલિ તૈયાર કરી હતી. ગુજરાતના ૧૨ જિલ્લાઓ જેમાં સૌરાષ્ટ્રના જુનાગઢ, ભાવનગર, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર, દક્ષિણ ગુજરાતના વલસાડ, સુરત, ભરુચ, ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા, મધ્ય ગુજરાતના અમદાવાદ અને વડોદરામાંથી ૨૫ સંસ્થાઓના પ્રતિભાવો મળ્યા હતા. આ પ્રશ્નાવલિમાં કેટલાક ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશનોએ પોલીસ અધિકારીઓ સ્ત્રીના શરીર પર હિંસાને લીધે થયેલી દેખીતી ઈજાઓ નથી તેવું બહાનું કાઢીને ફરિયાદ લેતા નથી. કેટલાક પોલીસ અધિકારીઓ સ્ત્રીઓને સલાહ આપે છે કે આવી ફરિયાદ તે નોંધાવશે તો તે પાછી પોતાના પતિના ઘરમાં જઇ શકશે નહીં.તેથી તેણે તેના પતિ વિરૂધ્ધ કોઇ ફરિયાદ નોંધાવવી જોઇએ નહીં.

દસ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે જો કોઇ સ્ત્રી પોલીસ સ્ટેશને એકલી જાય તો તેની ફરિયાદ લેવામાં આવતી નથી. જ્યારે પોલીસ સ્ટેશને કોઇ સ્ત્રી એકલી જાય કે તેની સાથે સંસ્થાની કોઇ વ્યકિતને લઇને જાય ત્યારે ફરિયાદ સાંભળીને પોલીસ

અધિકારી હસવા માંડે છે.

આ સંસ્થાઓનાં કુટુંબ સલાહ કેન્દ્રો અને કાનૂની સલાહ કેન્દ્રોના સ્ત્રી કાર્યકરોના અનુભવ છે કે જ્યારે કોઇ સંસ્થાની પ્રતિનિધિ ફરિયાદી સ્ત્રીની સાથે પોલીસ સ્ટેશને જાય છે ત્યારે પોલીસ અધિકારી તેને આ કલમની ગંભીરતા સમજાવવા બેસી જાય છે. તે સ્ત્રીના વતી સંસ્થાને સમજાવે છે કે સંસ્થાએ સ્ત્રીના ભવિષ્ય સામે જોવું જોઇએ, કારણકે ફરિયાદ નોંધાવવાનો આગ્રહ રાખ્યાથી તે સ્ત્રી બેઘર બની જશે અને તે પછીથી કોઇ સમાધાન નહીં કરી શકે. પોલીસ અધિકારી પોતાનો મત રજૂ કરે છે કે ફરિયાદી સ્ત્રી ફરિયાદ કરવાનો વિચાર કરે છે કેમકે તે ગુસ્સાથી આંધળી થઇ ગઇ છે નહીં તો તે સમજે જ કે તે એક ખૂબ અગત સંબંધની વાત જાહેરમાં કહી રહી છે.

જો સંસ્થાના પ્રતિનિધિના આગ્રહથી પોલીસ અધિકારીએ ફરિયાદ નોંધવી જ પડે તો તેની સમસ્યાને તે હળવી લાગે તેવી રીતે લખે છે. તે એવી ભાષા વાપરે છે કે ફરિયાદ સાવ ફિક્કી પડી જાય છે. તે ફરિયાદ સાંભળે પોલીસ અધિકારીઓ



કાર્યવાહી કરવાની ઉતાવળ કરતા નથી. આરોપી પર તે રહેમ દાખવે છે અને તેને જામીન માટે પ્રસ્તુત કોર્ટમાં સીધો હાજર કરી શકાય તે સમયે જ બોલાવવા મોકલે છે.

કેટલીક સ્ત્રી સંસ્થાઓએ અભિપ્રાય જણાવ્યો કે કલમ ૪૯૮-એ (ઈપીકો) નીચે નોંધાતા ગુનાને પોલીસ અધિકારીઓ આરોપી પાસે થોડા પૈસા મેળવવાની તક સમજે છે, કારણ કે આ કલમ નીચે તેની ધરપકડ કરવાની હોય છે.જ્યારે આરોપીની ધરપકડ કરવામાં આવતી નથી પણ તેની સાથે ઉદારતાભર્યું વર્તન કરવામાં આવે છે ત્યારે ફરિયાદી સમજી જાય છે કે આરોપીને છોડી મૂકવા માટે તેનો કેસ હળવો કરી મૂકવામાં આવ્યો છે.

જ્યારે સ્ત્રીઓ પોલીસ સ્ટેશનોએ જાય ત્યારે પોલીસોની સ્ત્રીઓ પ્રત્યેની વર્તણૂંક ફક્ત તિરસ્કારયુક્ત જ નહીં અભદ્ર પણ હોય છે. તે પુરુષો તે સ્ત્રી સામે હસ્યા કરે છે, લાંબા સમયગાળા સુધી તેને બેસાડી રાખે છે. તેને વિશે અશ્લીલ ટીકાઓ કરે છે અને તેનામાં અપમાનિત થયાની લાગણી ઊભી કરે છે.

સ્ત્રીઓની ફરિયાદ નહીં નોંધવાનું એક નહીં જણાવાતું કારણ છે કે પોલીસ અધિકારીને પોતાના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની સંખ્યા વધવા દેવી નથી. પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓને જાણ છે કે જો ગુનાઓની સંખ્યા વધી તો તેમને ઠપકો મળે અને ન વધે તો પ્રશંસા મળે. નોંધેલા ગુનાની સંખ્યા ઓછી રાખવા માટે પોલીસ સ્ટેશનોમાં સ્ત્રીઓ આવે ત્યારે તેમને ભગાડી મૂકવી વધુ સહેલી છે.

જો કે ઘરેલુ હિંસાના બનાવોમાં પોલીસની ભૂમિકા દરેક તબક્કે હોતી નથી. પણ ઘણા અને ખાસ કરીને શારીરિક હિંસાના બનાવો વખતે પીડિત સ્ત્રીઓને કમને પણ પોલીસનો સહારો લેવાની ફરજ પડે છે. 'અવાજ'નો અનુભવ છે કે આવા બનાવો વખતે પણ પોલીસનો અભિગમ સ્ત્રી તરફી હોતો નથી.

પોલીસો પિતૃપ્રધાન સમાજના સામાજિકરણની પેદાશ છે. પિતૃપ્રધાન સમાજ વ્યવસ્થાના મૂલ્યો એમણે આત્મસાત કર્યા છે. પરિણામે પીડિત સ્ત્રી તરફનો એમનો અભિગમ એક પુરુષનો રહે છે. સ્ત્રી તરફી કાયદાઓમાં બે નવી પેટા કલમ, ૪૯૮-એ અને ૧૧૩-એ ઉમેરાઇ હતી. જેથી એકવાર ફરિયાદ દાખલ થાય પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ પ્રમાણે કેસનું સમાધાન કોઇ સત્તા કરાવી શકે નહી. તે કેસની સુનાવણી કોર્ટમાં જ થાય અને કોર્ટના હુકમ પછી જ તેનો અંત આવે. પણ આ નવી કલમો તેમજ કાયદાનો મર્મ પોલીસ સુધી પહોંચ્યો ન હતો. પોલીસ સાથેના સંબંધોમાં કર્મશીલોએ જોયું કે પીડિત સ્ત્રીની ફરિયાદ અંગે પોલીસ બેદરકાર, પરવા વગરની અને બેજવાબદાર હતી. 'બાઇઓ તો બળી મરે, એમાં શું', ના વલણ સાથે પોલીસનું આગમન છેક છેલ્લે થતું. પોલીસ તપાસ અપૂરતી રહેતી.

એ સર્વવિદિત છે કે સમાજમાં સ્ત્રીઓના અપમૃત્યુની સંખ્યા પ્રતિવર્ષ વધી રહી છે. પરંતુ પોલીસ ચોપડે નોંધાતી ફરિયાદની સંખ્યા ખૂબ ઓછી હોય છે. આપણે ત્યાં શહેરો અને જીલ્લા મથકોએ પોલીસ નારી સેલોની સ્થાપના કરવામાં આવે



છે. આ સેલોમાં પણ અપમૃત્યુની સંખ્યા ઘણી ઓછી નોંધેલી જોવા મળે છે. લગભગ રોજ કે એકાદ-બે દિવસે થતાં અપમૃત્યુના આંકડા સાથે પોલીસ આંકડા મેળ ખાતા નથી. પોલીસને સવાલ કરતા સામે કંઇક ઉડાઉ જવાબ મળે છે.

**કાયદો અને પોલીસ :**

અત્યાચારપીડિત સ્ત્રીને રક્ષણ અને ન્યાય માટે પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા જવું પડે છે. ફરિયાદમાં નોંધાયેલ કિસ્સાની તપાસ, કિસ્સામાં સંડોવાયેલ વ્યકિતઓ, પીડિત સ્ત્રીના સગાંવહાલા, પાડોશી કે બીજા આરોપીઓ પાસેથી વિગતો ભેગી કરવી, નોંધવી અને માહિતી કોર્ટમાં રજુ કરવાનું કામ પોલીસ અધિકારીઓનું છે. એટલે પોલીસનો સ્ત્રી માટેનો અભિગમ અને સ્ત્રીના પ્રશ્નોને સમજવાની સંવેદનશીલતા સ્ત્રીને ન્યાય અપાવવા માટે, સ્ત્રીનો આત્મવિશ્વાસ અને સ્વમાન ટકાવવા માટે મૂખ્ય ભૂમિકા ભજવે છે.

સ્ત્રીઓ પર આચરાતા અત્યાચારોમાં કુટુંબમાં થતી મારઝૂડનું પ્રમાણ મોટું છે. ઈન્ડીઅન પીનલ કોડની કલમ ૪૯૮-એ અન્વયે સ્ત્રીની નોંધાયેલી ફરિયાદ પ્રત્યે ફરિયાદ લેનાર પોલીસ થાણાના અધિકારીઓ માટે સક્રિય થઇને જેની વિરૂધ્ધ ફરિયાદ નોંધાઇ હોય તેની ધરપકડ કરવી જરૂરી બની જાય છે. પરંતુ વાસ્તવિકતા કડવી છે.

અનુભવે નારી કર્મશીલો અને માનવ અધિકાર માટે કામ કરતા કર્મશીલોએ જોયું છે કે પોલીસનું વલણ સ્ત્રી તરફી હોતું નથી. તેનું મુખ્ય કારણ પોલીસ કર્મચારીઓ ભલે પછી તે સ્ત્રી પોલીસ હોય પુરુષપ્રધાન સમાજના ભાગ છે. સમાજના સ્ત્રી વિરોધી મૂલ્યો, વલણો અને સંબંધો તેઓએ પણ આત્મસાત્ કર્યા છે.

**પોલીસ કાર્યવાહી :**

પોલીસ નિયમ પ્રમાણે દાઝેલી સ્ત્રી જ્યારે મરણ પામે છે ત્યારે Dy.S.P. તપાસ કરે. પરંતુ ૬૦% દાઝવા સાથે સ્ત્રી જીવતી હોય તો જુનીયર કક્ષાના પોલીસ કોન્સ્ટેબલ દ્વારા તપાસ થતી. મહત્વના પુરાવા ઘણીવાર સીનીયર પોલીસની મહેનત છતાં હાથ લાગતા નથી. 'અવાજ'ને લાગ્યું કે સ્ત્રીને હોસ્પિટલ ખસેડાય ત્યારે જો સિનીયર કક્ષાના ઓફિસર દ્વારા તપાસ થાય તો પરિણામલક્ષી થવાનો સંભવ છે. પોલીસની દલીલ હતી કે જવાબદારી, કામનું ભારણ અને ગતિશીલતાને કારણે સિનિયર ઓફિસર માટે આ મુશ્કેલ છે. 'અવાજ'નું સૂચન હતું કે મરણ થાય ત્યારે ઓફિસર તપાસની મુલાકાતે આવે કે હોસ્પિટલમાં લઇ ગયા હોય ત્યારે આવે તેમાં સમય સરખો જ જાય છે. Dy.S.P. કક્ષાના અધિકારી તપાસની પ્રક્રિયાને દોરવણી આપે તો તપાસ ઉપયોગી થઇ પડે. આવા સૂચનો ત્યારના એડીશનલ ચીફ સેક્રટરીને મોકલી આપવામાં આવ્યા.

એ પણ ધ્યાનમાં લાવવામાં આવ્યું કે સ્ત્રીની ફરિયાદ સેકશન ૩૨૩ હેઠળ



નોંધવામાં આવતી હતી. જો સ્ત્રી મરણ પામે તો જ ઈન્ડિયન પીનલ કોડની ૪૯૮-એ કલમ લગાડવામાં આવતી. પોલીસની દલીલ હતી કે કલમ ૪૯૮-એ ચુસ્ત અને કડક હોવાથી સ્ત્રીનો કુટુંબમા પુનર્વસવાટ મુશ્કેલ બને. 'અવાજ'ની દલીલ હતી કે પોલીસનું કામ કાયદાનો અમલ કરવાનું છે, નહીં કે સામાજિક કાર્યકર કે ગામ અને જ્ઞાતિના વડીલની જેમ લગ્ન અને કુટુંબની જાળવણીની ચિંતા કરવાનું. સ્ત્રીઓને પોલીસ દ્વારા અપાતી સલાહ પાછળનો ખ્યાલ મહદ્અંશે સ્ત્રીના ભોગે લગ્ન અને કુટુંબને બચાવવાનો હોય છે. 'અવાજ'નો આગ્રહ રહ્યો કે પોલીસ સ્ટેશને સ્ત્રીની ફરિયાદને કાયદેસર અને નિયમપ્રમાણે નોંધણી કરવી. સ્ત્રીના શારીરિક અને માનસિક ત્રાસના કિસ્સાઓમાં અગાઉથી જામીન આપવા સામે 'અવાજ'નો સખત વિરોધ રહ્યો. 'અવાજ'ને લાગે છે કે જામીન પર છૂટનાર તપાસમાં વિઘ્નકર્તા બની રહે છે અને પુરાવાનો નાશ થવાની શક્યતા વધી જાય છે.

નિયમાનુસાર અને કાયદેસર પોલીસ કાર્યવાહીના આગ્રહ પાછળ 'અવાજ'ની સ્ત્રીના વર્તન વ્યવહારની ઊંડી સમજ દેખાય છે. કોઈપણ સ્ત્રી એકાદ-બે વાર કે વારેવારે પણ સહેવાતો હોય તેવો માર ખાઈને પતિ કે સાસરિયા વિરુધ્ધ ફરિયાદ કરે નહી. સહનશક્તિ હદ વટાવી જાય એવા ત્રાસથી જ સ્ત્રી પોલીસ સ્ટેશને દોડી જાય છે. અન્ય વિકલ્પ તરીકે પીડિત સ્ત્રી પોલીસ શરણે આવે છે. પોલીસ સ્ટેશનેથી પાછી કાઢેલી સ્ત્રી સામાન્ય રીતે મરવું પસંદ કરે છે. મોટાભાગના અપમૃત્યુ આ રીતે થાય છે. 'અવાજ' ભારપૂર્વક માને છે કે પોલીસ સ્ટેશને સ્ત્રીની વિધિવત્ ફરિયાદની નોંધણી અને તેને આધારે કાયદેસર કાર્યવાહીને કારણે બધા નહીં પણ ઘણાં અપમૃત્યુ નિવારી શકાય. સંસ્થાનું સર્વેક્ષણ તેમની આ ધારણાને બહાલી આપે છે.

'અવાજ'ના કાર્ય અનુભવ અને નિરીક્ષણ પ્રમાણે સ્ત્રીઓની ફરિયાદ અને સ્ત્રીઓના અપમૃત્યુ વખતે પોલીસ નોંધણી અને સમગ્ર કાર્યવાહી ખામીયુક્ત

જણાય છે. સમગ્ર પોલીસ કાર્યવાહીને વિગતે તપાસતાં નીચેના તારણો બહાર આવ્યા હતાં.

૧) પોલીસ નોંધણીની પધ્ધતિ વ્યવસ્થિત અને પધ્ધતિસર બનાવાઇ નથી. એક સરખી ફરિયાદમાંના એક સરખા ગુનાઓ માટે જુદી જુદી કલમો લગાડવામાં આવે છે અને એક સરખી કલમો જુદા જુદા ગુનાઓ માટે લગાડવામાં આવે છે.

૨) પોલીસ નોંધણીમાં અનેક વિગતોની ઊણપ દેખાઇ આવી છે. સામાન્ય રીતે સ્ત્રીઓના અપમૃત્યુને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૪ અન્વયે નોંધવામાં આવે છે. ઉપરાંત સર્વ અપમૃત્યુને અકસ્માત અથવા આત્મહત્યા માની લેવાય છે. વધુમાં નોંધણી પણ એવી રીતે કરાય કે સ્ત્રીનું મૃત્યુ ખૂન છે કે આત્મહત્યા તે સ્પષ્ટ રીતે જાણી શકાતું નથી.

૩) કોર્ટો સમાધાન કરાવવાનું વલણ ધરાવે છે, ખાસ કરીને કૌટુંબિક ઝગડામાં. જો કે, 'અવાજ'ના નિરીક્ષણ પ્રમાણે સમાધાન બન્ને પક્ષોની સમાનતાના પાયા પર થતું નથી. સ્ત્રીઓ પર સામાજિક અભિપ્રાયો અને પિતૃપક્ષનું દબાણ આવે છે. ઉદાહરણ તરીકે 'અવાજે' અભ્યાસ કરેલા કેસોમાં એક કેસ ભદ્રાવતીનો હતો. ભદ્રાવતીએ કુટુંબમાં અત્યાચાર સહ્યા પછી આત્મહત્યા કરી હતી. તેણીના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ પછી બે વર્ષે પિતાએ આરોપી સાથે સમાધાન કર્યું હતું. નોંધણીમાં સમાધાનના કારણો નથી જણાવાયા. કોર્ટમાં પણ સમાધાન જેમનું તેમ જ સ્વીકારાયું. 'અવાજ' જણાવે છે કે ગુનો ૪૯૮-એ હેઠળ નોંધાયો હતો. પરંતુ તેમ છતાં તેને આત્મહત્યાના દુષ્પ્રેરણ તરીકે જોવાયો નહીં. આગળ કોર્ટે કલમ ૩૦૬ લગાવી આરોપીનો આરોપ ફરીથી ઘડ્યો નહીં. સેશન્સ કોર્ટમાં કેસ મોકલાયો નહીં. તેમજ ભદ્રાવતીના પિતા પર જૂઠું બોલવાનો આરોપ મૂકવામાં ન આવ્યો. આમ ભદ્રાવતીના મૃત્યુની નોંધ ન પોલીસે લીધી કે ન કોર્ટે લીધી. જેમાં પિતૃપક્ષના સગાઓનો પૂરો સહકાર. આમ

પોલીસ કાર્યવાહી અને ન્યાયિક પ્રક્રિયા સ્ત્રીઓ તરફી નથી. 'અવાજ'ના મતે પોલીસ કાર્યવાહીમાં થોડી વધુ કાળજી અને ચીવટ રાખવાથી સ્ત્રીઓના અપમૃત્યુની સંખ્યા ઘટાડી શકાય છે.

**કેસ :**

**દિકરીના ભરણપોષણના સંદર્ભમાં રેશ્મા ''અવાજ''ના સલાહ કેન્દ્ર પર આવી હતી. લગ્નના થોડાં વર્ષો પછી પતિ રેશ્માં પર ખૂબ બંધનો લાદવા માંડ્યા. માતા–પિતાને મળવાનું બંધ થયું. પરદાનો રિવાજ પાળવો પડયો.**

**મસુદની લાંબી માંદગીને કારણે પરિસ્થિતિ વધુ વણસી. આવક મેળવવા રેશ્માએ ટ્યુશન કરવાનું શરુ કર્યુ. પોતાના બાળકના અભ્યાસ સંદર્ભે એક પિતા રેશ્માને મળવા આવ્યા અને તે પરપુરુષ સાથે વાત કરી તે રેશ્મા માટે ગુનો બની ગયો. ઝગડાનું કારણ બન્યું. ઝગડા વધ્યા અને તીવ્ર થતા ગયા.**

**રેશ્માનાં પિતાને વચ્ચે પાડવામાં આવ્યા. સસરાનો બુધ્ધિ ગ્રાહ્ય અને પ્રમાણિક અભિપ્રાય હતો કે બાળકના પિતા સાથે અભ્યાસ અંગે વાત કરવી તે ગુનો બનતો નથી. મસુદનો પુરુષ અને જમાઇ તરીકેનો અહમ્ ખૂબ ઘવાયો. પરિણામે તેણે રેશ્માને ઘરમાંથી કાઢી મૂકી.**

**એક વર્ષ સુધી માતા–પિતાને ત્યાં રેશ્માને રહેવું પડ્યું. દરમ્યાન, તેમના સાંભળવામાં આવ્યું કે મસુદ તેમની જમાતમાં રેશ્મા વિરુધ્ધ તે પૂરું ભણી નથી, પોતાની પત્ની થવાને લાયક નથી, વગેરે વાતો ફેલાવતો હતો.**

**રેશ્માની પ્રતિક્રિયા સામર્થ્યશીલ રહી. તેણે આગળ વધુ અભ્યાસ કરવાનો નિર્ણય લીધો. તેણે ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષા પાસ કરી જ લીધી, અને વળી આગળ અભ્યાસ કરવા માટે કોલેજમાં પણ તે દાખલ થઇ. આ બાજુ, તેના માતા–પિતા બન્ને વચ્ચે સમાધાન થાય તે માટે પ્રયત્નો કરતા હતા અને તેમાં પોતાની જમાતના સભ્યોની મદદ પણ લેતાં હતાં. છેવટે મસુદે રેશ્માને પોતાને ઘરે પાછી સ્વીકારી.**

**જે દિવસે જમાતના સંબંધીઓએ સમાધાન કરાવ્યું અને રેશ્મા મસુદને ઘરે પહોંચી, તે જ દિવસે મસુદે તેને એક થપ્પડ મારી અને**

ખૂબ જોરથી કહેવા લાગ્યો, જોઇ લે, હું તને આ થપ્પડ મારું છું અને ફરી પણ મારીશ! જો તારે પાછું જતા રહેવું હોય તો આજે જ તારા માવતરને ઘરે પાછી ફરી જા, પણ જો તારે અહીં મારી સાથે રહેવું હોય, તો તારે આ બધું સહન કરવું પડશે.સમાધાન માટે આટલા લાંબા સમયથી થયેલા પ્રયત્નો નિષ્ફળ ન થાય એ કારણ રેશ્મા તે વખતે ચૂપ રહી. વળી તેને લાગ્યું કે જો તે પાછી ફરીને માતા–પિતા પાસે જશે તો તેઓ ભોંઠાં પડી જશે.

પણ હવે રેશ્માની જીંદગીમાં શાન્તિ રહી નહીં અને તેમાં ઉતાર–ચડાવ આવવા લાગ્યા. એટલું ખરું કે મસુદે તેને કોલેજમાં અભ્યાસ કરતાં અટકાવી નહીં. છતાં, કોલેજમાં છોકરાઓ સાથે વાતચીત ન કરવી, લેક્ચર દરમ્યાન પણ પરદો કરવો વગેરે બંધનો તેણે અવશ્ય મૂક્યાં, તે ઘણી વાર રેશ્મા કોલેજ જાય ત્યારે તેનો પીછો કરતો. કોલેજનો અભ્યાસ પૂરો કરવાના રેશ્માના નિર્ધારથી મસુદના અહંકાર પર આઘાત થતો હતો, હવે તે રેશ્માને જુદી જુદી રીતે સતાવવા માંડયો. આ મુદ્દા પર ઠપકાના શબ્દો કહેવા તેટલું જ નહીં તે વારંવાર મારઝૂડ કરતો અને લાત મારતો. દરેક નાની નાની બાબતમાં તે રેશ્માની ટીકા કરતો. ઘરે અભ્યાસ કરવા માટે તેને કોઇ સમય અપાતો નહાતો અને તેના પર ઘરકામનો વધારે ને વધારે બોજો લાદવામાં આવતો હતો. આ બધી પ્રતિકૂળતાઓ છતાં રેશ્માએ પોતાનું ભણવાનું છોડી દીધું નહીં.

રેશ્માએ આ સમયગાળા દરમ્યાન તેણે સહેલા કેટલાક માનસિક અને શારીરિક જુલમો વર્ણવ્યા હતા. રેશ્મા કોલેજમાં જાય ત્યારે મસુદ તેની પાછળ પાછળ જતો. એક વાર તો તેના વર્ગમાં ધસી જઇને મસુદે તેને બહાર આવવા જણાવ્યું. જ્યારે તે વર્ગમાંથી બહાર આવી ત્યારે ત્યાં જ મસુદે તેને મુક્કા માર્યા.

રેશ્માએ એ પણ જણાવ્યું કે તેના ખૂબ વહેમીલા સ્વભાવને લીધે કોલેજથી પાછી ફરતી હોય ત્યારે પણ મસુદ રેશમાનો પીછો કરતો. એક વખત તે બસ–સ્ટોપ સુધી પણ ગયો અને કંઇક બહાને તેણે આસપાસ ઉભેલા માણસોના દેખતાં રેશમાને થપ્પડ લગાવી દીધી.

ઘરે પણ તે દાસી હોય તેમ તેની સાથે વ્યવહાર કરવામાં આવતો. તેનું અપમાન કરવાની એક પણ તક મસુદ જવા દેતો નહીં. ખાસ કરીને

અન્ય લોકોની હાજરીમાં તેમ કરતો. એ પ્રથમ તો તેને ચા બનાવવાનો હુકમ કરતો અને પછી, તેણે કહેલા સમયમાં ચા ન બનાવી કે ચામાં ખાંડનું માપ બરાબર નથી, તેવે બહાને ચાનો કપ આમ તેમ ફેંકીને તેને પરેશાન કરતો.

જ્યારે રેશ્મા કોલેજ કે અભ્યાસની બાબતમાં તણાવ અનુભવતી હોય ત્યારે મસુદ ખૂબ ક્રૂરતાથી વર્તતો. રેશમાને યાદ હતું કે જ્યારે કોઇ અઘરી પરીક્ષાનો દિવસ હોય ત્યારે જ મસુદ તેને વિવિધ પ્રકારનું ભોજન તૈયાર કરવાનો હુકમ કરતો. એક વાર તો એની પરીક્ષાના અડધા કલાક પહેલાં જ પોતાની ભરેલી થાળીને લાત મારીને ઊભો થઇ ગયો અને બીજું ભોજન બનાવવા કહ્યું. સ્વાભાવિક છે કે રેશ્મા પોતાની પરીક્ષા માટે મોડી પડી.

જેમ જેમ રેશ્માનું શિક્ષણ આગળ ધપ્યું અને તેની સભાનતા અને સમજ વધતાં ગયાં તેમ તેમ મસુદની વર્તણૂકમાં હિંસકતા વધતી ગઇ. રેશ્માએ કહ્યું કે પહેલાં તો મસુદ ખાઇ લે પછી જ તે પોતે ખાતી હતી, અને ઘણું ખરું તો તે વધ્યું ઘટયું ખાઇ લેતી. 'અવાજ'ના કામમાં ભાગ લેવા માંડી ત્યાર પછી તે નિયમિત સમયે ભોજન લેવા માંડી અને તેમાં પોતાના ભાગનું ખાવા લાગી. મસુદને આ પસંદ ન પડ્યું અને તેની બદલાયેલી ભોજન વિષયક ટેવ વિષે ઘણી વાર ટીકા પણ કરતો. રેશ્માને મહેણાં મારવા અને એ સુયોગ્ય પત્ની થઇ શકે તેમ નથી એવું સૂચવ્યા કરવા તેને આ નવું બહાનું મળી ગયું.

ત્રણ વર્ષના લગ્નજીવન પછી રેશ્મા ગર્ભવતી બની. એ દરમ્યાન પણ તેના પર શારીરિક અત્યાચાર તો ચાલુ જ હતો. એમની જમાતના રિવાજ પ્રમાણે રેશ્માને સુવાવડ માટે માતા–પિતાને ત્યાં લઇ જવામાં આવી. જો કે ગર્ભવતી હતી તે વખતે પણ રેશ્માએ શારીરિક ત્રાસ અને લાતો સહન કરી હતી, છતાં તેને એક સ્વસ્થ બાળકી અવતરી. મસુદે પોતાનાં જ સંતાનનો કોઇ સત્કાર ન કર્યો. નવજાત શિશુ અને રેશ્માને તે પોતાને ઘરે તો લઇ ગયો પણ રેશ્મા તેની સાથે વધુ દિવસો માટે રહી શકી નહિ. મસુદે ફરીથી તેની હિંસક વર્તણૂક અખત્યાર કરી લીધી. રેશ્મા તેવા જ દુ:ખદ અનુભવોમાંથી પસાર થવા લાગી તેથી માતા–પિતાને ઘરે પાછે ફરી. આમ બે થી ત્રણ વખત તે પિયર થી સાસરે અને સાસરે થી પિયર પાછી ગઇ.

પરંતુ છેલ્લાં અઢી વર્ષથી તો હવે રેશ્મા પોતાનાં માતા–પિતા સાથે જ રહે છે અને તેણે ત્યાં જ પોતાનો વસવાટ કાયમ કર્યો છે. મસુદ પાસેથી પોતાના અને સંતાનના ભરણપોષણ માટે તેને કશી મદદ મળી નથી. હવે તેણે પોતાનો કોલેજનો અભ્યાસ પૂરો કર્યો છે અને કાયદાનો અભ્યાસ પણ શરૂ કર્યો છે. છતાં તેને એ વાતનું દુ:ખ છે કે એક જ શહેરમાં રહેતાં હોવા છતાં તેની દીકરી તેના પિતાને ઓળખતી નથી. તહેવારોના દિવસોમાં પણ કદી મસુદને પિતૃત્વની લાગણી થઇ હોય તેમ જણાતું નથી કે તેને યાદ પણ હોય કે પોતાને એક સંતાન છે, અને આવા વિચારથી રેશ્મા દુ:ખી થાય છે. દીકરી મોટી થતી જાય છે અને તેને પિતા તરફથી આર્થિક સહાય તેમ જ ભાવાત્મક ટેકો મળે તે જરૂરી છે. હવે તો તેના રોજિંદા જીવનમાં પણ ખર્ચ વધતો જાય છે અને રેશ્માના પિતા આટલો બધો આર્થિક બોજો સહન કરી શકે તેમ નથી. આમ રેશ્મા પાસે તેણે પોતાનો હક માગ્યા વિના કોઇ વિકલ્પ રહેતો નથી. એથી જ 'અવાજ' પાસે પોતાના અને છોકરીના ભરણપોષણ માટે દાવો મૂકવા સહાય મેળવવા આવી હતી.

કોર્ટે ચડતાં પહેલાં જ જો પોતાના અને પોતાની દીકરીના ભરણપોષણ વિષે નિર્ણય થઇ શકે તો વધુ સારું, એ વિચારીને રેશ્માએ 'અવાજ'ની સહાય માગી. એને લીધે સલાહ કેન્દ્ર દ્વારા એ બાબતે વિચારણા કરવા માટે કેન્દ્ર પર આવવાનું કહેણ મસુદ ઉપર મોકલાયું. મસુદ આવ્યો, પણ તે રેશ્માની ખૂબ જ ટીકા કરતો હતો. તેને અને દીકરીને પાછી ઘરે લઇ જવા મસુદ રાજી હતો, પણ તે માટે ઘણી બધી શરતો મૂકી, જેમ કે રેશ્માએ હવે અભ્યાસ આગળ વધારવો નહિ, નોકરી લેવી નહીં, તેની દરેક ઇચ્છાને માન આપવું, વગેરે. રેશ્માને આ બંધનો અને શરતો માન્ય નહોતાં તેથી તેમનો સાથે રહેવાનો વિચાર પડતો મૂકાયો.

બીજી બાજુ, રેશ્માએ 'અવાજ'ના ક્ષેત્રીય કાર્યકર તરીકે કામ સ્વીકાર્યું અને એ રીતે આવકનું સાધન તેને મળ્યું એટલું જ નહિં પરંતુ સ્વાનુભવે પોતે સમજતી હતી તેવું કાર્ય તેના હાથમાં આવ્યું. આ કાર્યમાં જોડાઇને તે આર્થિક રીતે સ્વતંત્ર પણ થઇ. પોતાના અભ્યાસ માટે પણ રેશ્મા ખૂબ ગંભીર છે, અને અત્યારે પણ કાયદાની ડીગ્રીની અભ્યાસ કરી રહી છે, તેમ છતાં, કેટલાંક માનસિક પરિબળો તેને

સતાવે છે, જેવાં કે કામમાં ધ્યાન ન પરોવી શકવું, સ્મૃતિ ક્ષીણ થવી, વગેરે. આને લીધે તેની મનોવૈજ્ઞાનિક ઢબે પણ સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું.

''અવાજ''ના સલાહકાર સાથે રેશ્માને સારું ફાવી ગયું. તેથી પોતાની ચિંતાઓ પોતાના ભય અને અનુભવાતી અસલામતી વિશે તે કહી શકી. રેશ્મા પોતાના ભવિષ્ય માટે ખૂબ જ ચિંતિત હતી. ખાસ કરીને માતા–પિતા હયાત ન હોય ત્યારે શું થશે તેની ચિંતા કરતી હતી. એવે વખતે પોતે શું કરશે અને દીકરીને કેવી રીતે સાચવશે તે રેશ્મા સમજી શકતી નહિ.અસલામતીની એની ભાવના પ્રખર સ્વરૂપ ધારણ કરી રહી હતી. તેને ખબર હતી કે પોતાના ભત્રીજી અને ભત્રીજા માટે મસુદ હમેશાં કંઇક ભેટો લાવ્યા કરતો. પણ કદી પોતાની સગી દીકરી માટે તે ભેટ લાવ્યો નહોતો. રેશ્માને ચિંતા હતી કે પોતાના અને દીકરીના પૂરતું તે કમાઇ નહીં શકે. દીકરીને તે શાળામાં શિક્ષણ નહીં આપી શકે તેવી ચિંતા તે કરતી હતી.

આ પ્રકારની અસલામતીની માઠી અસર રેશ્માના મન પર પડતી હતી. સલાહ પ્રક્રિયા દરમ્યાન એ બાબત પણ સ્પષ્ટ થઇ કે તેના કાર્યક્ષેત્રમાં ઊભી થતી કોઇ પ્રતિકૂળ સ્થિતિનો પણ તે સામનો કરી શકશે કે કેમ એવો ભય તે સેવી રહી હતી. એથી જ તે પોતાને દુઃખી કરે તેવા સંયોગો વિશે બડબડતી અને રોષે ભરાયેલી રહેતી.

પોતાની પરિસ્થિતિને જુદા જ પરિપ્રેક્ષ્યથી જોવા માટે સલાહ પ્રક્રિયા દરમ્યાન તેને પ્રોત્સાહન આપવામાં આવ્યું. પ્રથમ તો સલાહકારે રેશ્માને તેની શક્તિઓ કઇ હતી તે પર ધ્યાન આપવા કહ્યું. તે એક બુદ્ધિશાળી સ્ત્રી હતી અને ઘણા વિપરીત સંયોગો સામે તેણે બાથ ભીડી હતી. આ સંઘર્ષ જ એવો હતો કે કોઇ વાર તેને થકવી દે પણ તેના દ્વારા તેનું વ્યક્તિત્વ વધુ તાકાતવાળું થતું હતું. શિક્ષણ લેવાથી રેશ્માના સ્વમાનમાં વધારો થયો હતો અને ભવિષ્ય ઘડવામાં પણ મદદ થઇ હતી. 'અવાજ'માંના અન્ય કાર્યકરોમાંથી પણ કેટલાકે પોતાની સંઘર્ષ કથનીઓ રેશ્માને કહી સંભળાવી, જેથી આખા જગતમાં આ રીતે દુઃખ સહન કરનાર તે એકલી જ છે એવી તેની ભાવના ઓછી થાય. રેશ્માને એવી ભારતની અને અન્ય દેશોની સ્ત્રીઓના કિસ્સાઓ સાંભળાવ્યા.

## ‘અવાજ’ની સંઘર્ષ નીતિ :

સંઘર્ષ નીતિ નકકી કરતી વખતે સૌ પ્રથમ જરૂરિયાત પોલીસને પીડિત સ્ત્રી પ્રત્યે સંવેદનશીલ કરવાની લાગી. પીડિત સ્ત્રીને ન્યાય મેળવવા માટે પોલીસે મહત્વની કડી તરીકે ભૂમિકા ભજવવાની હોય છે. પીડિત સ્ત્રીના ન્યાય માટેના સંઘર્ષમાં આ કડીને જોડ્યા વગર કાનૂની સલાહ કેન્દ્રોના સલાહકારો અને સામાજિક કાર્યકરોની ભૂમિકા ઇચ્છિત પરિણામો લાવી ન શકે. એટલે પોલીસની અસરકારક કાર્યવાહીને સ્ત્રી વિરૂધ્ધ હિંસા સામેના સંઘર્ષની તાર્કિક કડી તરીકે લેવાની જરૂર હતી. આના વગર લડત વચ્ચેથી છૂટી જતી અધૂરી લાગતી હતી. સલાહ કેન્દ્રો અને કાનૂની સલાહ કેન્દ્રોના સલાહકારો અને સામાજિક કાર્યકરોને અપાતી તાલીમ એક પક્ષીય જણાઇ.પોલીસ સક્રિયતા અત્યંત જરૂરી હતી. પરિણામે ૧૯૯૮માં તાત્કાલીન ડિરેકટર જનરલ ઓફ પોલીસ અને ગુજરાતના પોલીસ મહાનિદેશક શ્રી કે.વી. જોસેફની મંજૂરીથી પોલીસ દળના સભ્યોની સંવેદના ઉજાગર કરવાનો કાર્યક્રમ શરુ થયો. ગુજરાતનાં એંશી ટકા જેટલા જિલ્લાઓ અને કમિશ્નરની હદના ઇલાકાઓમાં ‘અવાજ’ દ્વારા સ્ત્રી પ્રત્યે સંવેદના કેળવવાની હિમાયત કરવામાં આવી. જેને પરિણામે પોલીસ ફરિયાદની આ સહાયકની પોલીસ દફતરે નોંધાતા આંકડાઓની સંખ્યામાં વૃધ્ધિ થઇ. ‘અવાજ’નો અહેવાલ નોંધે છે કે પોલીસની સહાયકની ભૂમિકાને કારણે સ્ત્રીઓ અપમૃત્યુ તરફ ધકેલાતી ઓછી થઇ. સમયસરની પોલીસ દરમ્યાનગીરીનું આ પરિણામ હતું.

## કાયદાકીય સામાજિક તાલીમ :

‘અવાજ’નો સંબંધ કાયદાઓના અસરકારક અમલીકરણ અંગેનો હતો. કાયદાપોથી તૈયાર કરી તેને પોલીસ સુધી પહોંચાડવા પૂરતી તેમની પ્રવૃત્તિ મર્યાદિત રહી નહીં. ‘અવાજ’નું ધ્યેય સ્ત્રીઓના અપમૃત્યુ નિવારવાનું હતુ. ધ્યેય સુધી પહોંચવા માટે શરુથી જ સંસ્થાનો અભિગમ તાર્કિક રહ્યો છે. તાર્કિક

અભિગમે સંસ્થાએ ૧૯૯૫માં ગુજરાતના ૫૨ જેટલા કુટુંબ સલાહ કેન્દ્રો (Family Counselling Centres) ના કાઉન્સેલર્સને તાલીમ આપવાનું નકકી કર્યું. તાલીમ દર છ મહીને અપાતી. ત્યાર પછી ત્રણ વર્ષની અંદર એડવાન્સ્ડ ટ્રેનીગ આપવાનું નકકી કર્યું. તાલીમના ધ્યેય નીચે પ્રમાણે હતા.

૧) હિંસાનો ભોગ બનેલ સ્ત્રીની અવદશા અંગે તાલીમાર્થીઓને સંવેદનશીલ કરી તેણીને મૈત્રીનો હાથ લંબાવવો.
૨) ભોગ બનનાર સ્ત્રી સાથે શારીરિક અને માનસિક અત્યાચાર થયો હોય અને તેણી પોલીસ સ્ટેશને ફરિયાદ લખાવવા માંગતી હોય તો ફરિયાદ લખાવવાનો આગ્રહ રાખવો.
૩) કલમ ૪૯૮-એ વિશે કાઉન્સેલરોને માહિતગાર કરવા અને કલમ હેઠળ ફરિયાદ લખવાની પધ્ધતિથી વાકેફ કરવા.
૪) કુટુંબ બચાવને બદલે સ્ત્રી બચાવનું લક્ષ્ય રાખવું.

**મહિલા પોલીસ :**

પોલીસ સ્ટેશને જ્યારે એક સ્ત્રી ફરિયાદ લઇને જાય ત્યારે મહિલા પોલીસની હાજરી જરૂરી લાગે છે. પુરુષ પ્રધાન સમાજમાં ઘરેલુ સ્ત્રી મહદ્ અંશે પ્રથમ જ વાર જ્યારે એક અજાણ્યા પુરુષ, તેમાં પણ પોલીસ અધિકારીનો સામનો કરે છે ત્યારે એક વિચિત્ર સ્થિતિ સ્વભાવિકપણે જ ઊભી થાય છે. પોલીસ ગમે તેટલા ધીરે અને નરમાશથી પેશ આવે તો પણ સામાજિકરણને કારણે સ્ત્રી થથરે છે અને થોથવાય છે. કહેવાનું ભૂલી જાય છે. પરિણામે અસ્પષ્ટ હોય છે. મહિલા પોલીસ અહી અનિવાર્ય બની રહે છે.

પરંતું પોલીસ એક સ્ત્રી હોય એટલે સ્ત્રી તરીકની સંવેદના હોય છતાં એનામાં સ્ત્રી દૃષ્ટિ કેળવાઇ નથી હોતી. સામાન્ય મહિલા પોલીસ પુરુષ દૃષ્ટિ અને માનસ ધરાવતા હોય છે. અંતે તેઓ પણ પુરુષપ્રધાન સમાજની નિપજ છે. કેટલીક વાર

ખાખી ડ્રેસની સત્તાને કારણે તેમના વાણી વર્તન પણ પોલીસભાઈઓ જેવાં જ હોય છે. કદાચ તેઓ પોતાને પુરુષ સમોવડી માને છે. એટલે 'અવાજ'ને જેન્ડર ટ્રેઈનીંગની જરૂરિયાત સમજાઇ. ૧૯૯૧માં વર્તમાનપત્રોમાં All Women Police Station ની જાહેરાતે સંસ્થાને એ દિશામાં આગળ વધવાની તક પૂરી પાડી. શહેરની અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને સાથે રાખી મહિલા પોલીસ દ્વારા સ્ત્રીઓના સવાલો વિષેની આયોજિત ચર્ચાનું ધાર્યુ પરિણામ અને ઉત્સાહ ન આવતા 'અવાજ' પોતે જ એક સંસ્થા તરીકે એ દિશામાં આગળ વધી.

પોલીસ દળના પોલીસ કર્મચારીઓમાં સ્ત્રી તરફી અભિગમ કેળવવાની પ્રવૃત્તિમાં પોલીસ દળ સાથેનો સંપર્ક-સંબંધ (Rapport) 'અવાજે' પૂરી સભાનતા સાથે વિકસાવ્યો. વર્કશોપ દરમ્યાન પોલીસ ભાઈઓ-બહેનો વધુ અળગા ન થાય તેની તકેદારી રખાઇ. 'અવાજ'ના કાર્યકરો સભાન હતા કે તેઓ અધિકારીઓ સાથે ચર્ચા-વિમર્શ કરી રહ્યા છે. તેમની સત્તા કે અહમ્‌ને ઠેસ ન પહોંચે, ખાખી પોષાકના આદર-અદબ જળવાય, તેમને અપાયેલી તાલીમને પડકાર ન પહોંચે તેની કાળજી રખાતી. સ્ત્રી અંગેની તુચ્છ દૃષ્ટિ અને અભિગમ પોલીસમાં વારસાગત ઊતરી આવ્યા છે, તેની અવગણના અને ઉપેક્ષા સંસ્થાને પોષાય નહીં. 'અવાજ'ની ટ્રેઈનીંગ ટીમ વિશાળ દિલ સાથે વિનય અને સભ્ય વર્તન રહે તેની સતત કાળજી રાખતી. સ્ત્રી અંગે કયારેક કરાતી ટીકા-ટિપ્પણીને નજરઅંદાજ કરાતી. ઝૂકી જવાનું વલણ રખાતું. પરંતુ ગુજરાતમાં સ્ત્રી વિરુધ્ધ થતી હિંસા વિશે જે કહેવાનું હોય તેને દૃઢતાથી કહેવાતું.

પોતાના કામના અનુભવને આધારે પોલીસ સાથેનો સંવાદ અસરકારક રહે એ અર્થે 'અવાજે' કેટલીક નક્કર બાબતો અને પધ્ધતિઓ અપનાવી

૧) કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલને બદલે ડી.વાય.એસ.પી, પી.આઇ, પી.એસ.આઇ જેવા મધ્યમ ક્રમના પોલીસ ઓફિસરો સાથે સંવાદ કરવાનું નક્કી કરવામા આવ્યું. પહેલું કારણ સરખામણીએ ઉપલા અધિકારીઓની

શૈક્ષણિક લાયકાત વધુ છે.

૨) ડીવાયએસપી, પીઆઇ, પીએસઆઇ ની સંમતિ વગર કોઇ ફરિયાદ નોંધી શકાય નહીં.

૩) નીચલા ક્રમના પોલીસોની સંખ્યા ઘણી મોટી છે. મધ્યમ ક્રમના પોલીસ દળની સંખ્યાનું સચાલન કરવું સરળ બને છે.

કાયદા વ્યવસ્થા પરનો અંકુશ ધરાવતા અધિકારીઓ સાથે કામ કરવું અઘરું છે. કાયદાકીય સત્તા સાથે પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થાની પુરુષ સત્તા. સ્ત્રી સમાનતાની વાત નવી નવી. તે વિશેના ખ્યાલ અને સમજણ અડધી-પડધી. હોદ્દાને કારણે તેઓની સર્વગ્રાહી માહિતી અને જ્ઞાનના અધિપતિની ધારણા. અહીં સત્તા સાથે કામ કરવાનું હતું. તેને માટે તૈયારી અને વિશ્વાસ જરૂરી હતા.

પોલીસ દળના પોલીસ કર્મચારી ભાઇઓ, બહેનોમાં સ્ત્રી તરફી અભિગમ કેળવવાની પ્રવૃત્તિમાં 'અવાજે' પોલીસ દળ સાથેનો rapport પૂરી સભાનતા સાથે વિકસાવ્યો.

'અવાજે' ક્ષોભજનક પરિસ્થિતિના સામનાનો કાયદાકીય સજ્જતા ધરવાનો તર્કસંગત ઉપાય અપનાવ્યો. અન્ય કાયદાઓ સાથે ઇન્ડિયન પીનલ કોડ અને ક્રિમીનલ પ્રોસીજર કોડ અંગે સંપૂર્ણ જાણકારી કેળવી. પોલીસદળના પરિપત્રો અને કાર્યપ્રણાલીની વિગતે માહિતી, સમજણ અને પરિપત્રોને આચરણમાં મુકવાની પોલીસ દળની રીત-પધ્ધતિ અંગે ઝીણવટી ભરી સમજ કેળવી. ઉપરાંત ગુજરાત રાજ્યમાં સ્ત્રીઓની અવદશાના આંકડા અને માહિતી હાથવગી અને મોંઢે રાખવાનું નક્કી થયું. જરૂરી તમામ વિગતો પર પ્રભુત્વ મેળવી 'અવાજ'ની ટ્રેઇનીગ ટીમ વર્કશોપમાં આવેલ પોલીસો સામે નમ્રતાપૂર્વક જતી.

**પોલીસ કાર્યશાળા :**

૧૯૯૭માં એક પોલીસ ટ્રેઇનીગનુ આયોજન કરવામાં આવ્યું હતુ. આ

કાર્યશાળામાં શિબિરાર્થી તરીકે કેટલાંક મહિલા પોલીસ હતા. જેમની હાજરી ઘણી લાભકારક બની રહી. કાર્યશાળામાં ગુજરાત પોલીસ દળમાં સ્ત્રીઓના સવાલો પરત્વે જાગૃતિ અને સંવેદનાના કાર્યની વિધાયક અસર થઇ હતી. પરિણામે મહિલા પોલીસની કાર્યશાળાનું આયોજન સરળ બન્યું.

૧૯૯૭ના વર્ષમાં ૪ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાઓમાં પુરુષપ્રધાન સમાજની વિભાવનાઓ, ખ્યાલો અને આદર્શો વિશે ચર્ચા અને સંવાદ કરવામાં આવ્યાં હતાં. તાલીમાર્થીઓને સમજાવવામાં આવ્યું કે આપણા રોજીંદા જીવનમાં વપરાતાં ભાષા અને શબ્દપ્રયોગ જાણ્યે અજાણ્યે કેવી રીતે બે લિંગ વચ્ચે અસમાનતા દૃઢ કરે છે. આ મુદ્દો મહત્વનો હોઇ તેને વિગતે સમજાવવા ઉદાહરણો ટાંકવામાં આવ્યા. દાખલા તરીકે છોકરાના ગુણ અને ચારિત્રમાં બહાદુરી, શારીરિક તાકાત, નિડરતા, હિંમત, આક્રમકતા, વગેરે આવે છે. બીજી બાજુ, છોકરીઓના ગુણોમાં લજ્જા, ડરપોકપણું, કોમળતા, આજ્ઞાંકિતપણું વગેરે આવે છે. છોકરી એટલે તરત રડી પડે. છોકરા રડે તો બાયલા કહેવાય. આ પ્રકારની ભાષા અને શબ્દો દ્વારા થતી અભિવ્યક્તિ



ચાલી આવતા પૂર્વગ્રહોને પોષે છે. જેમાંથી સ્ત્રીને રક્ષણ આપવાની જેની જવાબદારી છે તેણે બહાર નીકળવું પડે. આ પ્રમાણે પુરુષપ્રધાન ખ્યાલો અને દાખલા-દલીલ દ્વારા વર્કશોપમાં ભાગ લેનારને વિચાર કરતા કરવાનું 'અવાજ'નું કામ શરુ થયું.

આ પછી ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશને પ્રકાશિત કરેલ આંકડા દ્વારા સ્ત્રીઓનું સમાજમાં ઉત્પાદનમાં કમાણી માલિકી પ્રદાન વિશે વાકેફ કર્યા. આંકડા - હકીકતોને રાજિંદા જીવાતા જીવનના અનુભવો સાથે જોડી સાધનોની અસમાન વહેંચણી વિશે ધ્યાન દોરવામાં આવ્યું. પરિણામે મહિલા પોલીસોમાંથી કેટલાક તેને પોતાની નિજી જીંદગીના અનુભવો સાથે જોડી શક્યા. હકીકત અને માન્યતા વચ્ચેના ફેરની સમજણ ઊભી કરવાના પ્રયાસો કરાયા.

સમગ્ર વર્કશોપનું પુરુષ પોલીસો અને બહેનોને મૂલ્યાંકન કરવાનું કહેવામાં આવ્યું. પ્રતિભાવ ઉત્સાહજનક હતો. ૧૯૯૭માં પોરબંદરથી પોલીસ સાથેની વર્કશોપ 'અવાજ'ની નિયમિત અને કાયમી પ્રવૃત્તિ બની ગઇ. 'અવાજે' વર્કશોપમાં ચર્ચા કરવા માટે સાહિત્ય સામગ્રી તૈયાર કર્યા.

**શેડયુલ :**

સાહિત્ય (Material) : સામાન્ય રીતે ચર્ચા માટેના સાહિત્યનું વિષયવસ્તુ ત્રણ મુદ્દા પર કેન્દ્રિત રહેતું.

૧) પિતૃપ્રધાન વ્યવસ્થાનો ઉદ્ભવ અને કાર્ય.
૨) ભારતમાં નારીવાદી વિચારસરણીનો ઉદ્ભવ.
૩) સામાજિક માહોલ અને પિતૃપ્રધાન વ્યવસ્થા.

ત્રણે મુદ્દાની વિગતવાર ચર્ચા કરાતી અને સવાલ-જવાબ, દલીલો માટે અવકાશ રખાતો. પોલીસ કાર્યવાહીમાં વિધાયક દરમ્યાનગીરીમાં દલીલો માટે અવકાશ રખાતો.

**પોલીસ પોથી :**

હેતુ : પોલીસને પોતાની ભૂમિકા અને ફરજની સમજ અંગેની તાલીમ અર્થે તેમજ સ્ત્રી તરફી કાયદા હાથવગા રહે તે માટે એક પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું. સહાયક પોલીસ નામની આ પુસ્તિકામાં સ્ત્રી અત્યાચારના ગુનાઓ અંગેની વિસ્તૃત ચર્ચા તથા કયા ગુના બાબતમાં કાયદાની કઈ કલમ લાગુ પડે તે અંગેની માહિતી આપવામાં આવી છે. ઉપરાંત પોલીસની સ્ત્રીઓ અંગેની સમજ/ગેરસમજ, માન્યતાઓ તથા સ્ત્રીઓની પોતાના વિશેની સમજ, સ્થિતિ તેમજ શિક્ષણની કક્ષાને કારણે ફરિયાદ નોંધતી વખતે ઊભી થતી મૂંઝવણ તેમજ સ્ત્રીઓની અજ્ઞાનતાને પરિણામે ઊભી થતી ગૂંચવણને ધ્યાંનમાં રાખી સમગ્ર પરિસ્થિતિને સ્ત્રી તરફી વિધાયક દિશા સાંપડે તે રીતની સમજ પૂરી પડાઈ છે.

૨૫ પાનની અતિ સરળ રીતે સમજાય એવી આ પુસ્તિકાનું પ્રકાશન વર્ષ ૨૦૦૪માં થયું છે. પુસ્તિકાની પ્રસ્તાવનામાં પ્રવર્તતા સામાજિક ચિત્રણના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રી ફરિયાદીને સહાયક પોલીસની આવશ્યકતાની રજૂઆત તાર્કિક



રીતે કરવામાં આવી છે. સીધી અને સચોટ વાતની રજૂઆતમાં ઈલાબહેને ઊંડા સ્ત્રી દૃષ્ટિકોણ સાથે પોલીસનું પુરુષમાનસ છતું કર્યું છે. પિયર પક્ષ, સાસરી પક્ષ, સમાજ તેમજ પોલીસ અને કાયદા વ્યવસ્થાની સંસ્થાઓ સ્ત્રીને એક વ્યક્તિ તરીકે જોવાને બદલે, કોઇની માતા, પત્ની, પુત્રી કે બહેન સંદર્ભે મુલવતા હોય તેવા સંજોગોમાં સ્ત્રી ભાગ્યે જ ફરિયાદ નોંધાવવા જાય. સ્ત્રી જાણે છે કે સમાજ અને સમાજની સંસ્થાઓ તેની સાથે નથી. જ્યારે કોઇ સ્ત્રી પોલીસ સ્ટેશન સુધી ફરિયાદ કરવા જાય ત્યારે તે સ્ત્રીની ત્રસ્તતાની તીવ્રતા અને માનસિક સ્થિતિની પરાકષ્ટાનો ખ્યાલ આવે છે.

પોલીસ પોથી - પુસ્તિકા સાત વિભાગમાં વહેંચાયલી છે. પ્રથમ વિભાગમાં કલમ ૪૯૮-એ વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી છે. કલમના સ્પષ્ટીકરણ સાથે તેના બિનજામીની ગુનાના પાસાને ખાસ નોંધ દ્વારા આવરી લેવામાં આવ્યા છે.

ત્યાર પછીના લખાણમાં સ્ત્રી, 'અવાજ' અને પોલીસની ભૂમિકાના પરિપ્રેક્ષ્યમાં ત્રણેય વચ્ચેના સંવાદ વડે તાદૃશ્ય ચિત્ર ઊભું કરી સંસ્થાની મહત્વના તબક્કે દરમ્યાનગીરી અને પોલીસ પાસેની અપેક્ષા મુકાયેલી છે. સ્ત્રીની કાયદા વિશેની અજ્ઞાનતા, તેની માનસિકતા, અસ્પષ્ટ સમજ સાથે સ્ત્રીના વર્તનની સમજૂતી અને પોલીસ પાસે વાણી, વર્તન અને વલણ અંગેની પુખ્ત સમજની અપેક્ષા દેખાય છે.

કેટલીક વાર ફરિયાદી સ્ત્રીની ફરિયાદ પાછળ કુટુંબમાં નિરાધાર દશાની ધારણાથી પોલીસ ચિંતિત હોય છે. સ્ત્રી કયાંયની નહીં રહે તેવું તે સમજે છે. સાથે ફરિયાદી સ્ત્રી સાથેના વાણી, વર્તન અને વ્યવહારમાં પોલીસનું પુરુષપ્રધાન માનસ પૂર્ણ રીતે કામ કરે છે. વિભાગ - ૧ અને ૩ માં પોલીસની ચિંતા અને મૂંઝવણ કેટલી ગેરવ્યાજબી છે અને ફરિયાદી સ્ત્રીની ફરિયાદની નોંધણી સ્ત્રીના વિશ્વાસ સાથે કરવા અંગેનું લખાણ છે. ફરિયાદ નોંધ્યા વગર સ્ત્રીને પાછી કાઢવાનાં વલણ સામે ભારોભાર નારાજગી દેખાય છે.

પછીના ૪-૫ વિભાગમાં ૧૯૯૬થી ૨૦૦૦ સુધીના સ્ત્રી અપમૃત્યુ અને ફરિયાદના આંકડા આપ્યા છે. ૧૯૯૬ કરતાં વર્ષ ૨૦૦૦માં નોંધાયેલ ફરિયાદની સંખ્યા વધી છે. 'અવાજ' નોંધાયેલ ફરિયાદની વધતી સંખ્યા અને ઘટેલા અપમૃત્યુની સંખ્યા વચ્ચે સીધો સહસંબંધ જુએ છે. પોલીસની વિધાયક દરમ્યાનગીરી સ્ત્રીનું જીવન બચાવી શકે છે. અને તેમ કરવું એ માનવ અધિકારનું રક્ષણ કવચ બની રહે છે.

વિભાગ - ૬ જાતીય ગુના વિશે સમજ આપે છે. ખાસ કરીને બળાત્કાર વિશે. બળાત્કારની વ્યાખ્યા કરી તેના પ્રકારો પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. બળાત્કારોને લગતી ઇન્ડીઅન પીનલ કોડ હેઠળની કલમ અંગે જાણકારી પૂરી પાડે છે. અહીં પણ કાયદાથી અજાણ સ્ત્રી અને કાયદો જાણકાર પોલીસને સામસામા મૂકાયા છે. પોલીસની દરમ્યાનગીરી અને સહકારથી સ્ત્રીનો કેસ સબળો બને છે. આવી સ્ત્રીનો કેસ મજબૂત બનાવી તેણીનાં રક્ષણની શક્યતા પોલીસના હાથમાં છે.

છેલ્લે ગુજરાત રાજ્ય દ્વારા પોલીસ માટે કાઢવામાં આવેલા પરિપત્રો સામેલ કરાયા છે. સંસ્થાના કાર્યકરોને પોલીસ સાથે સ્ત્રીઓના મુદ્દે ચર્ચા કરતા સમજાયું હતું કે તેમના વિભાગના પરિપત્રો તેમની ફાઇલોમાં હોય છે પણ હાથવગા નથી હોતા. પોલીસ સ્ટેશનમાં સર્વને સહજપણે મળી રહે તેવા ખ્યાલે આ પોથીમાં પરિપત્રો સાામેલ કર્યા છે. સહાયક પોલીસની આ નાનકડી પોથી સ્ત્રી તરફી સંવેદના જગાવી, પોલીસને ફરિયાદ લખવાની સ્ત્રી દૃષ્ટિકોણથી તાલીમ આપે છે.

કામ કરતાં સૂઝ-સમજ વધે છે, પડતી અગવડતાઓનો ખ્યાલ આવે છે, ખૂટતી કડીઓનો ખ્યાલ આવે છે. 'અવાજ'નો અનુભવ પણ કંઇક આ પ્રકારનો જ હતો. સહાયક પોલીસની સામગ્રી મર્યાદિત હતી. તેથી અન્ય જરૂરી જણાતી સામગ્રી પૂરી પાડવાના ખ્યાલે પોલીસ સહાયિકાનું પ્રકાશન કર્યું.

આ પોથીમાં (૧) ૧૯૪૮નો માનવ અધિકારોનો વૈશ્વિક ઘોષણા પત્ર, (૨) ભારતીય બંધારણ પ્રમાણે મૂળભૂત અધિકારો (૩) સ્ત્રીઓને લગતા ફોજદારી કાયદાઓની કલમોની યાદી (૪) સ્ત્રીઓને લગતી ફોજદારી કાયદાઓની કલમોના પાઠ અને (૫) ઇન્ડીઅન પીનલ કોડમાંની સ્ત્રીઓને લગતી ફોજદારી કલમોની ગુના સૂચિ જેવી બાબતો અંગે ઝીણવટભરી વિગત સાથે માહિતી આપવામાં આવી છે. ખાસ નોંધ દ્વારા ડાઈંગ ડેકલેરેશનના નિયમો, તેને લગતા ચુકાદા, તેમાં રહેલી વિસંગતતા અને ધ્યાનમાં રાખવા જેવા મહત્વના મુદ્દા સામેલ કરવામાં આવ્યા છે. પરિણામે પોલિસ સાથે સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ માટે તે અતિ ઉપયોગી છે.

કાયદાકીય ટેક્સ્ટ (text) જેવી આ પોથીઓ રેડી રેકનર જેવી છે. હાથવગી હોવાને કારણે અને ફક્ત જરૂરી કાયદાકીય માહિતી હોવાને કારણે પોલીસ પાસે બહાના માટે અવકાશ રહેતો નથી. પરંતુ કાયદા અને તેની વિગતો પૂરી પાડવાથી કાયદાનો અમલ થાય તે જરૂરી નથી. તેમાં પણ સ્ત્રીઓ માટેના કાયદાઓ કાગળ પર જ શોભા વધારતા રહે છે.

# હિંસાના વ્યાપક સ્વરૂપ સામે સંઘર્ષ

**કોમી સંવાદિતા :**

ગુજરાત, ખાસ કરીને અમદાવાદ છેલ્લા ચાર દાયકાથી કોમી દાવાનળનું ભોગ બને છે. આમાં ખાસ કરીને ગરીબવર્ગ પીસાય છે. 'અવાજ' સંસ્થાની પ્રવૃત્તિનું મુખ્ય કાર્યક્ષેત્રનો વિસ્તાર બાપુનગર. આ વિસ્તારમાં ગરીબ શ્રમજીવી મુસ્લિમ અને દલિતોની વસતી છે. સંસ્થાના કાર્યકર સારા બાલ્દીવાલા અમદાવાદના બાપુનગરની ચાલીઓની મુસ્લિમ સ્ત્રીઓને સંગઠિત કરવાનું અને જાગૃતિકરણનું કામ ૧૯૮૬ની સાલથી કરે છે. શરુઆત તેમણે નારી સમિતિની રચનાથી કરી હતી. જો કે, આ કામ બાપુનગર સુધી સીમિત ન રહેતાં રખિયાલ, ગોમતીપુર અને સરસપુરમાં તેનો વિસ્તાર થયો.

'અવાજ'નો ખ્યાલ હતો કે ધીરે ધીરે મુસ્લિમ સ્ત્રીઓ સાથે સંપર્ક વધે તો આ સ્ત્રીઓ ઘરની બહાર નીકળે, બોલતી થાય, તેઓ એકબીજા સાથે વાર્તાલાપ કરી પોતાના સવાલોની ચર્ચા કરે. પરિણામે સામાજિક, રાજકીય અને આર્થિક સંદર્ભે



એમને માટે મોકળાશ ઉભી કરી શકાય. ૧૯૯૨ પછી મુસ્લિમ બહેનો સાથે દલિત બહેનોને સમાવી લેવામાં આવી.

સંસ્થા માટે કોમી રમખાણો પડકારરૂપ હતા. સંસ્થાનો અભિગમ આવી પડેલ નવી જવાબદારીને ઉપાડી લેવાનો રહ્યો. રમખાણોમાં ભોગ બનેલા લોકોને રાહત કાર્યની તાતી જરૂર હતી. 'અવાજ' ૧૯૮૫માં રાહત કાર્યથી વધુ કશું કરી શકી નહીં. પરંતુ ૮૫ના અનુભવે સંસ્થાની રમખાણગ્રસ્ત વિસ્તારમાં કામ કરવાની સજ્જતા કેળવાઇ. બીજે જ વર્ષે ૧૯૮૬માં અમદાવાદમાં શરુ થયેલા કોમી રમખાણોમાં 'અવાજે' એક સંસ્થા તરીકે રમખાણોનો ભોગ બનેલી સ્ત્રીઓમાં કામ કરવાનો નિર્ણય કર્યો.

૧૯૮૬થી શરુ કરેલ કોમી એખલાસનું કામ 'અવાજે' જુદા જુદા સ્તરે, તબક્કે અને જરૂરિયાત મુજબ સતત ચાલુ રાખ્યું છે. સ્ત્રી વિરોધી હિંસા અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ પર સીમિત ન રહેતાં ઊભરતા જતા કોમવાદના પડકારને 'અવાજે' હંમેશા પ્રતિભાવ આપ્યો છે. ગુજરાતમાં ઘણી થોડી સ્વૈચ્છિક સંસ્થાઓએ કોમવાદના સવાલ પ્રત્યે સંવેદનશીલતા બતાવી છે. 'અવાજ' એમાંની એક છે. કોમવાદ અને મુસ્લિમ બહેનોના સવાલ ક્ષેત્રે 'અવાજ'નું કામ નોંધનીય છે.

'અવાજ'નો કોમી સંવેદનાનો પહેલો પ્રયત્ન ૧૯૮૬નો હતો. રાહત છાવણીઓની મુલાકાતથી 'અવાજે' કામની શરુઆત કરી. દરિયાપુર અને બાપુનગર વિસ્તારમાં 'અવાજે' મહિલા સમિતિઓ બનાવી હતી. ૧૯૮૬માં આ વિસ્તારો અસરગ્રસ્ત હતા. 'અવાજે' આ બે વિસ્તારોના મહિલા જૂથો સાથે કામ શરુ કર્યું. પછીથી બાપુનગરમાં કાર્યવિસ્તાર સધાયો.

૧૯૯૩ થી ૨૦૦૨ ફેબ્રુઆરી સુધી બાપુનગર, રખિયાલ, ગોમતીપુર, સરસપુર વિસ્તાર સંવેદનશીલ હોવા છતાં રમખાણોથી દૂર રહ્યા. દરિયાપુરમાં જૂના શહેર વિસ્તારમાં થતાં છમકલા બીજા વિસ્તારમાં ફેલાતા નહીં.

## આર્થિક પ્રવૃત્તિ :

સંસ્થાના અનુભવ પ્રમાણે શરુઆતમાં વિસ્તારની બહેનોને શાંતિ પ્રસ્થાપિત થાય તેમાં રસ હતો. પરંતુ સતત ત્રણ વર્ષથી થતાં કોમી રમખણોને પરિણામે લોકોના ધંધા-રોજગાર પર માઠી અસર થઇ હતી. લોકો આર્થિક ભીસમાં હતા. પરિસ્થિતિ થાળે પડતી જણાતાં વિસ્તારની બહેનોની માંગણી આર્થિક ઉપાર્જનની ઊઠી હતી. બહેનોની માંગણી સંદર્ભે સંસ્થાએ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ પાસે યુનિફોર્મ બનાવવાનું કામ એક વર્ષ માટે મેળવ્યું.

જો કે, બીજે વર્ષે આ કામનો કોન્ટ્રેકટ ફરી મેળવવામાં ‘અવાજ’ને સફળતા મળી નહીં. બજારની પધ્ધતિ, હરીફાઇ અને બજારના રાજકારણ જેવા પરિબળો સામે શરુમાં સંસ્થાને ટકવાનું કપરુ રહ્યું. પરંતુ બજારની હરીફાઇ અને રાજકારણથી થાકીને બહાર નીકળી જવાને બદલે ‘અવાજે’ બાપુનગરમાં ઉત્પાદન કેન્દ્ર (production Centre) ઊભું કર્યું. મધ્યમ વર્ગના રેડીમેડ કપડાનું ઉત્પાદન કરી તેને બજારમાં મૂકવાનો પ્રયોગ ચાલ્યો. બે વર્ષનો સમય ‘ટીથીંગ ટ્રબલ’ જેવો અને આર્થિક પ્રવૃત્તિની પાઠશાળા જેવો રહ્યો.



પ્રયત્નો કરવાથી સંસ્થાને ખ્યાલ આવ્યો કે બજારની હરીફાઈમાં ટકવા માટે બજારની યુક્તિ-પ્રયુક્તિઓ, ડીઝાઈનની સમજ, મૂડી, માર્કેટીંગ, વગેરે આવશ્યક છે. ૧૯૮૯માં કેલીકો મીલનો રૂમાલોની ધાર ઓટવાનો ઓર્ડર લીધો. મીલ બંધ થતાં ૧૯૯૨-૯૩ સુધી જ આ કામ ચાલ્યું. કેટલીક વાર સ્વૈચ્છિક સંસ્થાની તમામ પ્રવૃત્તિઓ તેના તાર્કીક છેડા (logicial end) સુધી નથી પહોંચી શકતી. બાહ્ય પરિબળો, જેની પર સંસ્થાનો અંકુશ નથી હોતો તે એના કામને પાછળ ધકેલે છે. કેલીકો મીલ બંધ થવાને કારણે સંસ્થાને નવેસરથી વિચાર કરવાની ફરજ પડી. મોડર્ન ટેરી ટોવેલનું કામ ૨૦૦૪ સુધી ચાલ્યું.

આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ ચલાવવાના ૧૮ થી ૨૦ વર્ષના અનુભવ પછી ૨૦૦૫માં બાપુનગરના પ્રોડક્શન સેન્ટરને કુશળતા વધારવા (skill upgrade) સાથે સક્રિય બનાવાયું. સ્ત્રીઓના રેડીમેડ ગારમેન્ટસ, થેલા, પર્સ, બટવા, મોબાઈલ કે ચશ્મા કવર જેવી વસ્તુઓ પ્રોડક્શન સેન્ટરમાં આજે બને છે. છેલ્લે જાન્યુઆરી ૨૦૦૯માં સેનિટરી નેપકીન બનાવી બજારમાં સેનિટરી નેપકીન મુક્યા છે. વસ્તુઓના વેચાણ માટે નવરંગપુરામાં દુકાનની વ્યવસ્થા છે. ૨૦૦૬માં 'એક અવાજ' નામની બ્રાન્ડ સાથે 'અવાજે' બજારમાં પ્રવેશ કર્યો. કુશળતા, ફીનીશીંગ, માર્કેટીંગ,બ્રાન્ડ પ્રોફીટ જેવી વિભાવનાઓ સાથે પ્રોડેકશન સેન્ટર બજારમાં હરિફાઈમાં છે. રાજ્ય કક્ષા ઉપરાંત બહાર માલ એકસપોર્ટ થાય છે.

શરુમાં આર્થિક ટેકો બહારથી સાંપડ્યો. આ સહકારી મંડળી આજે સ્વતંત્ર અને સ્થાયી રીતે કામ કરે છે. સહકારી મંડળીની સભ્ય સંખ્યા ૨૦૦૮ના અંતમાં ૪૮૩ની હતી. હવે શરુના રમખાણોની અસરગ્રસ્ત બહેનોની સંખ્યા ઘણી ઓછી છે. આર્થિક રીતે સ્થાયી થતાં, લગ્ન કે અન્ય કારણસર સ્થળાંતર જેવા કારણોસર ભરતી થયેલી બહેની સંખ્યા ઓછી થવાની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. ઘરેલુ હિંસાનો ભોગ બનેલી બહેનો અહીં કામ શીખે છે અને મેળવે છે. નવી બહેનો જોડાતી જાય છે. અંતે સંખ્યાની વૃધ્ધિ થતી સંસ્થાને જણાય છે.

## ૧૯૯૨ના કોમી રમખાણો :

બાબરી મસ્જીદના ધ્વંસ પછી દેશના અન્ય સ્થળોની જેમ ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા. ૧૯૯૨માં 'અવાજે' કામનો વિસ્તાર કર્યો. સંસ્થાએ દલિત અને મુસ્લિમ સ્ત્રીઓ સાથે વાતોનો દોર ચાલુ કર્યો. ફળશ્રુતિ એ આવી કે બન્ને જૂથની સ્ત્રીઓને ખ્યાલ આવ્યો કે તેઓ એકબીજાની વિરૂધ્ધ નથી. બહારનું જૂથ અને પરિબળો રમખાણો માટે જવાબદાર છે અને શરુ થયેલ રમખાણોને ચાલુ રાખવામાં તેઓનો ફાળો છે. 'અવાજે' આ વિસ્તારમાં 'માનવતા બચાવ' શિબિરનું આયોજન કર્યું. શિબિર બે દિવસની હતી. કોમી એખલાસ અને એકબીજા અંગેના પૂર્વગ્રહો અને પ્રવૃત્તિની ગેરસમજ, ખોટા ખ્યાલો અને માન્યતાઓને કેન્દ્રમાં રાખી વાર્તાલાપ, ચર્ચા અને સંવાદ શિબિરમાં થતા હતા.

## સંગઠન :

૨૦૦૨ના રમખાણ પછી સંસ્થાની કામ કરવાની પધ્ધતિમાં વિધાયક પરિવર્તન આવ્યું. ૧૨૦ બહેનોને નેતાગીરીની તાલીમ (leadership training) આપી field leaders ઊભા કર્યા. સંસ્થાના કાર્યકરો પોતે વિસ્તારમાં એકલા જાય તેને બદલે જે તે વિસ્તારના ફીલ્ડ લીડરની સાથે જઇ તેમના દ્વારા પ્રવૃત્તિ ચલાવવાની શરુઆત થઈ. પરિણામે સંસ્થાના મતે વધુ કામ સાથે વધારે વિસ્તાર આવરી શકાય છે.

બીજું, સેક્યુલર પ્રવૃત્તિ પર ભાર આપવાના હેતુથી જે તે વિસ્તારના સમુદાયની રોજિંદી પ્રાથમિક જરૂરિયાત જેવી કે ગટર, પાણી, લાઇટ વગેરે પર ભાર મૂક્યો અને કાર્યકરોને તે રીતે તાલીમ આપી. આ માટે સમુદાયની મુસ્લિમ તેમજ દલીત બહેનોને તાલીમ માટે તૈયાર કર્યા.

ગોધરાકાંડ અને અનુગોધરા વખતે ગુજરાતના ઘણાં ભાગોમાં મોટે પાયે કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. અમદાવાદના ઘણાં વિસ્તારો રમખાણોની લપેટમાં આવી ગયા હતા. રમખાણોનો દોર લાંબા સમય સુધી ચાલ્યો હતો તેમજ તેની તીવ્રતા વધુ હતી. પોલીસ નિષ્ક્રીયતા અને રાજ્યની સામેલગીરીએ પરિસ્થિતિને વધુ વણસવા દીધી હતી.

'અવાજ'ના કાર્યસ્થળો કોમી રમખાણોથી બાકાત રહી શક્યા ન હતા. જો કે, 'અવાજ' ૨૦૦૨ના કોમી રમખાણોને ભિન્ન ગણાવે છે. તે વખતે નાના-મોટા અને છૂટાછવાયા બનાવોને બદલે એક કોમ સામે મોટી સંખ્યામાં બીજી કોમના લોકોએ હુમલા કર્યા હતા. પરિસ્થિતિનો ખ્યાલ આવતા કે કાંઇ સમજતા પહેલા જ કોમી તાંડવ વ્યાપ, વિસ્તાર અને તીવ્રતા સાથે ફેલાઇ ચૂક્યું હતું. સંસ્થા માટે કોમી રમખાણો પર તુરંત પ્રતિભાવ આપી તેને ખાળવા મુશ્કેલ હતા.

આગળ જોયું તેમ 'અવાજ'ને દરિયાપુર-બાપુનગરમાં કરેલુ કામ ફળદાયી લાગેલું. કારણકે ૧૯૯૩ થી ૨૦૦૨ સુધીના દસ વર્ષ સંવેદનશીલ હોવા છતાં આ વિસ્તારો રમખાણોથી દૂર રહ્યા હતા. છતા સંસ્થા કબૂલે છે કે બાબરી મસ્જીદના દસ વર્ષ પછી વ્યવસ્થિત રીતે હિંદુ માનસને મુસ્લિમ તિરસ્કારથી ભરી દેવામાં આવ્યું હતુ. આ દસ વર્ષના સમયગાળા દરમ્યાન મુસ્લિમ તિરસ્કાર વિસ્તારની દૃષ્ટિએ ઘણો ફેલાઇ ગયો હતો, અને લોક માનસમાં ઊંડે સુધી ઘર કરી ગયો હતો.

સંસ્થાને રાષ્ટ્રનો લોકશાહી અને સાંપ્રદાયિક પાયો હચમચી ગયેલો લાગ્યો. 'અવાજ'ના કાર્યકરોમાં  અસહાયતા, લાચારી, અપર્યાપ્તતા અને હતાશાની લાગણી પ્રસરી ગઇ હતી. જો કે, 'અવાજ'ને કશું કરવું જોઇએ એવું સતત લાગતું હતું. કારણ કે છેક ૧૯૮૫ થી સંસ્થા દરિયાપુર-બાપુનગર વિસ્તારોના સમુદાયોની સ્ત્રીઓ સાથે કામ કરતી આવી છે.

૨૦૦૨ :

બન્ને સમુદાયો વચ્ચે પડેલી તીરાડને સાંધવાનું કામ 'અવાજ'ને શરુ કરવા જેવું લાગ્યું. બન્ને સમુદાયોની સ્ત્રીઓને ભેગી કરવી અત્યંત જરૂરી હતું. પરંતુ એટલું કામ પૂરતું નહોતું લાગતું. લોકોના માનસમાં એકબીજા પ્રત્યે પૂર્વગ્રહો, ખોટી માહિતી અને માન્યતાઓ જડબેસલાક હતી. આ પરિસ્થિતિમાંથી સ્ત્રીઓને બહાર કાઢી એકબીજાનો હૃદયપૂર્વક સ્વીકાર કેવી રીતે કરાવી શકાય તેની મથામણ ચાલતી હતી. સંસ્થાના કાર્યકરોએ ભેગા મળી ઘણાં સવાલો જાતને કર્યા જેથી સ્થિતિનો સાચો તાગ મેળવી શકાય અને દિશા સાંપડે.

રમખાણોને કારણે હિંદુ-મુસ્લિમ બે તરફ વહેંચાઇ ગયા હતા. મોટે ભાગે બન્ને કોમનો ગરીબ સમુદાય એક બીજાથી વિમુખ થઇ ગયો હતો, જે અમદાવાદ શહેરમાં એકબીજાની જોડાજોડ રહેતો આવ્યો હતો. એક વર્ષ પછી જ્યારે 'અવાજે' દરમ્યાનગીરી શરુ કરી ત્યારે લોકો પાછા ફર્યા હતા પરંતુ એકબીજાથી દૂર હતા અને એકબીજાને સ્વીકારી શકતા ન હતા.


દલીત તેમજ મુસ્લિમ સમુદાયની સ્ત્રીઓ આર્થિક રીતે ગરીબ તો હતી જ પરંતુ બન્નેની સામાજિક પરિસ્થિતિ અને દરજ્જો સમાન હતા. આ પૂર્વભૂમિકા સાથે બન્ને સમુદાયની પાસેથી સ્ત્રીઓને માનવતાવાદી અભિગમથી એક પ્લેટફોર્મ પર એકઠા કરવાનું જરૂરી લાગ્યું હતું. સંવાદ ઊભો કરી તેમની પાસે કેટલાક વિધાયક વિભાવનાઓ અને મૂલ્યો સ્વીકારાવાની જરૂર હતી. વર્ગ અને લિંગના ધોરણને કેન્દ્રમાં રાખી તેઓને સમાન ભૂમિ પર લાવી સ્ત્રીઓ તરીકે તેઓના સવાલો એક જ છે તેનો અહેસાસ કરાવવાનો 'અવાજ'નો અભિગમ રહ્યો. આ બન્ને ધોરણે બન્ને સમુદાયની સ્ત્રીઓ સમાન રીતે ગેરફાયદેમંદ હતી. ઉપરાંત બન્ને વર્ગની સ્ત્રીઓ માંસાહારી હતી અને પત્ની તરીકે સામાજિક કેટલાક રીવાજ તેમના સરખા હતા. ગરીબાઇના સમાન માપદંડ સાથે સાથે તેમની આ સમાનતાને 'અવાજે' ટકોરો માર્યો. દલિત અને મુસ્લિમ સ્ત્રીઓને એકત્ર કરવામાં સંસ્થાને કંઇક અંશે સફળતા મળી.

## રાહત અને પુનર્વસવાટ :

કેર-ઈન્ડિયાના રાહત, પુનઃવસવાટ અને સમાધાન (Relief, Rehabilitation and Reconciliation) અન્વયે બન્ને સમુદાય વચ્ચે સમાધાનના પ્રયાસરૂપે સમુદાયની ૩૫-૪૦ સ્ત્રીઓની પહેલા અલગ અલગ અને ત્યારબાદ બન્ને સમુદાયની સ્ત્રીઓની સમાવેશક (Inclusive) વર્કશોપનું આયોજન 'અવાજે' કર્યું. શહેરના રમખાણાગ્રસ્ત બાપુનગર, રખિયાલ, રાયખડ, જમાલપુર અને ગોળ-લીમડા વિસ્તાર વર્કશોપના આયોજન માટે પસંદ કરાયા.

## વર્કશોપના હેતુઃ

૧) ધિક્કારની લાગણી, અને સરહદના ખ્યાલને દૂર કરવો. શિબિરાર્થીઓના માનસમાંથી ભયની લાગણીને ભૂસવી.
૨) શિબિરાર્થીઓને ધર્મ સાથે સંકળાયેલ આધ્યાત્મિક મૂલ્યોથી પરિચિત કરી માનવતાવાદી મૂલ્યો તરફ લઈ જવા.



૩) તેઓને લિંગ (gender) અને ગરીબાઈના સમાન ધોરણે સંગઠિત કરી રમખાણોમાં બન્ને સૌથી વધુ અને સમાન રીતે સહન કરે છે તેનો અહેસાસ કરાવવો.
૪) તેમની વચ્ચે રહેલા બંધનને મજબૂત કરવા.
૫) 'અવાજ'ની કિશોરીઓ માટે આયોજિત  વર્કશોપમાં પોતાની દિકરીઓને મોકલવાનો આગ્રહ કરવો.
૬) આંતર-સમુદાયના સંવાદ અર્થે બન્ને ધર્મની સ્ત્રીઓની મીટિંગનું અને કિશોરીઓ માટે ફ્રેન્ડશીપ ક્લબનું આયોજન કરવું.

થોડીક મથામણ અને માનસિક આયામ બાદ કાર્યકરોને ખ્યાલ આવ્યો કે એકદમ બન્ને સમુદાયની સ્ત્રીઓને એકઠા કરવામાં જોખમ રહેલું છે. હતાશા અને તાણને કારણે બન્ને સમુદાયોનો ગુસ્સો ભભૂકી ઊઠવાની પૂરી શક્યતા રહેલી હતી. આથી પ્રથમ બન્ને સમુદાયની સ્ત્રીઓને અલગ અલગ બોલાવી એમનો ઊભરો ઠાલવી દેવા દીધો. સાચી પરિસ્થિતિની અને ધર્મ અંગેની સમજ સાથે અફવા અને પ્રર્વતતી ગેરસમજને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. વર્કશોપનો સમયગાળો બે દિવસનો રહ્યો.

સમાવેશક વર્કશોપમાં હિંદુ સ્ત્રીઓ જયાં અને જયારે થાય ત્યાં અને ત્યારે આવવા તૈયાર હતી. મુસ્લિમ સ્ત્રીઓ અવઢવમાં હતી. સમાવેશક વર્કશોપમાં ૨૦ ચબરાક અને બોલકી હિંદુ સ્ત્રીઓને પસંદ કરવામાં આવી જયારે આગલી અલગ (એક્સક્લ્યુસીવ) વર્કશોપની તમામ મુસ્લિમ મહિલાઓને બોલાવવાનું નક્કી કર્યું. 'અવાજે' પાંચ સમાવેશક (ઇન્ક્લ્યુસીવ)વર્કશોપ કરી, જેમાં બોલાવેલી બધી હિંદુ સ્ત્રીઓએ ભાગ લીધો. જયારે ફકત ૫૦% જ મુસ્લિમ સ્ત્રીઓએ ભાગ લીધો. આમ કરવા જતાં વર્કશોપમાં બન્ને સમુદાયની સ્ત્રીઓની સંખ્યા સમાન રહી.

‘અવાજ’ના અનુભવ પ્રમાણે હિંદુ સ્ત્રીઓ વર્કશોપમાં સમયસર પોતાની મેળે આવી જતી. જ્યારે મુસ્લિમ સ્ત્રીઓને ઘરે જઇ બોલાવી લાવી પડતી. હિંદુ સ્ત્રીઓને તેમના કુટુંબ તરફથી નિયંત્રિત કરવામાં આવતી નહીં. જ્યારે મુસ્લિમ સ્ત્રીઓને કુટુંબ તરફથી રોકવામાં આવતી. મુસ્લિમોમાં દહેશતની લાગણી હતી. તેઓ ગભરાયેલા અને અસલામતીથી પીડાતા હતા.

પુખ્ત ઉંમરની સ્ત્રીઓની સાથે સાથે ‘અવાજ’ને કિશોરીઓ સાથે સંવાદ કરવાનું ઉચિત લાગ્યું. પરિણામે તેમણે કિશોરીઓ માટે બે દિવસની વર્કશોપનું આયોજન કર્યું. બન્ને સમુદાયની કિશોરીઓને એકઠી કરી તેમના સ્વપ્નાં, તેમની શારીરિક રચના, માબાપ દ્વારા લદાતા નિયંત્રણો અને મા-દીકરીના સબંધો જેવા વિષયોને છેડાયા હતા.

બાપુનગર શરુઆતથી જ ‘અવાજ’ના કાર્યક્ષેત્રનો વિસ્તાર રહ્યો છે. ૨૦૦૨માં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનો તે એક હતો. ‘અવાજે’ અહીંની ૬૦ જેટલી સ્ત્રીઓને તારવી તેમની આજીવિકાને પૂર્વવત્ કરવાનું નકકી કર્યું. આ સ્ત્રીઓ



તેમના કુટુંબમાં એકમાત્ર કમાનાર અને તેમાંની કેટલીક વિધવા હતી, હિંદુ-મુસ્લિમ બન્ને સમુદાયોમાંની હતી. આ સ્ત્રીઓને સિલાઇ મશીન આપી સિલાઇ શીખવવામાં આવી હતી. 'અવાજ' પાસે માર્કેટ સુવિધા અને જોડાણ હતા. લાભાર્થીઓએ આનો લાભ લીધો અને આગળ જતા કેટલાકે સ્વતંત્રપણે વ્યવસાયને વધાર્યો.

રમખાણોની બીજી આડ અસર માનસિક તાણ, ઉદાસી, હતાશા, ચિંતા જેવા લક્ષણોથી લોકો-ખાસ કરીને બહેનો પીડાતી હતી. પરિણામે તેમના રોજીંદા જીવન વર્તણૂંક અને રીતભાત પર અસર વર્તાતી હતી. 'અવાજે' વિના થાકે જરૂરતમંદોને કાઉન્સેલીંગ પૂરું પાડ્યું હતું.

૨૦૦૨ના રમખાણો બાદ હિંદુ-મુસ્લિમ વચ્ચેના વૈમનસ્યના સમાધાનનો રિપોર્ટ (Building The Bonds of Harmony) સંસ્થાએ બહાર પાડ્યો છે. જેમાં તેમના બે સમુદાય વચ્ચેના સમાધાનના 'અવાજ'ના પ્રયત્નો, હેતુ, આયામ, વગેરેની વિગત આવરી લેવાઇ છે.



કોમી સંવાદિતાના પ્રયાસરૂપે ૨૦૦૩ પછી ગુજરાતના સ્વૈચ્છિક સંગઠનોના નેટવર્ક મુવમેન્ટ ફોર સેક્યુલર ડેમોક્રસીને ટેકો જાહેર કરી ધરણા અને પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

બેસ્ટ બેકરી કેસના અસરગ્રસ્તોને યોગ્ય ન્યાય મળે તે માટે 'અવાજે' એક ધરણા-પ્રદર્શનનું આયોજન કર્યું હતું જેમાં ૪૦૦ બહેનોએ ભાગ લીધો હતો. ૨૦૦૨ના રમખાણો પછી તે જ વર્ષે યોજાયેલ માનવ કડીમાં 'અવાજે' સંગઠિત કરવામાં સહાય કરી હતી. નેશનલ હ્યુમન રાઈટસ કમિશનને જોઈન્ટ અપીલ કરી હતી.

૨૦૦૩માં અમદાવાદમાં એક વિશાળ નેટવર્ક મીટિંગ માટે મુવમેન્ટ ફોર સેક્યુલર ડેમોક્રેસીને ટેકો આપ્યો હતો. 'અવાજે' હજારથી વધુ હિંદુ-મુસ્લિમ બહેનોને એકઠી કરી હતી. મીટિંગમાં રાજ્ય સરકાર સામે શાંતિ અને ન્યાયની માંગણી મૂકી હતી.

**આરોગ્ય :**

સ્ત્રી આરોગ્યનો પ્રશ્ન સ્ત્રી અત્યાચાર સાથે જોડાયેલો છે. કારણ કે ભારત જેવા સમાજમાં સ્ત્રીઓના આરોગ્ય અને સ્વાસ્થ્યની અવગણના કરવામાં આવે છે. અપૂરતો અને પોષણહીન ખોરાક, ઉપરાછાપરી બાળ જન્મ અને માંદગીનું ઊંચું પ્રમાણ સ્ત્રી આરોગ્યનું ચિત્રણ છે. માંદગી વખતે યોગ્ય દાકતરી સેવા પૂરી પાડવાની ટાંચી આર્થિક પરિસ્થિતિ ઉપરાંત કુટુંબની ઉદાસીનતા, ઘરગથ્થુ ઉપચાર પર સ્ત્રીઓનું વધુ અવલંબન, વગેરે પરોક્ષ હિંસાના પ્રકાર છે.

સમાજમાં સ્ત્રીઓનું નબળુ આરોગ્ય સ્ત્રીઓનો નીચો અને ગૌણ દરજ્જો દર્શાવે છે.પોતાનો ગૌણ દરજ્જો સ્ત્રીઓએ પણ આત્મસાત્ કર્યો હોવાને કારણે તેમનામાં આત્મસન્માનનો અભાવ જણાય છે. પરિણામે સ્ત્રીઓ પોતે જ પોતાના સ્વાસ્થ્ય અને આરોગ્યની અવગણના કરવા માટે જાણીતી છે.

ઉપરાંત ઘરેલુ હિંસાનો ભોગ બનેલી સ્ત્રીઓનું શારીરિક તેમજ માનસિક આરોગ્ય સતત કથળેલું રહેતું હોય છે. આવા કિસ્સાઓમાં કુટુંબના સભ્યો તેમજ સ્ત્રીઓ પોતે દાકતરી સહાય લેવાનું ટાળે છે. બીજી બાજુ સ્વસ્થ બાળ જન્મ અને ઉછેર માટે સ્ત્રીઓનું આરોગ્ય અતિ મહત્વનું છે.

આરોગ્ય જાળવણી ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓના વિકાસ કાર્યક્રમોની એક અગત્યની પ્રવૃત્તિ છે. શિક્ષણની જેમ આરોગ્યની પ્રવૃત્તિ મોટા ભાગની સંસ્થાઓએ અપનાવી છે.

સ્ત્રી જાગૃતિના કાર્યક્રમોમાં એ વાત પર 'અવાજે' વારંવાર ભાર મૂક્યો કે સ્ત્રીઓને પોતાના શરીર પર હક્ક છે અને તેઓ તેમની પર થતી હિંસા ચલાવી નહીં લે. 'અવાજ' આરોગ્યના સવાલને સ્ત્રી અત્યાચરના સવાલ સાથે સાંકળે છે. અર્થાત્ 'અવાજ'ની આરોગ્યની પ્રવૃત્તિ સ્ત્રી અત્યાચાર સંદર્ભિત મર્યાદિત છે. જો કે એની અંદર તમામ મહત્વના પાસાંઓને આવરી લેવામાં આવ્યા છે. 'અવાજ' સ્ત્રીઓના આરોગ્યને બે રીતે જુએ છે.



૧) શારીરિક આરોગ્ય
૨) માનસિક આરોગ્ય

**શારીરિક આરોગ્ય :**

સામાન્ય રીતે મારઝૂડની તીવ્રતા વધી જાય ત્યારે સ્ત્રી સંસ્થા પાસે આવતી હોય છે. તેને તત્કાલ પ્રાથમિક સારવારની જરૂર હોય છે જે તેને પૂરી પડાય છે. વધુ જરૂરતમંદને સરકારી આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરાવાય છે. સંસ્થાના કાર્યકરો પીડિત સ્ત્રીને સહાય કરે છે. સંસ્થા પાસે શોર્ટ સ્ટે હોમની સગવડ છે જ્યાં તત્કાલ જરૂરતમંદોને આશ્રય આપી ડોકટરી સેવાઓ પૂરી પડાય છે.

**માનસિક આરોગ્ય :**

શારીરિક ઈજા સાથે પીડિત સ્ત્રી માનસિક રીતે તદ્દન નંખાઈ ગયેલી હોય છે. હતાશા, નિરાશા, નિઃસહાયતાની લાગણીથી પીડાતી હોય છે. મગજમાં આપઘાત કરવાના વિચાર ચાલતા હોય છે. માનસિક તણાવની સારવાર મનોચિકિત્સક પધ્ધતિથી કરવામાં આવે છે. સંસ્થાના કાઉન્સેલીંગ સેન્ટરો



ઉપરાંત સંસ્થા પાસે કાયમના એક મનોચિકિત્સક ડોક્ટર છે. મનોવૈજ્ઞાનિક સારવાર સમયસર મળવાને કારણે સ્ત્રીઓનાં અપમૃત્યુ નિવારી શકાય છે.

ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાતી આરોગ્યની સેવાઓને સક્રિય કરાવી તેનો મહત્તમ લાભ સ્ત્રીઓને મેળવી આપવાની 'અવાજ'ની નીતિ છે. મ્યુનિસિપલ અને રાજ્ય સરકાર દ્વારા કઇ, કેટલી સેવાઓ અને તે કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે તે અંગેની પધ્ધતિસરની તાલીમ વિસ્તારની બહેનોને આપવામાં આવે છે.

**કાર્યક્ષેત્ર :**

૧) શહેરી વિસ્તાર
૨) ગ્રામીણ વિસ્તાર

શહેર : 'અવાજ'ના કાર્યસ્થળ વિસ્તારની સ્ત્રીઓ ઉપરાંત સંસ્થા પાસે સહાય માટે આવેલી સ્ત્રીઓને બાપુનગરમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પુરી પડાય છે. તેમજ અહીં શોર્ટ સ્ટે હોમ છે.

વિસ્તારની નારી સમિતિના લીડર્સ આરોગ્ય સંદર્ભે પોતાના હક માંગવામાં મક્કમ હોય તો 'અવાજ' તેને ટેકો આપી જરૂરી મદદ કરે છે. રાજ્ય દ્વારા ચાલતા દવાખાના અને હોસ્પિટલો પાસેથી શક્ય હોય તેટલી સેવાઓ પ્રાપ્ત કરવામાં સ્ત્રીઓને માર્ગદર્શન પૂરું પાડે છે.

ગ્રામીણ : રાજ્ય સરકાર તરફથી ગ્રામીણ વિસ્તારનાં પ્રજોત્પાદન અને બાળ આરોગ્ય (Reproductive and Child Health) માટે સ્ત્રી આરોગ્ય સેવિકાઓ-કાર્યકરો (Female Health Workers) મૂકવામાં આવ્યા છે. હેલ્થ વર્કરો સહાયક નર્સની લાયકાત ધરાવે છે. પરંતુ આરોગ્ય સેવાઓ ગ્રામીણ સ્ત્રીઓ સુધી પહોંચતી નથી. બે કારણો એને માટે જવાબદાર છે. પ્રથમ ગ્રામીણ

સ્ત્રીઓ પોતાને માટે ઉપલબ્ધ કરાતી સેવાઓથી અજાણ છે. તેમની અજ્ઞાનતાનો લાભ લઈ આરોગ્ય સેવિકાઓ મોટેભાગે ગેરહાજર રહે છે. બીજું, મળતી સેવા એમનો હક છે અને હકનો આગ્રહ રાખવાનું સ્ત્રીઓ શીખી નથી.

**રાધનપુર :**

ગ્રામીણ વિસ્તારમાં આરોગ્યનું કામ 'અવાજે' ૧૯૯૦ના દાયકાના મધ્યભાગથી શરુ કર્યું. આ માટે પાટણ જીલ્લાના રાધનપુર તાલુકાને પસંદ કરવામાં આવ્યો. રાધનપુર વિસ્તાર પછાત અને દુષ્કાળગ્રસ્ત છે. લોકો ગરીબાઈથી પીડાય છે. માતાના મુત્યુદર અને બાળમૃત્યુ દરનું પ્રમાણ ઘણું ઊંચુ હતુ. 'અવાજ'નો ગ્રામીણ સ્ત્રીઓને આરોગ્યની ઉપલબ્ધ સરકારી સેવાઓથી પરિચિત કરાવવાનું જરૂરી લાગ્યું હતું.

'અવાજે' રાધનપુર વિસ્તારમાં જાગૃતિકરણ શિબિરોનું આયોજન કર્યું. સપ્ટેમ્બર ૨૦૦૪ થી મે ૨૦૦૫ સુધીમાં ચાર મીટિંગ યોજાઈ હતી. આ મીટિંગોમાં પંચાયત રાજના પંચાયતોના સરપંચ અને સભ્યોને, હજી જેમને આરોગ્ય સેવા મળતી નથી તે બહેનો સાથે જોડ્યા હતા.

સંસ્થાના જાગૃતિકરણના કાર્યક્રમના ભાગ રૂપે આ મીટિંગો દ્વારા ભારતીય બંધારણ પ્રમાણે આરોગ્યનો હક દરેક નાગરિકનો હોઈ આરોગ્ય સેવાઓની માંગણી લોકોમાં પ્રચલિત કરી. ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરવાનો આગ્રહ રાખવા જણાવ્યું. ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં જાહેર આરોગ્ય સેવાઓનો ઉપયોગ ૩૬.૭ જેટલો જ છે જે ઓલ ઈન્ડિયાના પ્રમાણ ૪૩.૩ કરતા નીચો છે, તે પર શિબિરાર્થીઓનું ધ્યાન દોર્યું.

સંસ્થાનો અનુભવ કહેતો હતો કે પંચાયતના સભ્યોને નારી સમિતિમાં સમાવી લેવાથી સ્ત્રી સશક્તિકરણનું કામ પૂરું થતું નથી. સ્ત્રીઓના અધિકારો ખાસ કરીને પાણી અને આરોગ્યના પ્રશ્નો પર સ્ત્રીઓને વધુ સજાગ કરી સ્ત્રી આગેવાનોને કાર્યરત કર્યા.

પંચાયત સભ્યોને ભારપૂર્વક સમજાવવામાં આવ્યુ કે પંચાયતની દરેક મીટિંગમાં હાજરી આપવી તે તેમની ફરજ છે. આ મીટિંગમાં તેઓ સ્ત્રીઓના સવાલો રજૂ કરે તેવું કહેવામાં આવ્યું. ધીરે ધીરે ઘણી સભ્યો મીટિંગમાં હાજર રહેતી થઇ. ગામના સામાન્ય પ્રશ્નો સાથે સ્ત્રી સવાલો પણ કરતી થઇ. કેટલાકે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ખરાબ કામગીરી અંગે રજૂઆત કરી.

અહી 'અવાજ'ની ભૂમિકા મહત્વની રહી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ખરાબ કામગીરીને હકીકત માની સ્વીકારવાને બદલે પ્રશ્નના મૂળ સુધી જવાનું નકકી કર્યું. ૧૯૯૭માં 'અવાજે' નારી સમિતિઓ દ્વારા અક સર્વેક્ષણ હાથ ધર્યો. સવેક્ષણ દ્વારા વિસ્તારમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓની માહિતી પ્રાપ્ત થઇ.

**સવેક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતી :**

(૧) રાધનપુર તાલુકામાં બંધવડ, ગોતરકા અને નાનાપરા એમ ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સરકાર દ્વારા સ્થાપવામાં આવ્યા હતા. પરંતુ આરોગ્ય કેન્દ્રોની હાજરી લોકોને આરોગ્ય સેવાની ખાતરી આપતી નથી. ત્રણેય કેન્દ્રોના જુદા પ્રશ્ન હતા.



(૨) બંધવડ કેન્દ્રની કામગીરી સંતોષકારક જણાઇ. પરંતુ આજુબાજુના ગ્રામીણ વિસ્તારના લોકો તેનો લાભ લઇ શકતા ન હતા. પ્રથમ કારણમાં જે સગવડો ઉપલબ્ધ હતી તેનાથી તેઓ અજાણ હતા. બીજું તેના ભૌગોલિક સ્થાનને કારણે બંધવડ પહોંચવું અઘરું હતું. વાહન-વ્યવહારની સગવડને લીધે તાલુકા મથકના કેન્દ્રનો લાભ લેવો પ્રમાણમાં સહેલો હતો. બંધવડની પસંદગી ભૌગોલિક રીતે ખામીયુકત જણાઇ.

(૩) ગોતરકાનું કેન્દ્ર ભાગ્યે જ ખુલતું અને કોઇક કોઇક દિવસ ખુલ્યું હોય ત્યારે સ્ટાફ ગેરહાજર જણાતો. આ તબક્કે 'અવાજે' આ સ્થિતિ સ્વીકારી લેવાને બદલે પ્રશ્નને આગળ લઇ જવાનું નક્કી કર્યું. ઉપલી કક્ષાએ ફરિયાદ પછીનું પગલું હતું. ફરિયાદના પુરાવા માટે નારી સમિતિના કાર્યકરોએ બે કેસ તારીખ અને સમય સાથે નોંધી લીધા. લેખિત ફરિયાદ સાથે 'અવાજ'ના કાર્યકરો રેફરલ હોસ્પીટલના મેડીકલ ઓફીસર પાસે પહોંચી ગયા જેની નીચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કામ કરે છે. નિયમિત રીતે કેન્દ્રો કામ કરતા થાય તેનો આગ્રહ રખાયો. નારી સમિતિની સક્રિયતાને કારણે ગોતરકાનું કેન્દ્ર કામ કરતું કરાવી શકાયું.

નાનાપરા મેડીકલ ઓફિસર સામે હંમેશા દારુ પીધેલી હાલતમાં હોવાની ગંભીર ફરિયાદો હતી. ઓફિસરની પહોંચ અને રાજકીય વગને કારણે સારા મેડીકલ ઓફિસરનુ સર્ટીફિકેટ મેળવી તે છટકી શકતા. અહીં 'અવાજે' નારી સમિતિઓની સંખ્યામાં વધારો કર્યો, જેણે જીલ્લા આરોગ્ય અધિકારી સામે વિવિધ માંગણીઓ મૂકવાનું ચાલુ કર્યુ. ૨૦૦૧માં ગ્રામ પંચાયતના પુરુષ અધિકારીઓ ઝુંબેશમાં જોડાયા. પ્રથમ આરોગ્ય કેન્દ્રને ચાલુ કરવા સાથે પેટા કેન્દ્રનું સ્થાન અને નિષ્ક્રિયતાના સવાલો જોડ્યા. બહેનોની સતત ફરિયાદ અને દબાણને કારણે જીલ્લા આરોગ્ય અધિકારીને દરમ્યાનગીરી કરવાની ફરજ પડી. તેમણે મેડીકલ ઓફિસરને હટાવવાની વાત કરી 'અવાજ' દ્વારા તેનો વિરોધ કરાયો. મેડીકલ ઓફિસર સવારથી દારૂ ન પીએ અને સેવા આપે તેવી માગણી

મુકાઇ. મેડીકલ ઓફીસરે તેમ કરવું સ્વીકાર્યું અને તેમનાં પત્ની અને બાળકો પણ પછી તેમની સાથે રહેવા નાનાપુરા પહોંચી ગયા. કેન્દ્ર સક્રિય થયું. પરિણામે સ્ત્રીઓનો આત્મવિશ્વાસ વધ્યો.

(૪) જાગૃતિકરણની શિબિરના ભાગરૂપે નારી સમિતિની બહેનો માટે પાટણ અને મહેસાણાની હોસ્પિટલોની ટૂરનું આયોજન કરાયું હતું. ૨૦ થી ૩૫ જેટલી સ્ત્રીઓએ ટૂરનો લાભ લીધો હતો. ગામમાં નર્સ/દાયણની હાજરી ફરજિયાત છે તેની જાણ સ્ત્રીઓને ટૂરને કારણે થઇ. પરંતુ તેમના ગામોની હકીકત કંઇક જુદી હતી. પેટા કેન્દ્રો બંધ હતા. ૨૦૦૨માં પેટા કેન્દ્રો શરુ કરાવવા જીલ્લા આરોગ્ય અધિકારીને પત્ર લખ્યો. એક વર્ષ સુધી પત્રનો પ્રતિભાવ ન મળતા ૨૦૦૩માં પેટા-કેન્દ્રોનો સર્વે કરવામાં આવ્યો. સર્વેમાંથી નીચેની હકીકતો બહાર આવી:

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોની કેટલીક જગ્યાઓ ભરવાની બાકી હતી.
- ૨૬માંથી ફકત ચાર નર્સ જ ફાળવેલા ગામમાં રહેતી હતી.
- કેટલીક નર્સ અઠવાડીએ એક વખત તો કેટલીક એક કરતાં વધુ વાર ગામની મુલાકાતે જતી.
- એક પણ નર્સ ગામનો રાઉન્ડ મારી ગામમાં ફરતી નહી.
- કોઈકે ભાગ્યે જ ગામ અને પેટા કેન્દ્રની મુલાકાત લીધેલી.

બ્લોક મેડીકલ ઓફીસર્સ, ગામના આગેવાનો, વિધાનસભ્યો અને પેટા-કેન્દ્રોના સ્ટાફની એક મીટિંગ સમિતિએ બોલાવી જેમાં પ્રાપ્ત મહિતીને રજૂ કરવામાં આવી. ડોક્ટરો અને આરોગ્ય કાર્યકરો ગામમાં જ રહે તેનો આગ્રહ સેવાયો. ૨૦૦૩માં પેટા-કેન્દ્રોની કામગીરીની ચર્ચા કરવા તમામ ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોના સભ્યોની એક મીટિંગ બોલાવાઇ. મીટિંગમાં જીલ્લા આરોગ્ય અધિકારીએ મહિને એક વાર ડોક્ટરની મુલાકાતની ખાતરી આપી. સમિતિએ નિર્ણય આવકાર્યો. જો કે, મહિને એક જ મુલાકાતની વાતનો સંતોષ

ન હતો. ૨૦૦૪માં બોલાવાયેલી મીટિંગમાં જણાયું કે પેટા કેન્દ્રો ઠીક ઠીક પ્રમાણમાં નિયમિત કામ કરતા થયા હતા. પરંતુ નર્સ હજુ ગામ બહાર જ રહેતી હતી.

'અવાજ'ને જણાવા મળ્યું કે નર્સને પોતાને પણ ગામમાં ન રહેવા માટે કેટલીક મુશ્કેલીઓ હતી. આને માટે સંસ્થાએ ગામની બહેનો, નર્સ અને જીલ્લા આરોગ્ય ખાતાના ઓફિસરો વચ્ચે એક સંવાદનું આયોજન કર્યું. ૨૦૦૬ની સાલમાં ગામની બહેનો, નર્સો અને જીલ્લા આરોગ્ય ખાતાના ઓફિસરો ઉપરાંત રાજયના હેલ્થ કમિશ્નર અને ડાયરેક્ટર ઓફ હેલ્થને સમાવતા એક વર્કશોપનું આયોજન કર્યું. પરિણામે ૧૨ નર્સોએ ગામમાં રહેવાનું વચન આપ્યું. પાંચ નર્સોએ પોતાના કવાટર્સ રીપેર થઇ જાય પછી આવવા જણાવ્યું. પાંચ રહેવા લાગ્યા. એક નર્સ ગેરહાજર હતી. અને એક નર્સે અંગત કારણોસર ગામમાં રહેવાની ના પાડી. ૨૦૦૫ના અંતમાં ૮૦% પેટા કેન્દ્રો નિયમિત ચાલતા થયા. ૨૬માંથી ૨૦ અર્થાત ૮૦% નર્સો/ફીમેલ હેલ્થ વર્કર્સ ગામમાં રહેવા ગઇ.

આરોગ્યના પ્રશ્ને 'અવાજે' એક ચળવળ જેવી ઝુંબેશ ચલાવી. 'અવાજ'ની વિધાયક દરમ્યાનગીરી અને ઉદ્દીપકની ભૂમિકાને કારણે પેટા કેન્દ્રો ચાલુ કરાવી શકાયા. જવાબદાર અધિકારીઓનું ઉત્તરદાયિત્વ જગાવી શકાયુ.

'અવાજે' ગ્રામીણ સ્ત્રીઓના આરોગ્યના પ્રશ્નનો ઉકેલ સ્ત્રીઓના સશક્તિકરણમાં જોયો. સંસ્થા પોતે લીડર કે એજન્ટ બની રજૂઆત કરવાને બદલે સ્ત્રીઓને જ પોતાના પ્રશ્નો અને હકો વિશે સભાન કરી સમર્થ બનાવી. લોકોના આરોગ્યના હક પર વિશિષ્ટ ભાર અપાયો. પરિણામે જરૂરતમંદ સ્ત્રીઓ-લોકોએ ઝુંબેશ ઉપાડી લીધી.

**'અવાજ' નીચે પ્રમાણે વિધાયક પરિણામ નોંધે છે.**

૧) ફિમેલ હેલ્થ વર્કર્સ ગામમાં રહેતી થઇ.

૨) પેટા કેન્દ્રો સંપૂર્ણપણે કાર્યરત થયા.
૩) ત્રણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત થયા.
૪) સ્ત્રી-રોગ નિષ્ણાત ડોકટરની નિમણૂંક થઇ.
૫) ગર્ભવતી સ્ત્રીઓ અને નાના બાળકોને દાક્તરી સહાય મળતી થઇ.
૬) સમુદાયની સ્ત્રીઓના સ્વ-સહાયક જૂથોની રચના થઇ.

સમગ્ર આરોગ્યના પ્રોજેકટ સાથે 'અવાજે' સ્ત્રીઓને ઘરેલુ હિંસા સામે જાગૃત કરી. ઘરેલુ હિંસાના કેસ વખતે પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવાની જાણકારી આપી. પરિણામે ઘણી સ્ત્રીઓ સંસ્થાના સંસાધનોનો ઉપયોગ કરતી જણાઇ છે.

**રાપર :**

ધરતીકંપ પછી ૨૦૦૪માં 'અવાજે' કચ્છના રાપર બ્લોકમાં સ્ત્રીઓની જાગૃતિનું કામ હાથ પર ધર્યુ હતુ. 'અવાજે' સૌ પ્રથમ જરૂરી પોલીસ અને ડોક્ટરી સહાય ક્યાં અને કેવી રીતે મળે તે વિશે જાગૃતિ આણવાનું કર્યું. 'અવાજ'ની સ્ટ્રેટેજી નીચે પ્રમાણે હતી.


૧) સ્ત્રીઓને તેમના સ્વતંત્ર વ્યક્તિત્વ, તેમજ તેમના અસ્તિત્વ અને સામાજિક ન્યાયની જરૂરિયાત અંગે જાગૃત કરવા.
૨) આરોગ્ય સેવા જાળવણીની ઉપલબ્ધતા એ માનવ અધિકાર છે :

- પ્રજોત્પાદન અને બાળ આરોગ્ય સ્ત્રીઓનો વિશેષ હક છે.
- આરોગ્ય સેવા પૂરી પાડનારે સ્ત્રીઓની આ જરૂરિયાતને યોગ્ય પ્રતિભાવ આપવો જોઇએ.
- સ્ત્રીઓની માંગણીને પંચાયતના ટેકા મળે તે માટે પ્રયત્ન કરવો.

૨૦૦૪થી ૨૦૦૬ દરમ્યાન જુદા જુદા સોળ ગામોમાં 'અવાજે' જાગૃતિકરણ શિબિરોનું આયોજન કર્યુ હતું. શિબિરોમાં અન્ય સામાજિક સવાલો સાથે આરોગ્યના ત્રણ સવાલોને સાંકળી લેવામાં આવ્યા હતા.

૧) સ્ત્રી વિરુધ્ધ હિંસા અને તેમના આરોગ્ય પર તેની અસર
૨) અંધશ્રધ્ધા અને તેની આરોગ્ય પર અસર
૩) પોતાના શરીર અને આરોગ્યની જાણકારી

બીજા વિસ્તારની માફક રાપરની મોટા ભાગની સ્ત્રીઓ નિર્ધનતા, અછતનો શિકાર હતી. ઉપરાંત ગૌણ દરજ્જાને કારણે સ્ત્રીઓનું આરોગ્ય સ્વભાવિક રીતે નબળુ રહેવાનું. લોહીની ઉણપ, સગર્ભાવસ્થા અને પ્રસૂતિને લગતી બીમારીથી અહીની હેલ્થ કેરની ઉપલબ્ધતા માનવ અધિકાર છે એ સૂત્ર સાથે 'અવાજે' કામ શરુ કર્યું. સામાન્ય રીતે સ્ત્રીઓ પોતાના શરીર અને આરોગ્ય તરફ બેદરકાર હોય છે. સ્ત્રી જાગૃતિકરણની શિબિરો અને વ્યક્તિગત મુલાકાત દ્વારા સ્ત્રીઓને પોતાના આરોગ્ય માટે સજાગ કર્યા. 'અવાજે' નજીકના આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઇ જાતની આરોગ્યની કાળજી રાખતા શીખવ્યું. અહીં પણ 'અવાજે' શિબિરો દ્વારા સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ, કર્મચારીઓ અને તેમની ફરજો વિશે વિગતે જાણકારી આપી.



**રાપરમા 'અવાજે' તત્કાલ ધ્યાન માંગતા સઘન આરોગ્ય કાર્યક્રમો શરુ કર્યા.**

૧) ફિલ્ડ વિઝિટ દરમ્યાન લગભગ ૪૨૦ સ્ત્રીઓને વિટામીન-એની સારવાર આપવામાં આવી.

૨) નેત્ર નિદાન શિબિર

રાપરના સાત ગામોમાં સ્ત્રી બાળકોની આંખ તપાસ કરવામાં આવી. જરૂરિયાત મુજબ યોગ્ય સારવાર કરાવવાની / કરવાની સલાહ અપાઇ.

૩) જુલાઇ, ૨૦૦૪ થી મે, ૨૦૦૭ના ત્રણ વર્ષના ગાળા દરમ્યાન લગભગ ૭૦ જેટલા ગામોમાં હેલ્થ કાઉન્સેલીંગનું કામ હાથ ધર્યું.

૪) રાજ્યના આરોગ્ય માળખા અંગેની જાણકારી, સરકાર દ્વારા લોકોને ઉપલબ્ધ કરાતી આરોગ્ય સુવિધાઓ, આ સેવાઓ પ્રાપ્ત કરવાનો તેમનો હક, મેડિકલ ઓફિસર, ફિમેલ હેલ્થ વર્કર જેવા અધિકારીઓની ફરજોની સમજ સાથે ચર્ચા કરવામાં આવી.

૫) પંચાયતી રાજ સંસ્થાના સભ્યો અને અન્ય લીડર્સે હેલ્થ ટ્રેનિંગનો લાભ લીધો જેમાં ૧૭ જેટલા પંચાયતના સભ્યો હતા.

આરોગ્યના કાર્યમાં જાણકારી વધે, વિશ્વાસ વધે, કાર્યમા ધગશ વધે, વગેરે હેતુઓને ધ્યાનમાં રાખી 'અવાજે' સ્ત્રીના આરોગ્યને ફકત તેના વ્યકિતગત આરોગ્યના પ્રશ્ન તરીકે જોયા નહીં. સ્ત્રીઓનું આરોગ્ય, દરજ્જો, સ્ત્રી તરફની ચોક્કસ વર્તણૂંક-વલણ વગેરેને કેળવવા માટે બાહ્ય સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક પરિબળો જવાબદાર ગણાયા. સ્ત્રીઓના સરેરાશ આરોગ્યને તપાસવાના માપદંડો વિકસાવવામાં આવ્યા છે.

સ્ત્રીના આરોગ્યના પ્રશ્ન સાથે સ્ત્રીઓનો ગૌણ દરજ્જો, સ્થાન અને આચરાતી આડકતરી મૂંગી હિંસાની અનુભૂતિ કરાવવા 'અવાજે' વર્કશોપનું આયોજન કર્યું હતું.

૬) રાપરની નારી સમિતિના અને પંચાયતના સભ્યોને રાધનપુરાની સ્ત્રી લીડરો વચ્ચે આદાનપ્રદાન થાય એ માટે બે વચ્ચે મુલાકાતનું આયોજન ૨૯.૦૩.૨૦૦૭માં કર્યું હતું.

## કોલસા કામદારોનું યુનિયન

શરુઆતથી જ 'અવાજે' સ્ત્રી જાગૃતિનું કામ ફકત મધ્યમવર્ગના પ્રદર્શનો અને સંચાર માધ્યમો પૂરતુ મર્યાદિત રાખ્યું ન હતું. 'અવાજ'નું ધ્યેય માત્ર વ્યક્તિગત સ્ત્રીઓના પ્રશ્નો હાથ ધરવાનું પણ ન હતું. સંસ્થાએ શરુથી જ સ્ત્રી સંગઠન રચવા માટેનો અભિગમ રાખ્યો હતો. આ એવું સંગઠન કે જેમાં સામાન્ય ગરીબ સ્ત્રીઓ મુખ્ય હોય તે ખ્યાલથી ૧૯૮૩માં 'અવાજે' કોલસા ભરનાર કામદારો વચ્ચે કામ શરુ કર્યું. કામદારોને સંગઠિત કરી તેમનું યુનિયન બનાવવામાં આવે જેથી તેઓ યોગ્ય વેતન અને કામના સ્થળ પર પાયાની સવલતોની માંગણી કરવા સમર્થ બને. બીજું શિક્ષણ, આરોગ્ય અને પોષણના સવાલો લઇ એમની વચ્ચે કામ કરવું જેથી એમનું જીવનધોરણ સુધરી શકે. ત્રીજું, જયાંથી આ કામદારો આવ્યા છે ત્યાં તેમના વતનમાં તેમનો પુનર્વસવાટ માટે પ્રયત્ન કરવો.

અસારવા ખાતેના ટ્રાન્સ-શીપમેન્ટ પોઇન્ટ સ્થળે ૧૯૮૪માં 'અવાજે' આ કામદારોનું પ્રથમ યુનિયન બનાવ્યું અને બીજું, ૧૯૮૫માં સાબરમતી ખાતે. સંસ્થાનો સામાજિક સલામતીનો ખ્યાલ હતો કે આમ કરવાથી રાજ્યમાં આવેલ અન્ય ટ્રાન્સ-શીપમેન્ટ પોઇન્ટસના કામદારોને લાભ મળશે જેની અસર દેશભરમાં પડશે.

'અવાજે' બે કક્ષાએ કામ કરવાનું શરુ કર્યું. એક કોલસા કામદારો સાથે કામના સ્થળે કાર્યક્ષેત્ર પર. બીજું, પબ્લીક ઇન્ટ્રેસ્ટ લિટીગેશન દાખલ કરી નીતિ વિષયક દરમ્યાનગીરી દ્વારા. ૧૯૮૪માં ગુજરાત હાઇ કોર્ટમાં 'અવાજે' પહેલી પબ્લીક ઇન્ટ્રેસ્ટ લિટીગેશન દાખલ કરી. 'ગુજરાત અસંગઠિત, અસુરક્ષિત કામદાર' (વેલફેર એન્ડ રજીસ્ટ્રેશન) ધારા હેઠળ કોર્ટે સરકારને કામદારો માટે યોજના ઘડવાનો હુકમ કર્યો. સરકારે ૧૯૮૮ જૂનમાં યોજના ઘડી અને તેને પ્રસિધ્ધ કરી. કોર્ટે સરકારને તે અંગે બોર્ડ રચી તેનું સંચાલન કરવા જણાવ્યું. 'અવાજ'ની આ પ્રથમ સફળતા હતી. આખરે સરકારે ૧૯૯૦ના સપ્ટેમ્બરમાં બોર્ડની રચના કરી.

ટ્રાન્સ-શીપમેન્ટ ખાતે માત્ર કોલસાની જ હેરાફેરી થતી નહોતી પરંતુ વિભિન્ન પેદાશ અને સામાનની ફેર બદલી સાથે થતી હતી. આ કામમાં ઠીકઠીક સંખ્યામાં અસંગઠિત કામદારો જોડાયેલા હતા. ‘અવાજે’ કોન્ટ્રાકટર અને કામદાર વચ્ચે પ્રવર્તતા શોષિત સંબંધો વિશે કામદારોને જાગૃત કરવાનું શરુ કર્યું.

‘અવાજ’ના આ કામના કેટલાંક વિધાયક પરિણામ આવ્યા. કોલસા કામદારના છ જણના બનેલા જૂથનું વેતન જૂથ દીઠ રૂા.૯૦/- હતું જે ધીરે ધીરે સુધરીને જૂથ દીઠ રૂા.૩૩૦/- થયું. એ જ પ્રમાણે એક વેતન ભરવાનો દર રૂા.૧૦/- હતો જે વધીને રૂા.૧૦૦/-થયો. ટ્રક ભરવાના ટન દીઠ રૂા.૧.૪૦ નો દર વધીને ટન દીઠ રૂા.૧૦/- થયો. ૧૯૮૮માં રેલ્વેએ યુનિયનને માન્યતા આપી. આ સાથે ટોયલેટ, બેસવા માટે શેડ, નાના બાળકો માટે ઘોડીયા ઘર જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ બની. અને કામના સ્થળ પરની અન્ય શોષણયુક્ત આચરાતી પ્રવૃત્તિઓનો અંત આવ્યો.



૪૫૨ સ્ત્રીઓ અને ૨૬૩ પુરુષો કોલસા કામદાર યુનિયનમાં સક્રિય હતા. યુનિયનના બેન્ક એકાઉન્ટમાં રૂા.૨૩,૭૩૫.૦૦ જમા હતા. યુનિયનની છાપ સારી હતી. અર્બન લેન્ડ સીલીંગ હેઠળ ૧૧૩ સ્ત્રીઓને જમીન અપાવવામાં તેને સફળતા મળી હતી. દરેકને અમદાવાદ શહેરની ફરતે ૨૫ ચોરસ મિટર જમીન મળી હતી. તેમની આ મહત્વની સફળતા હતી જે તેમની સામૂહિક તાકાત અને વાટાઘાટની કુશળતાની સાબિતી હતી. જમીન સ્ત્રીઓના નામ પર મળી હતી. ઉપરાંત સ્લમ કલીયરન્સ બોર્ડ આર્થિક નબળા વર્ગની વસાહતમા ૩૦ કામદારોને એક રુમનું મકાન આપ્યું હતું.

અન્ય ૧૧૧ સ્ત્રી કામદારોને પંચમહાલ જીલ્લામાં પોતાના વતનના ઘરમાં સસ્તા જાજરુ સરકાર દ્વારા બાંધી આપવામાં આવ્યા હતા. કામના સ્થળે એક સ્ત્રી કામદારના આકસ્મિક મૃત્યુ વખતે યુનિયને મરનાર સ્ત્રીના કુટુંબને રૂા. ૧.૭૫ લાખ નુકશાનીના અપાવ્યા હતા. ટૂંકમાં યુનિયન સક્રિય હતું. ‘અવાજ’ની દરમ્યાનગીરી અને દબાણના કારણે સરકારે કામદારોની સામાજિક સુરક્ષા અર્થે સમિતિ નીમી હતી. પરિણામે કોન્ટ્રાકટર લોબી સામે પોતાના હક અને લાભ મેળવવામાં યુનિયન સફળ રહ્યું.

જો કે, કોલસા કામદાર યુનિયનની કામગીરીને વચ્ચેથી સમેટી લેવી પડી. ભારત સરકારના રેલ્વે બોર્ડ દ્વારા મીટર-ગેજ રેલ્વે લાઇનમાંથી બ્રોડ-ગેજ લાઇનમાં રૂપાંતર કરવાનો નિર્ણય લેવાયો અને તેની કામગીરી શરુ થઇ. પરિણામે સાબરમતીના રેલ્વે યાર્ડના સ્થળે કોલસાની ટ્રાન્સ-શીપમેન્ટ પ્રવૃત્તિ બંધ કરાઇ. કોન્ટ્રાકટરે કામદારોને પંદર દિવસનું વતેન આપી છૂટા કર્યા. કામદારોને મોટો ફટકો પડયો. કામદારો આજીવિકાના રસ્તા અને કામની શોધમાં અન્ય સ્થળે ખસવા લાગ્યા. આની સીધી અસર યુનિયનની પ્રવૃત્તિ પર પડી. કામદારો ઉદ્દેશહીન બની ગયા અને યુનિયન ધીમે ધીમે બંધ પડવા લાગ્યું. સંસ્થા સમક્ષ ગંભીર સવાલ આવીને ઊભો રહ્યો.

કોલસા કામદારોની આજીવિકા એકાએક નીતી વિષયક નિર્ણયના એક જ ઝટકે ઝૂંટવાઇ ગઇ. કોલસા કામદારો સાથે 'અવાજ'નું કામ અનિશ્ચિત સ્થિતિમાં મુકાઇ ગયું. વૈકલ્પિક આજીવિકા માટેના પ્રયત્નો માટે સાધનો ટાંચા પડ્યા. જો કે 'અવાજ'ને લાગતું હતું કે કામદારોમાં પૂરતી જાગૃતિ આવી હતી. તેઓ જ્યાં હશે ત્યાં પોતાના હક-લાભ માટે યોગ્ય રજૂઆત કરવાને સક્ષમ બન્યા હતા.

કોલસા કામદારોની  સમાંતરે 'અવાજે' સફાઇ કામદારોમાં કામ શરુ કર્યું. સામાજિક દૃષ્ટિએ આ સમુદાય સામાજિક માળખાની સૌથી નીચેના સ્તરે છે. સમુદાયના પ્રશ્નો અને મુશ્કેલીઓ જાણવા 'અવાજે' સૌ પ્રથમ એમનો અને એમના વિસ્તારનું સર્વેક્ષણ હાથ ધર્યું. 'અવાજ'ને લાગ્યું કે બિન-ઔપચારિક શિક્ષણ અને જાગૃતિકરણ શિબિર સમુદાયની સ્ત્રીઓને સંગઠિત કરવા માટે અસરકારક સાધનો છે. આ માટે ૧૪ ઝૂંપડપટ્ટીના વિસ્તારો પસંદ કરવામાં આવ્યા. દરેક ઝૂંપડપટ્ટી દીઠ નારી સમિતિઓની રચના કરાઇ. 'અવાજ'નો ખ્યાલ હતો કે આગળ જતાં આ સમિતિઓ દબાણ જૂથો તરીકે કામ કરવાને સમર્થ બને અને પોતાના માટે પ્રાથમિક સુવિધાની માંગણી કરી શકે.

આ સમિતિઓ બચતની પ્રવૃત્તિમાં સક્રિય રહી જેનું પરિણામ 'અવાજ' નારી બચત અને ધિરાણ સહકારી મંડળી છે. સહકારી મંડળી રજીસ્ટર્ડ એકમ છે અને કાયદેસર અલગ અસ્તિત્વ ધરાવે છે.

સ્ત્રી સફાઇ કામદાર જૂથો પૂરતા પ્રમાણમાં સમર્થ બન્યા છે. પરિણામે તેઓ પોતાને માટે સામાજિક ન્યાય માંગતા થયા છે. સામાન્ય રીતે આ સ્ત્રીઓ પોતાના જ્ઞાતિ જૂથોના રીત-રિવાજ પ્રમાણે ચાલતી હોય છે. લગ્ન જેવી સામાજિક બાબતોમાં જ્ઞાતિ પંચાયતના નિર્ણય અને ચુકાદા સ્વીકારે છે. જ્ઞાતિ પંચાયતોનાં વલણ સ્ત્રીઓને સાંભળવાનું હોતું નથી. એમના નિર્ણયો સ્ત્રીઓના ગૌણ દરજ્જાને કેન્દ્રમાં રાખી થતાં હોય છે. 'અવાજે' આ સ્ત્રીઓને જાગૃત કરી. જ્ઞાતિ પંચાયત જેવા એકમો જે સ્ત્રીઓનું સાંભળતા ન હોય તેમણે કરેલા નિર્ણય

સ્વીકારી શકાય નહીં. વળી સ્ત્રીઓએ પતિનો માર ખાવાની જરૂર નથી. આ સ્ત્રીઓ કુટુંબમાં થતી હિંસાનો વિરોધ કરતી થઇ. પતિનો માર ખાવાની ના પાડતી થઇ. કેટલાક વિસ્તારોમાં તેઓએ દબાણ જૂથો બનાવ્યા. જ્યાં અને જ્યારે જુવાન સ્ત્રીઓને ઘરેલું હિંસા સામે વિરોધ માટે ટેકાની જરૂર પડે ત્યારે આ જૂથ એકબીજાની વહારે આવતા થયા. આ સ્ત્રીઓના જૂથો આરોગ્ય સેવાઓ મેળવતી થઇ અને નાની મોટી આરોગ્યપ્રદ સેવાઓ આપતી થઇ. આ સર્વેને કારણે તેઓ અંધશ્રધ્ધા છોડતી થઇ.

‘અવાજ’ નારી બચત અને ધિરાણ સહકારી મંડળી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. કાળુપુર અને બાપુનગરની બહેનો ‘અવાજ’ના કાર્યક્રમો સાથે જરૂરિયાત પ્રમાણે સંકળાયેલી રહી છે.



# તારણ

અમદાવાદ વિમેન્સ એકશન ગ્રુપ - 'અવાજ', છેલ્લા તેત્રીસ વર્ષથી સ્ત્રીઓના સવાલો પ્રત્યે ગુજરાતમાં સક્રિય છે. સ્ત્રીઓના સવાલોમાં સ્ત્રી વિરુધ્ધ આચરાતી હિંસા કેન્દ્રમાં છે. 'અવાજે' સ્ત્રી વિરુધ્ધ હિંસાને વ્યાપક સ્વરૂપમાં જોવાનો પ્રયત્ન કર્યો છે. અર્થાત પ્રત્યક્ષ કે પરોક્ષ, શારીરિક તેમજ માનસિક હિંસાને સંસ્થાએ પોતાની પ્રવૃત્તિમાં આવરી લીધી છે. પરિણામે ભ્રૂણહત્યા દ્વારા થતી સ્ત્રીની બેવડી હિંસા કે સાટા લગ્ન દ્વારા જીવનભર શોષાતી સ્ત્રી કે કોમી રમખાણોમાં હિંસાના વિકૃત સ્વરૂપનો શિકાર બનતી સ્ત્રીઓ સંસ્થાની સ્ત્રી વિરૂધ્ધ હિંસાની વ્યાખ્યામાં આવી છે. પ્રવૃત્તિમાં તે કેન્દ્ર સ્થાને છે.

'અવાજ' ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકાની કુટુંબ બચાવોની વિચારસરણી સાથે સહમત નથી. પરિણામે સ્ત્રી બચાવોના સૂત્ર સાથે 'અવાજે' ઘરેલુ હિંસા સામે સંઘર્ષ શરુ કર્યો. સ્ત્રીના પક્ષે રહી સ્ત્રી થકી સમાજ સામે 'અવાજ' ઉઠાવવો, સ્ત્રી વિશેની સમાજમાં પ્રવર્તતી વ્યાપક માન્યતાઓ તેમજ સ્ત્રીની જે સામાજિક છબી ઉપસાવવામાં આવી છે તેમાં પરિવર્તન આણવું 'અવાજ'ને જરૂરી લાગ્યું. અહીં સંસ્થાએ તેના હેતુમાં સ્ત્રીની ચીલાચાલુ છાપને ભૂંસી સ્ત્રીના વિધાયક અને મજબૂત પાસાંઓને ઉભારવાનું કામ આવરી લીધું, સાથે સ્ત્રી સમાનતા સ્ત્રીઓની વિકાસમાં ભાગીદારી, સ્ત્રી ગૌરવ, સ્ત્રીઓને જીવવાનો અધિકાર જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.

સ્ત્રી વિરુધ્ધ હિંસાના સવાલોને 'અવાજ' સ્ત્રી દૃષ્ટિકોણથી તપાસે છે. સંસ્થાનો સ્ત્રી દૃષ્ટિકોણ સરકાર સાથે નીતિ વિષયક દબાણ લાવવામાં મહત્વનો સાબિત થયો છે. ગુજરાતના તેમજ ગુજરાત બહારના બીજા સ્ત્રી અને અન્ય સંગઠનો સાથે સ્ત્રી સવાલોના મુદ્દે વિચારો અને માહિતીના આદાન-પ્રદાનમાં સંસ્થા સક્રિય છે. બળાત્કાર કે દારુબંધીના પ્રશ્નોમાં 'અવાજ' આગેવાની લઇ

પ્રતિકાર, ધરણા, પ્રીન્ટ તેમજ ઇલેકટ્રોનીક માધ્યમો દ્વારા આ સામાજિક દૂષણોનો વિરોધ કરે છે. તે સાથે દૂષણો સામે સંસ્થા લોકમત કેળવવાનું કામ કરે છે.

'અવાજે' કાર્ય કરવાના પાયાના પગલાં નકકી કર્યા છે. જાગૃતિકરણ, સંગઠન, સંઘર્ષ, હિમાયત અને નેટવર્કીંગ દ્વારા 'અવાજ'ની પ્રવૃત્તિઓ આકાર પામતી દેખાય છે. 'અવાજ'ને સૌ પ્રથમ જરૂરિયાત જાગૃતિકરણની લાગે છે. પરંતુ ફક્ત જાગૃતિ લાવવાથી સ્ત્રીઓના સવાલો ઉકલે નહીં. પ્રમાણમાં સામાજિક રીતે અઘરા અને અટપટા સ્ત્રીઓના સવાલો સંઘર્ષ વગર વણઉકલ્યા જ રહે. સંઘર્ષ માટે સામૂહિક તાકાત જરૂરી હોઇ સંસ્થાનું બીજું પગલું જાગૃત થયેલી સ્ત્રીઓનું સંગઠન રચી પોતાના સવાલોને વાચા આપવાનું છે. સ્ત્રીઓના સંઘર્ષને તાકાત પૂરી પાડવા 'અવાજ'નું ચોથું પગલું હિમાયતનું છે. સ્ત્રીઓના સવાલો પ્રત્યે અન્ય સંસ્થાઓ તેમજ સરકારી કે બિનસરકારી એજન્સીઓને જાગૃત કરવા અને તેઓનો સહકાર મેળવવા અને તેમના આ જ કામ માટે સહકાર પૂરો પાડવાના કામને 'અવાજ' મહત્વનું ગણે છે. પરિણામે સંસ્થાએ સરકારના સંદર્ભિત વિભાગો, પોલીસ દળ, પંચાયતો, અન્ય સામાજિક સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે અને કયારેક ધર્મગુરુઓની દરમ્યાનગીરી દ્વારા સ્ત્રી સવાલોનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે. સંસ્થા કટિબધ્ધ હોવાને કારણે જરૂરિયાત પ્રમાણે કાયદાના અમલનો કે કાયદામાં જરૂરી ફેરફારનો આગ્રહ રાખે છે.

કુટુંબમાં થતી સ્ત્રી વિરૂધ્ધ હિંસાને કુટુંબની અંગત બાબત ગણવાની વિભવનાને 'અવાજે' પડકારી છે. સંસ્થા ફકત વિરોધ નોંધાવી બેસી નથી રહેતી. સ્ત્રીઓના અપમૃત્યુને સમજવા તેણે સંશોધન અભ્યાસ હાથ ધર્યા છે. સંશોધન અભ્યાસના તારણ કાઢી એકબાજુ સંઘર્ષ માટે રણનીતિ ઘડે છે અને બીજી બાજુ પ્રશ્નના તાર્કિક અંત સુધી જઇ શકય એટલા પ્રશ્નના નિરાકરણનો પ્રયત્ન કરે છે. 'અવાજ'ની તાર્કિક અંત સુધી પહોંચવાની મક્કમતાને કારણે સંસ્થાએ પોલીસ

સાથેની કાર્યવાહીને ધારદાર બનાવી છે. 'અવાજ'ને લાગેલું કે પોલીસનું વલણ સ્ત્રી તરફી અને તટસ્થ હોતું નથી. તેનું મુખ્ય કારણ સ્ત્રી કે પુરુષ પોલીસ કર્મચારી પુરષપ્રધાન સમાજના ભાગ છે. સમાજના સ્ત્રી વિરોધી મૂલ્યો, વલણો અને સંબંધોને તેઓએ આત્મસાત કર્યા છે. તેઓના પિતૃસત્તાક માનસને સ્ત્રી તરફી કરી સ્ત્રી પ્રત્યે સંવેદના જગાવવાનું અઘરું કામ સંસ્થાએ ઉપાડ્યું છે.

પરિણામે પોલીસ ટ્રેઈનીંગની શરુઆત થઇ અને પોલીસ-પોથીનું પ્રકાશન થયું. આજની તારીખ સુધી 'અવાજ' તબક્કાવાર પોલીસ સાથેની મીટિંગ અને પોલીસ વર્કશોપનું આયોજન કરે છે. 'અવાજ'નું માનવું છે કે યોગ્ય પોલીસ કાર્યવાહી સ્ત્રીઓની મૃત્યુ સંખ્યા ઘટાડે છે.

સ્ત્રી વિરુધ્ધ હિંસા સામેના સંઘર્ષમાં 'અવાજ'નો પ્રયત્ન સરાહનીય છે પણ મર્યાદિત છે. સંસ્થાને તેનો અહેસાસ છે. સ્ત્રીઓના સવાલો પેચીદા તેમજ અટપટા છે. સમગ્ર માળખા સાથે વણાયેલા છે. જેમાં સામાજિક, આર્થિક તેમજ રાજકીય માળખાનો સમાવેશ થઇ જાય છે. પુરુષપ્રધાન વ્યવસ્થા પુરુષના વર્ચસ્વ સાથે જડબેસલાક કામ કરે છે. સ્ત્રીઓના વ્યક્તિગત કે નાનકડા સ્ત્રી જૂથો દ્વારા થતાં સંઘર્ષો વ્યાપક પ્રભાવ પાડી શકતા નથી. કયારેક પ્રભાવ પાડતા જણાય તો ક્યાં તો તેને સીફતપૂર્વક દબાવી દેવામાં આવે છે. ઉદાહરણ તરીકે પાટણનો કે સૌરાષ્ટ્રનો બળાત્કાર કેસ. મોટા ભાગના સ્ત્રી-સંઘર્ષો લાંબા ચાલતા નથી. તેનું કારણ એ છે કે સમગ્ર સમાજનો ટેકો અને સહકાર તેમને નથી. પહેલું કારણ પુરુષપ્રધાન વ્યવસ્થાના મૂલ્યોનો પ્રસાર અને પ્રચાર જાણે-અજાણે સ્ત્રીઓ તેમજ પુરુષો બન્ને કરે છે. પરિણામે સ્ત્રીઓના વાંક દેખાવવાની દૃષ્ટિ કેળવાય છે. જેને કારણે કૌટુંબિક ઝઘડામાં માત્ર અને માત્ર જ સ્ત્રીઓનો દોષ જોવાય છે. ઘણેભાગે પુરુષો શંકા અને તપાસના દાયરાની બહાર રહે છે. બીજા કારણમાં સ્ત્રી સ્વતંત્રતા કે સમાનતાની પ્રાપ્તિ પુરુષોને પોતાને માટે ગેરફાયદાકારક લાગે છે. પુરુષોના વર્ચસ્વ સામે તે પડકાર છે. સ્ત્રીઓ થકી પુરષોનું અહમ્ અને

આધિપત્ય જળવાઇ રહે છે. વળી પોતાને મળેલા વર્ચસ્વ અને વિશિષ્ટો હકોમાં ભાગ પડાય તે કોઇને પસંદ નથી. ઉપરાંત પુરુષ વર્ચસ્વવાળી ધર્મ, શિક્ષણ, આરોગ્ય જેવી સામાજિક સંસ્થાઓ સીધી કે આડકતરી રીતે તેને અવરોધે છે.

મુક્ત બજારની વિચારસરણી સ્ત્રીઓને ઉપભોગતાના સાધન તરીકે જુએ છે. સૌંદર્ય સાધનોનું ધીકતુ બજાર સ્ત્રીઓના માનસ પર કબજો જમાવીને બેઠું છે. સ્ત્રીઓને સૌંદર્ય કઠપુતળીની વિચારધારામાં જકડી રાખવાનું કામ કરે છે. પરિણામે સ્ત્રીઓનું શોષણ અને ગૌણ દરજ્જો વધુ સરળ અને સૂક્ષ્મ થયા છે. રાજયનો સીધો કે આડકતરો સહકાર આ સર્વે બાબતોને હોય છે. ઉપરાંત સ્ત્રીઓના સવાલો પ્રત્યે રાજયની ઉદાસીનતા સ્પષ્ટ દેખાય છે. 'અવાજે' સામા પ્રવાહે તરવાનું સ્વીકાર્યું છે. 'અવાજ'નો પ્રયત્ન મર્યાદિત છે પણ અત્યંત જરૂરી છે.

માળખાકીય સવાલો ઘરેલુ હિંસા, બળાત્કાર, દહેજ, સાટા લગ્ન, ભ્રૂણહત્યા તેમજ કોમી રમખાણોમાં પરિણામે છે. ઘટતી જતી સ્ત્રીઓની સંખ્યા ચિંતાજનક છે. ઘટેલી સ્ત્રી સંખ્યા પણ સ્ત્રીઓની વિરૂધ્ધ જાય છે. 'અવાજ' ભૃણહત્યાનો વિરોધ કરે છે. પરંતુ ભ્રૂણહત્યાના કારણના મૂળ સુધી પહોંચી શકાતું નથી. જે સમાજો/સમુદાયોમાં સ્ત્રીઓ બોજ લાગતી હોય ત્યાં ભ્રૂણહત્યા કે બાળકી હત્યાની અન્ય કોઇ રીત જડમૂળથી નાબૂદ થઇ શકે નહીં.

જ્યાં છોકરી જન્મવાં દે છે ત્યાં આગળ જતાં તેના સુખ-સલામતીની ખાતરી વિશે શંકા હોય છે. સ્ત્રીઓના અપમૃત્યુ અને આત્મહત્યા પણ ભ્રૂણહત્યા પાછળનું એક કારણ છે. સ્ત્રીઓની સામાજિક અને આર્થિક સલામતી રાજકીય ઇચ્છા સાથે સંકળાયેલી છે. સીધા કે આડકતરા રાજકીય ટેકાને કારણે સ્ત્રીઓની અસલામતી વકરી રહી છે. અને રાજકીય ઇચ્છા સામે 'અવાજ' કે 'અવાજ' જેવી અન્ય સંસ્થાઓ માટે સંઘર્ષ કરવો અઘરો છે.

'અવાજે' મુસ્લિમ બહેનોમાં કામ ચાલુ રાખ્યું હોવાથી આ બહેનો સાથેનો સંપર્ક જળવાઇ રહ્યો છે. જે અત્યંત જરૂરી છે. ઘરેલુ હિંસાનો ભોગ બનેલી ઘણી મુસ્લિમ બહેનોએ 'અવાજ'નો લાભ લીધો છે. વળી 'અવાજ'ના 'શોર્ટ-સ્ટે-હોમ' અને 'અવાજ-એકતા' જેવા એકમો બાપુનગરમાં છે. અહીં મુસ્લિમ વસતી વધારે છે. પરિણામે 'અવાજ'નું મુસ્લિમ બહેનોમાં કામ સરખામણીએ સરળ બને છે. જો કે, અચાનક કોમી રમખાણો ફાટી નીકળે તો સાથે કામ કરતી હિંદુ-મુસ્લિમ બહેનો કેટલે અંશે કોમી એકતા જાળવી શકે તે અંગે શંકા રહે છે. કોઇ પણ ધર્મના કટ્ટરવાદી પરિબળોને પોતના જ કાર્યવિસ્તારમાં પડકારવાની 'અવાજ'ની ક્ષમતા હજુ ટાંચી જણાય છે. જો કે, એમનો પ્રયત્ન ચાલુ છે.

ગ્રામીણ વિસ્તાર રાધનપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સક્રિય કરવાનું કામ 'અવાજ'ની સફળતા દર્શાવે છે. આરોગ્યના પ્રશ્નો છેક તેના મૂળ સુધી પહોંચી વિસ્તારના લોકોને જાગૃત કરી તેમને પ્રાપ્ત થતી આરોગ્ય સવલતોનો ઉપયોગ કરવાનો આગ્રહ અને લોકોના સહકારને કારણે અહીં વિધાયક પરિણામ આવી શક્યું છે. જેનો પ્રભાવ આસપાસના વિસ્તારમાં પણ જણાય છે. આરોગ્યનો સવાલ નિર્દોષ હતો. સાથે તે સર્વજનના હિતમાં હતો; તેમજ કોઇ પ્રસ્થાપિત મૂલ્યો સાથે ટકરાતો ન હતો. પરિણામે સંઘર્ષ સરળ અને સફળ સાબિત થયો.

અંતે, મૂળમાંથી જે પેચીદા અને જટિલ અને તેમાં પણ મોટે ભાગે સ્ત્રી સવાલો વધુને વધુ જટિલ થતાં જતાં વૈશ્વિક કારભાર અને કાર્યવાહી સાથે વધુને વધુ જટિલ થતાં જાય છે. પિતૃસત્તાક અને મુક્ત બજારની વૈશ્વિક નીતિ બૃહદ્ કક્ષાએ અસર કરી સ્થાનિક સામાજિક સ્તરે સૂક્ષ્મ પાસાંઓને અલગ અલગ રીતે અસર કરે છે. પરિણામે સ્ત્રી-સંઘર્ષો અઘરાં બને છે. ત્રણ સાંધે ત્યાં તેર તૂટે એવી સ્થિતિ પેદા થાય છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના સ્ત્રી-સંઘર્ષો સ્ત્રીઓ સંદર્ભિત નીતિ વિષયક બાબતો પર થોડાઘણા અંશે પ્રભાવ પાડી શકે છે. પરંતુ

નીતિના અમલીકરણ સમાન રીતે અને સમાન સ્તરે ન થતું હોવાને કારણ સંઘર્ષ કરતાં જૂથો/સંસ્થાઓ સામે નવા સવાલો ઊભા કરે છે.

બાકી, રાષ્ટ્રીય આર્થિક નીતિ, રાજકીય નીતિ, શિક્ષણ નીતિ, આરોગ્ય નીતિ, પર્યાવરણ અંગેની નીતિ, વગેરેના નીતિ વિષયક નિર્ણયો વખતે સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા હજુ બંધાઈ નથી.

પછી વિરોધ કરવાને બદલે સ્વૈચ્છિક સંસ્થાઓની નીતિ વિષયક નિર્ણય સમયની દરમ્યાનગીરી વિધાયક સાબિત થઈ શકે છે. ટૂંકમાં, રાષ્ટ્રીય વિકાસના નામે સ્ત્રીઓના અનેક નવા સવાલો ઊભા થયા છે. સંઘર્ષ કરતાં જૂથો સામે નવા અનેકવિધ પડકારો ઊભા છે. ‘અવાજ’ જેવી સંસ્થાઓ સંવેદન સમાજની ઉદાસીનતા વચ્ચે સ્ત્રી સવાલોને જીવંત રાખવાનું કામ કરે છે.






અ વા જ

**અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ**
‘અવાજકુંજ’, ભુદરપુરા, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન : ૦૭૯-૨૬૪૪૨૪૬૬, ૨૬૪૪૧૨૧૪
E-mail : info@awagindia.org     web : www.awagindia.org